શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

જ્ઞાન જ્યોત

જ્ઞાની ભગવંતોના સુંદર હિતકર-વચનોનો
બાલભોગ્ય તાત્વિક સંગ્રહ.

વિવેકના પ્રકાશથી પારખનાર
સાચો સમજુ છે.

: પ્રકાશક :
નેમુભાઈ વાડી જૈન સંઘ
ગોપીપુરા,
સુરત.

વીરનિ. સં.	મૂલ્ય	વિ. સં.
૨૫૦૪	૧-૫૦	૨૦૩૪

પુસ્તકની આશાતના ન થાય તેનું
ખાસ ધ્યાન રાખવું

પુસ્તક પ્રાપ્તિ સ્થાન
દિલીપભાઈ હીરાચંદ ઝવેરી
૮/૧૫૫૬ કાયસ્થ મહોલ્લો,
ગોપીપુરા સુરત

મુદ્રક :
અનંત પ્રિન્ટર્સ
ગાંધી ચોક સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ૐ

પ્રકાશકનું નિવેદન

પરમપૂજ્ય, દેવસૂર-તપાગચ્છ-સમાચારી સંરક્ષક, આગમિકતત્ત્વોના વિશિષ્ટ જ્ઞાતા, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક **આચાર્યદેવશ્રી આનંદ સાગર સૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન શ્રી વર્ધમાન તપોનિષ્ઠ શાસન પ્રભાવક શ્રી સિદ્ધચક્રારાધન–તીર્થોદ્ધારક **સ્વ. આ. ચંદ્ર સાગર સૂરિજી** મહારાજના શિષ્યરત્ન પરમ વિનેય શાંત મૂર્તિ, ઉગ્ર તપસ્વી **પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના** શિષ્યરત્ન **પૂ. પન્યાસજી શ્રી અભયસાગરજી મહારાજે** વિ. સંવત ૨૦૩૩નું ચોમાસું **સુરતમાં નેમુભાઈ શેઠની વાડીના** ઉપાશ્રયે કરવાની સકળસંઘની વિનતિ સ્વીકારી અને આ ચોમાસા દરમિયાન એમણે અભૂતપૂર્વ આરાધના અને ઉત્કૃષ્ટ કોટિના તપ વગેરે ધર્મક્રિયા કરાવી સુરત પર પરમ ઉપકાર કર્યો છે.

એમની હૃદયસ્પર્શી, આત્માના પરિણામો પ્રગટાવનારી પશ્યંતી વ્યાખ્યાન-વાણીમાંથી નિપજેલાં પરમાત્મા-પ્રેરિત વિચાર-મૌક્તિકોની સુગ્રથિત માલા; પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં વિવિધ પ્રકારની આરાધના કરનાર આત્માઓ અને એવી આરાધનાની અનુમોદના કરનાર શાસન પ્રેમીઓના અંતરનું આગવું આભૂષણ બની રહે, તેમ જ નિત્ય જીવનમાં એ વિચારમાળાના મૌક્તિકોનું સતત સ્મરણ અને ચિંતન રહે અને આત્મા વધુને વધુ પરિણામી બની મોક્ષ માટેના વધુને વધુ ઉચ્ચ અધિકારી બની શકે, એ માટે આ પુસ્તિકા પ્રગટ કરવાના વિચારને મૂર્તસ્વરૂપ આપી શકાયું, એ આપણા સૌના માટે ગૌરવ રૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યશ્રીના વિચારોને સુંદર સ્વચ્છ રીતે લખીને સંગ્રહ કરી રાખનાર બાલમુનિ શ્રી પુણ્યશેખર સાગરજી મ. તથા તે સુવિચારોને બ્લેક બોર્ડપર રોજ વિવિધ રીતે આકર્ષક શૈલિમાં રંગીન ચોકથી લખી આપવાની નિઃસ્વાર્થ સેવા આપનાર શ્રી **અશ્વિનકુમાર એસ. દવે,** તથા શ્રી **નીલેશકુમાર જીવણચંદ ઝવેરી, વિનોદકુમાર બાબુલાલ શાહ** ના ઉદાત્ત ધર્મપ્રેમનું હાર્દિક અભિનંદન કરીએ છીએ.

આ પુસ્તિકા માટે **'પૂજ્ય પન્યાસજી અભયસાગરજી મહારાજનું સંક્ષિપ્ત જીવન અને કવન'** પૂજ્યશ્રીના વિવિધ ધાર્મિક અને વૈજ્ઞાનિક વ્યાખ્યાનોથી પ્રભાવિત થયેલી **શ્રી કપિલભાઈ એન. ઠાકોર** ('ગુજરાતમિત્ર'ના ખબરપત્રી)એ વ્યવસ્થિત લખી આપ્યું છે, જે સૌ મુમુક્ષુજનોને પ્રેરણારૂપ બનશે એવી શ્રદ્ધા છે. તે બદલ અમો તેઓના ધર્મપ્રેમનું અભિનંદન કરીએ છીએ.

અંતમાં મુદ્રણ–દોષ કે છદ્મસ્થ–સુલભ મતિમંદતાદિ દોષથી કંઈપણ ક્ષતિ રહેવા પામી હોય તો તેનું મિથ્યા દુષ્કૃત દઈ આ પુસ્તકના વાચન, મનન અને ચિંતન દ્વારા ધર્મપ્રેમી પુણ્યાત્માઓ એમનું જીવન મંગલમય બનાવે એ જ શુભાભિલાષા.

વીરનિ સં. ૨૫૦૪	નિવેદક
વિ. સં. ૨૦૦૪	શ્રી નેમુભાઈ જૈન સંઘ,
કા. વ. ૨ રવિ	ગોપીપુરા
તા. ૨૭–૧૧–૭૭	સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ. પૂ. પન્યાસજી અભયસાગરજી મહારાજશ્રીનું સંક્ષિપ્ત જીવન અને કવન

卐

'વિશ્વના ધર્મો અને તત્ત્વજ્ઞાનમાં ભારતીય ધર્મો અને તત્ત્વજ્ઞાન શ્રેષ્ઠ કોટિના છે' એ પ્રતિપાદિત થયેલા સત્ય સાથે 'ભારતના શાસ્ત્રો ભૌગોલિક અને ખગોલિક–વિજ્ઞાનમાં પણ શ્રેષ્ઠ કોટિની સત્ય માહિતી ધરાવે છે' એવું પ્રતિપાદન કરી વિશ્વમાં ભારતીય વિજ્ઞાન અને સવિશેષપણે જૈન શાસ્ત્રાનુસાર માહિતીઓ શાશ્વત કોટિની છે અને અને એથી જ 'ભારત અવકાશ ક્ષેત્રે તેમજ ભૌગોલિક ક્ષેત્રના વિજ્ઞાનમાં પણ મોખરે છે' એવી પરિસ્થિતિની સર્વાંગી રજુઆત કરી, ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે માત્ર વર્તમાનની અપેક્ષાએ જ કહેવાતી અપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરનારા દેશોના વૈજ્ઞાનિકોને પણ વિચાર કરતા કરી મૂકનાર તેમજ જૈન શાસનના વર્તમાન કાળના રત્નદીપ સમાન, **પરમ પૂજ્ય ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજીના શિષ્ય પૂ. પન્યાસજી અભયસાગરજી મહારાજનો** જન્મ **મહેસાણા** જિલ્લાના **ઉંઝા** તાલુકાના **ઉનાવા** (મીરાદાતાર) ગામે ધર્મનિષ્ઠ સુશ્રાવક **શેઠશ્રી મૂળચંદ નહાલચંદને** ત્યા **અ. સૌ. શ્રી મણીબેનની કુક્ષીએ** આજથી ત્રેપન વર્ષ પૂર્વે થયો હતો. **શેઠશ્રી મૂળચંદ નહાલચંદને** બે પુત્રો અને એક પુત્રી હતા.

પૂ. અભયસાગરજીએ માત્ર સવા છ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરી હતી, એમનાં માતાપિતા અને ભાઈબહેન વગેરે કુટુંબની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાંચેય વ્યકિતઓએ દીક્ષા ગ્રહણ કરી મોક્ષ માર્ગના અનન્ય કોટિના આરાધક બની ચૂકયા છે.

આ ઉપરાંત તેઓશ્રીના કુટુંબમાંથી છ દીક્ષાઓ બીજી પણ થવા પામી છે.

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદ-સાગર સૂરીશ્વરજીના વરદ હસ્તે **વિ. સં. ૧૯૮૮ માગસર વદ ૧૧ શંખેશ્વર તીર્થે** દીક્ષા ગ્રહણ કરી, પૂ. આગમો. આચાર્યદેવના શિષ્ય **સિદ્ધચક્રારાધન** તીર્થોદ્ધારક **સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી ચંદ્રસાગરસૂરિજીના** શિષ્યરત્ન **પ. પૂ.** ઉપાધ્યાયજી **ધર્મ-સાગરજીના** શિષ્ય **પ. પૂ.** પન્યાસજી અભયસાગરજી મહારાજે માત્ર સવા છ વર્ષની વયે દીક્ષા ગ્રહણ કરી, ત્યારે તેમણે શાળા કે કોલેજ જોઈ જ ન હોતી.

ચારિત્ર્ય લીધા પછી જ અક્ષરજ્ઞાન, વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, દર્શન, જ્યોતિષાદિ શાસ્ત્રો તેમજ આગમો સહિતનું શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું.

શાસ્ત્રીય જ્ઞાન ઉપરાંત, એમનું જૈન-શાસ્ત્રના સિદ્ધાંતોને યથાર્થ તરીકે પુરવાર કરવા માટે ઉપયોગી વૈજ્ઞાનિક-જ્ઞાન પણ અપૂર્વ કોટિનું છે.

આમ એમણે વિવિધ શાસ્ત્રોના ઊંડા અધ્યયન અને તલસ્પર્શી જ્ઞાન સંપાદન કર્યા પછી, 'અધ્યાત્મવાદના નેતૃત્વ નીચે પ્રજાના માનસમાં ચિરઃસ્થાયી શાંતિ પાંગરે' એ ઉદ્દેશથી શિક્ષિત અને વિદ્યાર્થી વર્ગના જીવનમાં વિવિધ વાર્તાલાપો અને પરિસંવાદોના માધ્યમથી, આત્મા અને પુનર્જન્માદિ સાંસ્કૃતિક તત્ત્વોના પ્રચાર માટે ઝુંબેશ ઉપાડી.

પરન્તુ એમાં વિજ્ઞાનવાદના પ્રબળ ફટાટોપભર્યા પ્રચારોથી શિક્ષણ

પામી રહેલ વિદ્યાર્થીવર્ગ તરફથી ભૂગોળ-ખગોળના આવતા પ્રશ્નોથી આત્માદિ તત્ત્વોની સાબિતી કરવામાં ક્યાંક મુશ્કેલી જણાવા લાગી;

સત્યની શોધ-યાત્રામાં કાર્યરત રહેલા પૂર્વાચાર્યોએ જે તત્ત્વજ્ઞાનનું અનુસંધાન કર્યું, તેમાં વિજ્ઞાનને પણ સાથે જ રાખ્યું હતું, છતાં તેઓ આજના વિજ્ઞાનવાદની જેમ તેથી તેઓ અભિભૂત થયા ન હતા;

આજે વિજ્ઞાનવાદની જડ શ્રદ્ધાએ માનવને સાંસારિક સુખોની ઉપલબ્ધિના બળે તથા વિપુલ પ્રચારથી તત્ત્વજ્ઞાનીઓની શોધ પ્રત્યે છેક અશ્રદ્ધાળુ બનાવવા માંડયો છે. તેનું પરિણામ તત્ત્વજ્ઞાન પ્રત્યે અશ્રદ્ધાની સાથે જ શાસ્ત્રોમાં વર્ણિત સ્વર્ગ-નરક, પાપ-પુણ્ય અને આત્મા-પરમાત્માને પણ કલ્પના-પ્રસૂત કહેવા-માનવાની ઘડી આવી પહોંચી છે.

આવી વિષમ પરિસ્થિતિને ઓળખી તથા પરિસ્થિતિજન્ય કર્તવ્ય ભાવનાથી પ્રબુદ્ધ થઈ છેલ્લા ૩૦ વર્ષથી એમણે સ્વદેશ-વિદેશના ભૌગોલિક વિજ્ઞાનનું અધ્યયન શરૂ કર્યું અને સતત પરિશીલનના પરિણામે 'પૃથ્વીનો આકાર, પૃથ્વીનું ભ્રમણ, ગુરુત્વાકર્ષણ, ચંદ્રની પરપ્રકાશિતા જેવા વિષયો પર આધુનિક વૈજ્ઞાનિકોની માન્યતાના મૂળમાં રહેલી ભ્રામક ધારણાઓ કલ્પનાઓ અને અપૂર્ણતાઓની એમને પ્રત્યક્ષ પ્રતીતિ થવા લાગી.

ખૂબ જ બહોળા પ્રમાણમાં પુસ્તકો, ચિત્રો, નકશાઓ મેળવી જાણકારો સાથે ચર્ચા વિચારણા કરી વધુ ઊંડા અભ્યાસ માટે અમેરિકા, જર્મની, જાપાન, ઇંગ્લેન્ડ, રશિયા આદિ દેશોની વૈજ્ઞાનિક સંસ્થાઓ તેમ જ આ વિષયના ઉચ્ચકોટિના વિદ્વાનો સાથે પત્રવ્યવહાર કરી ખૂબજ નક્કર સત્યો મેળવ્યા.

આજ સુધીમાં પૂજ્યશ્રીએ અનેક પ્રવચનો, પત્ર-પત્રિકાઓ લેખો દ્વારા આ સત્ય રજુ કર્યું છે. એ સાથે જ ભૂ-ભ્રમણના વિષયને સ્પષ્ટપણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજાવનારી, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, અને સંસ્કૃત ભાષામાં ૨૯ પુસ્તિકાઓ પ્રગટ કરી. વર્તમાનમાં એપોલો ૧૧ ચંદ્રમા પર પહોંચ્યું કે ? એ વિષય પર પણ માર્મિક પુસ્તકો લખ્યા છે.

પૂજ્ય મહારાજશ્રીના માર્ગદર્શન નીચે પૃથ્વીના આકાર ગતિ તેમજ એપોલોની ચંદ્રયાત્રા સંબંધે વૈજ્ઞાનિક સંશોધન કરનારી ભારતની The Earth Rotation Research Institate–ભૂ-ભ્રમણ-શોધ-સંસ્થાન મહેસાણાની વિ. સં. ૨૦૨૪માં સ્થાપના થઈ.

જેને વિશ્વની ભૌગોલિક–વિજ્ઞાનની સંસ્થાઓએ અને સવિશેષપણે અમેરિકાની નેશનલ જયોગ્રોફીકલ સોસાયટીએ પણ માન્યતા આપી એનું ગૌરવ કર્યું. એટલું જ નહીં પરંતુ અમેરિકાની નેશનલ-જયોગ્રોફીકલ સાસાયટીએ તો પૂ. પન્યાસજી અભયસાગરજી મહારાજશ્રીને સસ્થાનું સભ્યપદ એનાયત કરી એમનું વિશેષ બહુમાન કર્યું.

સામાન્ય રીતે આ સભ્યપદનું બહુમાન વિશિષ્ટ કોટિનું જ્ઞાન-ધરાવનાર તેમજ એ અંગેના ઊંડા અભ્યાસી અને પ્રશ્નો ઉપસ્થિત કરનાર વ્યક્તિને જ મળે છે.

* ભારતમાં પણ મુંબઈની એશિયાટીક સોસાયટીએ-મહારાજશ્રીને સભ્યપદ એનાયત કર્યું.
* ઓલ ઈન્ડીયા સાયન્સ ટીચર્સ એસો. દિલ્હીએ પણ સભ્યપદ આપ્યું.
* ડેક્કન ઈન્સ્ટીટયુટ ઓફ જયોગ્રોફી હૈદ્રાબાદે પણ આજીવન સભ્યપદની ફેલોશીપ અર્પણ કરી.

* ગુજરાત એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝરવેટરી અમદાવાદે પણ કાયમી સભ્યપદ એનાયત કર્યું.

પૂજ્યશ્રીનો ધર્મ શાસ્ત્રો અને તત્ત્વજ્ઞાન ઉપરાંત જૈન શાસ્ત્રાનુસાર વિજ્ઞાનના જ્ઞાનનો ક્ષયોપશમ એટલો ઉચ્ચ કોટિનો છે કે એમણે ઉપસ્થિત કરેલી 'એપોલોની ચંદ્રયાત્રા' અંગેના પ્રશ્નોનો જવાબ આપતા અમેરિકાની 'નાસા' જેવી સંસ્થાઓને પણ ખૂબ વિચાર કરવો પડે છે.

વર્તમાન કાળમાં માત્ર સવા છ વર્ષની બાળવયે ચારિત્ર ગ્રહણ કરી છેલ્લા ૪૬ વર્ષની શાસ્ત્ર મર્યાદા મુજબનું વિશુદ્ધ કોટિનું ચારિત્ર પાળી રહ્યા છે.

આ બધા પરથી સમજવાના મુખ્ય મુદ્દો જો છે કે, બાળવયમાં દીક્ષાગ્રહણ કર્યા પછી વર્તમાન વિજ્ઞાનીઓને પણ વિચાર કરતા કરી મૂકે એવા શાસ્ત્ર–સંમત પ્રશ્નો ઉપસ્થિત કરી જૈન શાસનની અપૂર્વ પ્રભાવના વિશ્વભરમાં કરી શકનાર પૂ. મહારાજશ્રીનું જીવન, જે લોકો એમ કહે છે કે "બાળ દીક્ષાર્થીઓ શું સમજે ?" એમને માટે પ્રત્યક્ષ પુરાવો છે.

પૂ. પન્યાસજી અભયસાગરજીના ગુરુદેવ પરમ પૂજ્ય ઉપાધ્યાયજી ધર્મસાગરજી મહારાજ પણ આજે ૭૮ વર્ષની ઉંમરે વિશુદ્ધ ચારિત્ર પાળી રહ્યા છે.

પ. પૂ. પન્યાસજી અભયસાગરજીને જ્ઞાનપ્રાપ્તિમાં પૂજ્ય ગુરુદેવ આગમોદ્ધારક આચાર્યદેવના આશીર્વાદ, પૂ. સ્વ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી માણિક્યસાગર સૂરીશ્વરજીની વરદકૃપા, વધુમાં વર્તમાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજાવનારી, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, અને સંસ્કૃત ભાષામાં ૨૬ પુસ્તિકાઓ પ્રગટ કરી. વર્તમાનમાં એપોલો ૧૧ ચંદ્રમા પર પહોંચ્યું કે? એ વિષય પર પણ માર્મિક પુસ્તકો લખ્યા છે.

પૂજ્ય મહારાજશ્રીના માર્ગદર્શન નીચે પૃથ્વીના આકાર ગતિ તેમજ એપોલોની ચંદ્રયાત્રા સંબંધે વૈજ્ઞાનિક સંશોધન કરનારી ભારતની The Earth Rotation Researeh Institate-ભૂ-ભ્રમણ-શોધ -સંસ્થાન મહેસાણાની વિ. સં. ૨૦૨૪માં સ્થાપના થઈ.

જેને વિશ્વની ભૌગોલિક–વિજ્ઞાનની સંસ્થાઓએ અને સવિશેષપણે અમેરિકાની નેશનલ જયોગ્રોફીકલ સોસાયટીએ પણ માન્યતા આપી એનું ગૌરવ કર્યું. એટલું જ નહીં પરંતુ અમેરિકાની નેશનલ જયોગ્રોફીકલ સાસાયટીએ તો પૂ. પન્યાસજી અભયસાગરજી મહારાજશ્રીને સસ્થાનું સભ્યપદ એનાયત કરી એમનું વિશેષ બહુમાન કર્યું.

સામાન્ય રીતે આ સભ્યપદનું બહુમાન વિશિષ્ઠ કોટિનું જ્ઞાન ધરાવનાર તેમજ એ અંગેના ઊંડા અભ્યાસી અને પ્રશ્નો ઉપસ્થિત કરનાર વ્યકિતને જ મળે છે.

* ભારતમાં પણ મુંબઈની એશિયાટીક સોસાયટીએ મહારાજશ્રીને સભ્યપદ એનાયત કર્યું.

* ઓલ ઈન્ડીયા સાયન્સ ટીચર્સ એસો. દિલ્હીએ પણ સભ્યપદ આપ્યું.

* ડેક્કન ઈન્સ્ટીટ્યુટ ઓફ જયોગ્રોફી હૈદ્રાબાદે પણ આજીવન સભ્યપદની ફેલોશીપ અર્પણ કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

* ગુજરાત એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝરવેટરી અમદાવાદે પણ કાયમી સભ્યપદ એનાયત કર્યું.

પૂજ્યશ્રીનો ધર્મ શાસ્ત્રો અને તત્ત્વજ્ઞાન ઉપરાંત જૈન શાસ્ત્રાનુસાર વિજ્ઞાનના જ્ઞાનનો ક્ષયોપશમ એટલો ઉચ્ચ કોટિનો છે કે એમણે ઉપસ્થિત કરેલી 'એપોલોની ચંદ્રયાત્રા' અંગેના પ્રશ્નોનો જવાબ આપતા અમેરિકાની 'નાસા' જેવી સંસ્થાઓને પણ ખૂબ વિચાર કરવો પડે છે.

વર્તમાન કાળમાં માત્ર સવા છ વર્ષની બાળવયે ચારિત્ર્ય ગ્રહણ કરી છેલ્લા ૪૯ વર્ષની શાસ્ત્ર મર્યાદા મુજબનું વિશુદ્ધ કોટિનું ચારિત્ર્ય પાળી રહ્યા છે.

આ બધા પરથી સમજવાના મુખ્ય મુદ્દો જે છે કે, બાળવયમાં દીક્ષાગ્રહણ કર્યા પછી વર્તમાન વિજ્ઞાનીઓને પણ વિચાર કરતા કરી મૂકે એવા શાસ્ત્ર–સંમત પ્રશ્નો ઉપસ્થિત કરી જૈન શાસનની અપૂર્વ પ્રભાવના વિશ્વભરમાં કરી શકનાર પૂ. મહારાજશ્રીનું જીવન, જે લોકો એમ કહે છે કે "બાળ દીક્ષાર્થીઓ શું સમજે ?" એમને માટે પ્રત્યક્ષ પુરાવો છે.

પૂ. પન્યાસજી અભયસાગરજીના ગુરુદેવ પરમ પૂજ્ય ઉપાધ્યાયજી ધર્મસાગરજી મહારાજ પણ આજે ૭૮ વર્ષની ઉંમરે વિશુદ્ધ ચારિત્ર્ય પાળી રહ્યા છે.

પ. પૂ. પન્યાસજી અભયસાગરજીને જ્ઞાનપ્રાપ્તિમાં પૂજ્ય ગુરુદેવ આગમોદ્ધારક આચાર્યદેવના આશીર્વાદ, પૂ. સ્વ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી માણિક્યસાગર સૂરીશ્વરજીની વરદકૃપા, વધુમાં વર્તમાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગચ્છાધિપતિ આચાર્યશ્રી હેમસાગર સૂરીશ્વરજી મહારાજની પણ ઉદાત્ત કૃપાદૃષ્ટિ તથા પૂજ્યપાદ ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજની અપૂર્વ પ્રેરણા પ્રાપ્ત થયાં છે.

પૂજ્યશ્રીના જીવનની આગવી વિશેષતા એ છે કે—

વર્તમાન કાળમાં દુર્લભ થઈ રહેલ યોગસાધના અને ધ્યાનમાર્ગની વિસરાયેલી પરંપરામાં તેમજ વર્તમાન કાળે ગીતાર્થ ભગવંતોના માર્ગદર્શનથી ૧૪ પૂર્વના સારરૂપ નમસ્કાર મહામંત્રની ધ્યાન પદ્ધતિના વિશિષ્ટ જાપ-ક્ષેત્રમાં દેવગુરુકૃપાએ અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી છે.

પરિણામે અંતરંગ સ્ફુરિતબળે શાસ્ત્રીય પરંપરાને અનુસરતા ધ્યાનોપયોગી બાળજીવ સમજે એવા શ્રી નમસ્કાર મહામંત્રના ૭૦ થી ૮૦ ભવ્ય ચિત્રપટો, એનાં લઘુ અને બૃહત્‌પૂજનની માંત્રિક વિધિઓ અને શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાની શાસ્ત્રીય પદ્ધતિ ઉપરાંત સામાન્ય જનતાને પણ શ્રી નમસ્કાર મહામંત્રના જાપમાં રૂચિ થાય એવા ગુજરાતી ભાષામાં ૬-૭ પુસ્તકોનું આલેખન વગેરે દ્વારા શ્રમણસંઘમાં શ્રી નમસ્કાર મહામંત્રના આરાધક તરીકે અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સરળતા અને ઋજુતા, સ્વધર્મનિષ્ઠા અને ઉપાસનામાં તલ્લીનતા, દેવગુરુ પ્રત્યે અપૂર્વ સમ્માન અને દિનરાત જ્ઞાનનું ઉપાર્જન, તેમજ લોકકલ્યાણની લાગણીસભર મધુરવાણી એ એમના જીવનનું નવનીત છે.

પૂ. મહારાજશ્રી ધર્મ, તત્ત્વજ્ઞાન શાસ્ત્રીય ઉપાસના, આગમો પર રચાયેલી ચૂર્ણિકાઓનું સંપાદન, પ્રાચીન ગ્રંથ-સંપત્તિનું રક્ષણ, શિષ્ય વર્ગના આધ્યાત્મિક ચિંતન અને સ્વાધ્યાય વગેરે પ્રવૃત્તિ સાથે ભારતીય સંસ્કૃતિના અભ્યુત્થાનનાં કાર્યમાં સતત વ્યસ્ત રહે છે. એ આપણાં સદ્‌ભાગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ. શ્રીની નિશ્રામાં ચાતુર્માસમાં
થયેલી વિશિષ્ટ આરાધનાઓ

પૂજ્ય પંન્યાસજી મ.શ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેક ધર્મકાર્યો થયા હતા.

અષાડ સુ. ૫ ના રોજ શાસન પ્રભાવના સાથે ભવ્ય ચાતુર્માસિક પ્રવેશ ૫૮૧ આયંબિલના તપ સાથે થયો હતો. રવિવારે જુદા-જુદા મહત્ત્વના વિષયો ઉપર બપોરે ૩-૦૦ વાગે જાહેર વ્યાખ્યાનોની યોજના થઈ, જે વાડીના ઉપાશ્રયમાં ઉપર નીચે આસપાસની લોબીઓ ખીચોખીચ શ્રોતાઓથી ભરાઈ જતાં બહાર રસ્તા પર ઉભા રહીને પણ શ્રોતાઓ પોતાની ઇચ્છા પૂરી કરતાં અને સમયસર ન આવનારને નિરાશ થવું પડતું.

આવા અપૂર્વ ધર્મોલ્લાસભર્યા વાતાવરણમાં અષાડ વદ ૩ ના મંગળ દિનથી **શ્રી ભગવતી સૂત્ર તથા શ્રી કુમારપાલ ચરિત્રનો** વ્યાખ્યાનમાં પ્રારંભ થયો. તેમજ ભવ્ય વિવિધ ચિત્રપટો દ્વારા આગમ વાચના મંડપની ભવ્ય સ્થાપના કરેલ, ત્યાં બપોરે ૨-૧૫ થી ૩-૩૦ શ્રી **નંદિસૂત્ર** ની વાચના શરૂ થયેલ.

શ્રોતાઓની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી. તાત્વિક પદાર્થોની સરસ રીતે રજૂઆત કરવાની પૂજ્યશ્રીની શૈલિથી શ્રોતાઓ ખૂબ જ પ્રભાવિત બન્યા.

અષાડ વદ ૧૧ થી શ્રી વર્ધમાન આયંબીલ તપના પાયાની મહાન્ તપસ્યામાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેરો ભાવોલ્લાસ થતા ૧૧૫ પુણ્યાત્માઓ જોડાયા. જેમાં નાની વયના બાલક-બાલિકાઓ સહુનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન ખેંચતી હતી. શ્રી વર્ધમાન તપના તપસ્વીઓના ધારણા–પારણા તેમજ ૫૦ થી ૬૦ પ્રભાવનાઓ થયેલ.

પછી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ પ્રથમ શ્રાવણ વદ ૮–૯–૧૦ ના થયા. તેમાં ૪૦૦ આરાધકોએ લાભ લીધો.

છેલ્લે દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુના નવા ચિત્રપટના ૪૫ અભિષેક તથા ૧૦૮ પાર્શ્વનાથની વંદનાનો કાર્યક્રમ ખુબ ઉલ્લાસ ભેર થયો.

અઠ્ઠમવાળાના પારણા–ધારણા તથા ૧૫–૧૭ પ્રભાવનાઓ થયેલ.

પછી દ્વિ. શ્રાવણ સુદ ૩ થી શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના પૂજ્ય મહારાજશ્રીની પ્રેરણાથી ખૂબ જ ભાવોલ્લાસ સાથે ૬૫૦ આરાધકોએ કરેલ.

પૂ. પં. મહારાજશ્રીએ શાસ્ત્રાનુસાર ભાવવાહી ચિતરાવેલ નાના–મોટા ૬૦–૭૦ ચિત્ર પટોની સ્થાપના દ્વારા ભવ્ય આરાધના મંદિરની સ્થાપના કરાવેલ.

જ્યાં મંગળકુંભ–અખંડ દીપકની સ્થાપના સાથે દિવસ રાત અખંડ ૯ દિવસના જાપ માટે ભવ્ય ભાવવાહી શ્રી નવકાર મહામંત્રનો પટ પધરાવેલ.

રોજ સવારે ૭–૦૦ થી ૮–૫૦ અને ૧૦–૫૦ થી ૧૨–૧૫ સામુદાયિક ક્રિયા થતી.

છેલ્લે સુ. ૧૨ના રોજ ૮×૧૧ ફુટનું ભવ્ય માંડલું બનાવી શ્રી નવકાર મહામંત્ર પ્રતીક યંત્રનું માંત્રિક પૂજન સવારે ૧૦–૧૫ થી ૫–૩૦ સુધી થયેલ. સુ. ૧૪ ના રોજ ૪૫ આગમનું ૫×૭ ફુટનું ભવ્ય માંડલું બનાવી સવારે ૮–૦૦ થી ૧૨–૩૦ ૪૫ આગમની પૂજા માંત્રિક રીતે થયેલ.

સુ. ૧૫ના રોજ આરાધનાની મંગલ સમાપ્તિ અંગે ભવ્ય રથયાત્રા નિકલેલ, જેમાં પ્રભુજીનો રથ, પાલખી, તેમજ શ્રી નવકાર મહામંત્રના નાના–મોટા અનેક ચિત્રો પટો પધરાવેલા ૧૦૮ સાંબેલા શણગારેલા વાહનો હતા તથા બે ગજરાજ, પાંચ બેન્ડ અને વિશાળ માનવ મહેરામણ હતો.

સૌથી વધારે આકર્ષક દૃશ્ય રથયાત્રામાં બે ઘોડાની ભવ્ય શણગારવાળી બગીમાં પ્રભુ મહાવીર પરમાત્માનું કાય પ્રમાણ ચિત્ર ૬×૯ ફુટનું સુંદર સજાવટ સાથે ગોઠવેલ.

આખી રથયાત્રામાં શ્રી વીતરાગ પરમાત્માની શાંત રસ ઝરતી મુખમુદ્રાવાળા શ્રી મહાવીર પરમાત્માનું આ ચિત્ર ખૂબ આકર્ષક–ભવ્ય હતું.

પૂજ્યશ્રીના ધર્મોપદેશ અને ત્યાગ–તપ સંયમની અપૂર્વ પ્રતિભાથી અષાડ વદ ૧૦ લગભગથી શ્રી સંઘમાં તપસ્યાની અપૂર્વ પ્રતિભા ચઢતી કલાએ થવા પામી હતી.

જે કે સુરત શહેરના ધાર્મિક ઈતિહાસમાં અદ્વિતીય ગૌરવરૂપ બની રહી છે.

વધુ આકર્ષક બીના એ છે કે ૮ થી ૧૦ વર્ષના નાની વયના બાલકોએ તેમ જ બાલિકાઓએ પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં અટ્ઠાઇ–સોલ ઉપવાસની ભવ્ય આરાધના ઉમંગ પૂર્વક કરી છે.

પ. પૂ. પન્યાસજી મહારાજની નિશ્રામાં ભાદરવા સુદ ૬ ને રવિવાર તા. ૧૮–૯–૭૭ના રોજ ૪૫ ઉપવાસ, ૩૬ ઉપવાસ, ૩૦ ઉપવાસ, ૧૬, ૧૫, ૧૧, ૯, ૮, અને ૭ ઉપવાસ, વર્ષીતપ, શ્રેણિતપ, સિધિતપ, સમવસરણતપ વર્ધમાન તપની ઓળી, માસ, ખમણ, ૫૦૦ આયંબિલનું તપ એક માસી, દોઢ માસી, અઢી માસી અને ત્રણ માસી, અઢ્ઢાઇ વગેરે વિશિષ્ઠ કોટિના તપ કરનાર સાધુ–સાધ્વી ભગવંત સમેત કુલ ૫૧૨ તપસ્વીઓનો બહુમાન ભકિત સમારંભ યોજાયો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપગંત પર્વાધિરાજ મહાપર્વમાં ૨૫૦ ચોસઠ પ્રહરી પૌષધ થયેલા. તથા દીવાળી જેવા આમોદ–પ્રમોદના ગણાતા પર્વમાં પણ શ્રી ઉત્તરાધ્યયન. સૂત્રની સંપૂર્ણ અર્થ સાથે વાચના તથા નિર્વાણ કલ્યાણક આરાધના નિમિત્ત દેવવંદન, દીપમાલા–પ્રકટીકરણ, નિર્વાણ–કલ્યાણક–મોદક ચઢાવવાની સુંદર વિધિ તેમજ ૭૨ દીવાની આરતીમાં ધર્મપ્રેમી જનતાએ ખૂબ લાભ લીધેલ.

આ ઉપરાંત ભારતના ૧૦૮ તીર્થોની વંદનાનો ભવ્ય શાસ્ત્રીય ભાવવાહી કાર્યક્રમ આસોવદ ૪ થી ૧૨ સુધી રોજ સવારે અને બપોરે ૨॥ કલાક થયેલ, જેમાં પૂ. મહારાજશ્રીની તીર્થ સ્થાનોના ઊંડા અભ્યાસી ઈતિહાસવેત્તા તરીકેની પ્રતિભાનાં દર્શન થયાં હતાં.

આસો વદ ૧૦ રવિવારે શ્રી મહાવિદેહ ક્ષેત્ર શ્રી સીમંધર સ્વામીની યાત્રાનો ભવ્ય કાર્યક્રમ ખૂબ જ ઉલ્લાસભેર ઉજવાએલ, ૯ વાગે શરૂ થયેલ યાત્રા સુરતથી ઉત્તર–ઈશાન અને પૂર્વ દિશામાં થઈ તે બાજુના ભારતના મુખ્ય તીર્થો તથા રશિયાના પ્રદેશોમાં થઈ ઉતર ધ્રુવ પર દિવ્ય વિમાનના ઉડ્ડયનની કલ્પના સાથે ભરત ક્ષેત્રના મધ્ય ખંડમાં થઈ ગંગાનદીની પેલી બાજુ ભરત ક્ષેત્રના છઠ્ઠા ખંડમાં થઈ વૈતાઢય પર્વતના પૂર્વબાજુના સિદ્ધાયતનની યાત્રા કરી ભરત ક્ષેત્રના પંચમ ખંડમાં થઇ લઘુહિમવંત પર્વત આદિ ત્રણ ક્ષેત્રો પાર કરી મેરૂપર્વતની તળેટીના ભદ્રશાલવનના ચાર ચૈત્યોની યાત્રા કરી પૂર્વ મહાવિદેહમાં સીતાનદીના ડાબા તટે રહેલ ૭ વિજયો ૪ વક્ષસ્કાર પર્વત અને ૩ અંતર્નદીઓ પસાર કરી આઠમા પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણીનગરીમાં શ્રી સીમંધર સ્વામીના સમવસરણની ભાવયાત્રા ૬૦ હજાર યોજનની મુસાફરી બાદ કરાવેલ.

આરાધક પુણ્યાત્માઓને ખૂબ ઉલ્લાસ થયેલ. આ પ્રસંગે શ્રી સીમંધર સ્વામી ભગવંતની ૫૦૦ ધનુષ કાય પ્રમાણના ૧ ઈંચ = ૧ ધનુષના સ્કેલથી ૨૮ × ૪૦ ફુટના વિરાટ મોટા. ચિત્રપટથી અનેરો ભાવોલ્લાસ અનુભવાયો હતો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકના પ્રકાશનમાં લાભ લેનાર મહાનુભાવોની નામાવલી

૧૦૦૧ ફુલચંદ જેઠીશનદાસ વખારીયા
હ. કીરીટકુમાર ફુલચંદ ,,
હ. પ્રકાશચંદ્ર ફુલચંદ ,,
હ. કલાવતી ફુલચંદ ,,
૫૦૧ જેઠીશનદાસ રણછોડદાસ ,,
હ. કાંતિભાઈ તથા અમૃતભાઈ વખારીયા
૨૦૧ કાંતિલાલ છગનલાલ ચોકસી
૧૦૧ અંબાલાલ તલકચંદ શાહ
૧૦૧ ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી
૧૦૧ સુબોધભાઈ છોટાલાલ જોગાણી
૧૦૧ રતીલાલ એન્ડ બ્રધર્સ જરીવાલા
૧૦૧ સુમતિલાલ અમૃતલાલ શાહ
૧૦૧ નગીનચંદ મોતીચંદ શાહ
૧૦૧ બાલુભાઈ જીવરામ શાહ રાંદેર
૧૦૧ ચંદુભાઈ હરગોવનદાસ જરીવાલા
૧૦૧ બાબુભાઈ કે. ઝવેરી
૧૦૧ બાબુભાઈ ડોશજીભાઈ સંઘવી
૧૦૧ ચિરાગ કલોથ સેન્ટર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૧ રજનીકાંત છોટાલાલ શાહ
૧૦૧ મનુભાઇ વીરજીભાઇ સુતરીયા
૧૦૧ કાંતિભાઈ વીરચંદ શાહ
૧૦૧ સ્વ. તારાબેન ભોગીલાલ ઝવેરી
પૂ. મુનિશ્રી નિરૂપમસાગરજી મ. સા.ની શુભ પ્રેરણાથી
૧૦૧ રતિમણિ ટ્રસ્ટ
હ. એમ. આર. શાહ
૧૦૧ અશ્વીન મહેતા એન્ડ કું.
૧૦૧ નાનાભાઈ ભાઇચંદ લાકડાવાળા
૧૦૧ રૂપચંદ ફકીરચંદ ઝવેરી
૧૦૧ પૂ. મુનિશ્રી પુણ્ય શેખરસાગરજીની શુભ પ્રેરણાથી
હ. ધર્મ પ્રેમી ચાર સદ્ગૃહસ્થો તરફથી
૧૦૧ જયંતિભાઈ ચેલજીભાઈ મેહેતા
૧૦૧ સીતાબેન હીંમતલાલ બેંકર
૧૦૧ શીવલાલ નાનચંદ ચાણસ્માવાળા
હ. ધરણેન્દ્રભાઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

જ્ઞાનજ્યોત

સાવધ રહો !

જગતમાં જીવસાટે દુશ્મનાવટ ધરાવનારા શત્રુઓ જેટલું નુકશાન નથી કરી શકતા, તેનાથી વધારે કૂટનીતિના પ્રયોગમાં પાવરધા હિતશત્રુઓ-વિશ્વાસઘાતી મિત્રો આપણી રાજીખુશીથી આપણને ભયંકર અનર્થના અંધારા-કૂવામાં ઉતારી ભયંકર નુકશાન કરે છે.

જગતના આ નિયમને વિવેકપૂર્વક વિચારી [પાપાનુબંધી] પાપના ઉદય કરતાં [પાપાનુબંધી] પુણ્યના ઉદયથી મળેલ જગતના પદાર્થોની અનુકૂલ સામગ્રી આત્માને અતિ વિષમ કર્મોના બંધનમાં મજબૂતાઈપૂર્વક ફસાવનાર થાય છે-એવું બરાબર **સમજી લેવું જરૂરી છે.**

અરે જીવ ! ભવ-વન વિષે તેરો કોન સહાય ?
જિસકે કારણ મચી રહ્યો, તે તો તેરે નાહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે જ પુણ્યના ઉદય માત્રથી રાજી ન થતાં **સાવધ બની** વાસ્તવિક હિત શામાં છે ? તે વિચારતાં શીખવું હિતાવહ છે.

ખરૂં કર્તવ્ય

સાંસારિક–ઉપાધિઓના કોકડાને ઉકેલવાની મથામણી કરવા કરતાં આત્મિક–વીર્યોલ્લાસદ્વારા વિશિષ્ટ–અધ્યવસાયોના બળે તે ઉપાધિઓને ઉપજાવનાર, ટકાવનાર અને વધારનાર મોહપાશને જ કાપી–છેદી નાખી આત્મહિત સાધવા માટે ઉદ્યમી થવું, તે વિવેકીઓનું **ખરૂં કર્તવ્ય** છે.

સાચો સાધુ

આરંભ–સમારંભથી ત્રિવિધે–ત્રિવિધે વિરત બની લોકૈષણાને આધીન ન બનતાં શાસ્ત્રાજ્ઞાની વફાદારીપૂર્વક આત્મકલ્યાણ સાધે તે **સાચો સાધુ** છે.

સમજણનો પ્રકાર

સંસારી આત્માને સામાન્યતઃ બહારના વિચારોનું દબાણ, મોહનીયનો ઉદય અને મિથ્યાત્વનું જોર વસ્તુની **યથાર્થ સમજણ** થવામાં અંતરાય ઉભો કરે છે.

વિવેકીનું કર્ત્તવ્ય

અવિચ્છિન્ન–પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રીવીતરાગપ્રભુના

જીવ ! તું કયા ઈચ્છત હૈ, ઈચ્છા હૈ દુઃખમૂલ;
જબ ઇચ્છા કો નાશ જ કરે, તબ મિટે અનાદિકી ભૂલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસનમાં અવિચલ શ્રદ્ધા ધારણ કરી મનુષ્ય ભવને સાર્થક કરવો એ **વિવેકી-જનોનું** પ્રથમ કર્ત્તવ્ય છે.

શત્રુ-વિવેક

વિવેકી પ્રાણી ! અંતરંગ-શત્રુઓને જીતવા પ્રયત્ન કર, બાહ્ય-શત્રુઓ તો તને અંતરંગ શત્રુઓ ફંદામાંથી છોડાવનાર હોવાથી નિષ્કારણ ઉપકારીની ગરજ સારે તેવા છે.

દૃષ્ટિ કેળવો

૦ બીજાના અલ્પ પણ ગુણને પારખતાં શીખો !
૦ પોતાના નાના પણ દોષને કબૂલતાં શીખો !
૦ બીજાના દોષો તરફ આંખ મીંચો !

વાણીનો સંયમ

વાણી માનવની એંધાણી, જોઈ વિચારી બોલો વાણી;
હાંસી છોડો ! મજાક છોડો, પરનિંદાનો સ્વાદ છોડો.
આપબડાઈ ઓછી કરો, પરચર્ચા [વાતોડીયા]થી ડરતા ફરો;
નહિં ખુશામત નહિં પરનિંદા, ન દોષ કોઇના દિલમાં લહો.

લોકપ્રશંસા

જગતે કરેલી પ્રશંસા પ્રાય: ટાપટીપ કરેલ જૂઠાણાનો એક પ્રકાર હોય છે, માટે ભરતપુરી ઘડાની જેમ અનિયત **લોક-**

જ્ઞાન ઉસીકો જાણીએ, રાગ રહે નહિ રંચ;
રવિ સન્મુખ કૈસે રહે, અંધકાર પ્રપંચ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રશંસાને પોતાના કાર્યોનું ધોરણ બનાવવાની ભયંકર ભૂલ કદાપિ ન કરવી.

ચાર અનુયોગ

મન જો—
શંકાશીલ થયું હોયતો **દ્રવ્યાનુયોગ—**
પ્રમાદી થયું હોયતો **ચરણકરણાનુયોગ—**
કષાયી થયું હોય તો **ધર્મકથાનુયોગ—**
જડ થયું હોય તો ગણિતાનુયોગ—
વિચારવો.

અજ્ઞાન

જે—
વાંચવાથી, સમજવાથી કે વિચારવાથી
આત્મા—
પૌદ્ગલિક ભાવથી, પૌદ્ગલિક વ્યવસાયથી કે
વિભાવદશાથી પાછો ન ફરે—
તે વાંચવું, તે વિચારવું કે તે સમજવું
અજ્ઞાન છે.

તપમાં જાગૃતિ

તપમાં—
શક્તિ છુપાવવાથી **વીર્યાંતરાય,**

ગુણી–જનોને વંદના, અવગુણ દેખી તટસ્થ;
દુઃખી દેખ કરુણા રહે, મૈત્રીભાવ સમસ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખશીલતાથી **અસાતાવેદનીય** અને
પ્રમાદથી **ચારિત્રમોહિનીય** બંધાય છે,
માટે કાયરતા **છોડી તપમાં વીર્યોલ્લાસ** વધારવાની જરૂર **છે.**

સાવચેતી

જગતના પદાર્થો મળે, ટકે અને ભોગવાય તેમાં જેટલું આપણે ગુમાવતા નથી, તેના કરતાં જગતના પદાર્થોને મેળવવાલાયક, ટકાવવાલાયક અને ભોગવવાલાયક માનવામાં વધારે ગુમાવીએ છીએ! માટે તેવી વૃત્તિથી **સાવચેત** રહેવું જરૂરી છે.

મોહ ઘટાડવાની કૂંચી

કોઈ પણ મોહક પદાર્થની પ્રાપ્તિ થયે છતે તેના ઉપયોગ વખતે નીચેનું વિચારો કે—

જરૂરીઆત છે ?

સગવડનો ભાગ લેવો છે ? કે

શોખ છે ?

આમ વિચાર્યા પછી જરૂરીઆત પૂરતી ચીજોનો સાપેક્ષ ઉપયોગ કરી શોખ કે સગવડ ખાતર પ્રવૃત્તિ ન કરવી.

કલ્યાણસાધના

જડવાદના વિષમ વાતાવરણમાં પણ આત્મવાદના ત્રિકાલા–

ગુણગ્રાહી બનીએ સદા, 'લાગત નહીં કુછ મોલ;
અવગુણ દેખીએ આપણા, તો ગુણ આવે અણમોલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાધિત સત્ય માર્ગ પર ચાલવાની દઢતા અલ્પ સમયમાં **આત્મ-કલ્યાણસિદ્ધિ** સૂચવે છે.

મહાન્ બનવાના ઉપાયો

દરેકને મહાપુરૂષ બનવાની કે આગળ પડતા આવવાની વૃત્તિ હોય છે, પણ તેના પાયાના કેટલાક લક્ષણોની બેદરકારી કેટલીકવાર ભયંકર અનર્થ ઉપજાવી મૂકે છે.

તેવા પાયાના કેટલાક લક્ષણો આ રહ્યા–

* પોતાના **દોષો સાંભળી પ્રસન્નતા** થવી.
* છતા કે અછતા **દોષો માટે બચાવ ન કરવો.**
* પોતાના **કર્ત્તવ્યમાં** દઢ બન્યા રહેવું.
* પ્રાણાન્તે પણ **સત્યની વફાદારી** ન છોડવી વગેરે વગેરે.

કોનું શું દૂષણ ?

ધર્મનું દૂષણ **દંભ,**
માણસનું દૂષણ **સ્વાર્થવૃત્તિ,**
વૈભવનું દૂષણ **અવિવેક,**
સ્ત્રીનું દૂષણ **દુરાચાર,**
તપનું દૂષણ **ક્રોધ,**
ક્રિયાનું દૂષણ **પરનિંદા.**
આ બધાંયને ટાળવા પ્રયત્ન જરૂરી કરવો છે.

નિંદા આપણી જે કરે; તે સમ મિત્ર ન કોય;
વિના પાણી અને સાબુથી, મેલ અમારા ધોય.

સમ્યક્ત્વી કોણ ?

પ્રવૃત્તિ કરવા લાયક સ્થળે વિચારણાથી સંતોષ માનવો, અથવા વિચારણા કરી ઘટતું કરવાના સ્થળે આંધળી પ્રવૃત્તિ કરવી, આ બન્ને મિથ્યાત્વનાં સૂચક ચિન્હો છે.

માટે પ્રવૃત્તિની જગ્યાએ વિચારને મૂકી અને વિચારની જગ્યાએ પ્રવૃત્તિને મૂકે તે **સમ્યક્ત્વી.**

ચેતવણી

માનવી !

સુખના સાધનોથી છકી ન જા !

કેમકે મહાપ્રયત્ને મેળવેલ પુણ્યની રાશિ ઘટતી જાય છે, મૂડી ઓછી થતાં તો શોક થવો જોઈએ !

વળી દુઃખ આવી પડે ત્યારે દીન ન બન !

અજ્ઞાનાદિથી બાંધેલાં પાપકર્મોનું દેવું ચૂકવાય છે. દેવું ચૂકવવામાં તો હર્ષ થવો જોઈએ!

વિવેકબુદ્ધિ

જૈનશાસને પ્રરૂપેલ કર્મસિદ્ધાંતને સમજનારો દેવ–દેવીઓ પાસે પૌદ્ગલિક–પદાર્થોની ઈચ્છા સરખી ન કરે; કેમકે તેઓ

આવત ગાલી એક છે, ઊલટત ગાલી અનેક;
જો ગાલી ઊલટે નહિ, રહે એકની એક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતે કર્મના બંધનમાં ફસાએલા હોવાથી બીજાના કર્મોમાં ફેરફાર કરી શકતા નથી,

માટે જૈન શાસનમાં સમ્યગદૃષ્ટિ દેવ–દેવીઓની પૂજા સાધર્મિક તરીકે કરવા કહ્યું છે, તેથી દેવ–દેવીઓની પૂજામાં વિવેકબુદ્ધિની જરૂર છે.

સમ્યગ્દૃષ્ટિ–દેવોની પૂજા

જૈનશાસનમાં **સમ્યગ્દૃષ્ટિ દેવોની પૂજા**–તેઓ વિશિષ્ટ શકિતવાળા હોઇ ધર્મની આરાધનામાં સહાયક થાય છે, માટે કરવાની હોય છે; પણ સહાયકનો અર્થ–તેઓ ધારે તે કરી શકે એમ ન કરવો,

તેથી કર્મોની નિર્જરા કરાવી સંપૂર્ણ ફલ આપનારા વીતરાગ – દેવની પૂજાની માફક સમ્યગદૃષ્ટિ દેવોની પૂજા વિવેકશૂન્ય રીતે–વીતરાગ દેવની પૂજા ભૂલાવે તેવી ઘેલછાથી ન કરવી જોઈએ.

ડાહ્યો કોણ ? (૧)

જૈન શાસનમાં મોહનીય કર્મના ક્ષયોપશમના બળે વસ્તુ તત્ત્વની સાચી વિચારણા કરનારને સાચો બુદ્ધિશાળી માનેલ છે. મોહની અલ્પતા સિવાયનું બહોળું પણ જ્ઞાન આજના કેટલાક

મન ! તું કૈસા બાવરા, તેરી સુધિ કયોં ખોય ?
કાળ વૈરી સીર પર ખડા, જોર ન ચાલે કોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્કીલોની માફક પોતાના ગંભીર-દોષોને પણ પોપવાનું ઢાંકવાનું ભયંકર પાપ કરાવે છે, માટે **વિવેકની જાગૃતિ સાથે અંતર્નિરીક્ષણ કરી દોષો દૂર કરવા મથે તે ડાહ્યો.**

ડાહ્યો કોણ ? (૨)

જગતમાં વધારે બુદ્ધિવાળો ડાહ્યો કહેવાય છે; પણ ખરી રીતે વિચારોને ગળીને વર્તન કરે તે ડાહ્યો કહેવાય. કીડી મંકોડાની જેમ વિચાર થતાંની સાથે જ પ્રવૃત્તિ અનર્થકારી નિવડે છે, માટે **વિચાર અને વર્તનની વચ્ચે વિવેકની ગરણી રાખે તે ડાહ્યો કહેવાય.**

સંતોષ-સુખનો અનુભવ

જરૂરિયાત ઉપરાંત વૃત્તિઓના પોષણના પ્રવાહમાં તણાનારો ગમે તેવો ધનકુબેર પણ છેવટે રંક બની દીન-હીન દશામાં મુકાઈ જાય છે; તેથી "**उतने पैर पसारीये, जितनी चादर** હોય"ની લોકોક્તિને ધ્યાનમાં રાખી વ્યાવહારિક-પ્રવૃત્તિઓમાં સંયમી બની **સંતોષીના** પ્રત્યક્ષ **સુખનો** અનુભવ લેવો જરૂરી છે.

વિચાર-શુદ્ધિની મહત્તા

દરેક કાર્ય કરતી વખતે વિચારશુદ્ધિનું ધોરણ ટકાવી રાખવું જરૂરી છે.

સુખ દુઃખ બેઉ સંસારમં, સહુ કોઇને હોય;
જ્ઞાની વિચારત જોઇને, અજ્ઞાની દાઝત રોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિકટ પહાડો ઉપર આરોહણ કરનારાઓ કેડે દોરડું બાંધીને વ્હેલી–મોડી પણ સફળતા મેળવે છે.

વિચાર–શુદ્ધિના દોરડાથી બંધાયેલ કયારેક આચારમાંથી પડી પણ જાય છતાં તેને ફરીથી માર્ગ પર આવવા સરલતા રહે છે,

માટે **શાસ્ત્રીય–શૈલિ મુજબ વિચારશુદ્ધિ** જાળવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

ધર્મીની વિચારણા

ધર્મની આરાધનાના માર્ગે ચાલતાં વિપરીત સંજોગો ઊભા થાય ત્યારે પણ વિવેકની જાગૃતિ રાખીને અજ્ઞાની–જગતે પૌદ્ગલિક–પદાર્થોના ધોરણે માની લીધેલા તે પ્રતિકૂળ–સંજોગોને અણસમજ દશામાં બંધાઈ ગયેલા કર્મોમાંથી આત્માને છોડાવનાર માનવા જરૂરી છે.

વળી વીતરાગ–દેવના શાસનની પ્રાપ્તિ સકલ દુઃખોને મૂળમાંથી નાશ કરાવનાર છે. તો પછી શા માટે સામાન્ય વિષમ પરિસ્થિતિમાં દીનતા દાખવવી જોઇએ ? પૌદ્ગલિક પદાર્થ સંબંધી દીનતા તો ભયંકર દુઃખને નોતરનારી છે.

ધર્મની કિંમત

ધર્મની આરાધના કરતાં દુઃખ આવી પડે એ તો ખરેખ

નિર્ધન દુઃખી ધન વિના, તૃષ્ણાસે ધનવાન;
કૌન સુખી સંસારમેં ? સબ જગ દેખા છાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવનમાં ધર્મ પરિણમ્યાની કસોટીનું સૂચક ચિહ્ન છે, કેમકે ધર્મનો અર્થ સ્વભાવ થાય છે, તેથી આત્માના સ્વભાવનું ઘડતર ધર્મની આરાધનાથી કેવું અને કેટલું થયું છે ? તે દુઃખી અવસ્થામાં આત્મા પોતાની અવસ્થામાં કેટલો ટકે છે? તે ઉપરથી નક્કી થાય છે;

માટે ધર્મારાધકોએ આવી પડતા દુઃખમાં સમભાવ કેળવવો.

ધર્મક્રિયા કેવી કરવી જોઇએ ?

શ્રીમાન ગૂર્જરકવિકુલશિરોમણિ **શ્રી વીરવિજયજી મ.** જણાવે છે કે–

દગ્ધ શૂન્ય ને અવિધિ દોષ, અતિ પ્રવૃત્તિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ધર્મ ક્રિયા ગુણગેહ.

એટલે કે ધર્મની આરાધનામાં–

[૧] **દગ્ધદોષ**–ચાલુ ક્રિયામાં ઉપયોગ સ્થિર ન રાખવો.
[૨] **શૂન્યદોષ**–ઉપયોગની જાગૃતિ વિના ક્રિયા કરવી.
[૩] **અવિધિ દોષ**–ધર્મક્રિયામાં શાસ્ત્રીય મર્યાદાની બેદરકારી
[૪] **અતિપ્રવૃત્તિ–દોષ** શક્તિ, સંજોગોનો વિચાર કર્યા વિના ધર્મક્રિયામાં પ્રવર્તવું.

આ ચાર દોષોનો ત્યાગ કરવા ઉપયોગ રાખવો.

લિખના પઢના ચાતુરી, એ સહુ વાતો સહેલ;
કામદહન મનવશીકરણ, આતમધ્યાન મુશ્કેલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મની આચરણા ક્યારે ?

જ્ઞાની ભગવંતોએ પ્રબલ પુણ્યના ઉદયે મળેલ ધર્મની આરાધનાનો લાભ લેવા માટે નીચેના દૂષણોને જીવનમાંથી દૂર કરવા ફરમાવ્યું છે,

૧. આલસ્ય [શુભ કાર્યમાં ઢીલ]	૭. કંજુસાઈ
૨. અનાદર	૮. ભય
૩. અભિમાન	૯. શોક
૪. મોહ	૧૦. અજ્ઞાન
૫. ક્રોધ	૧૧. મનની ચંચલતા
૬. પ્રમાદ	૧૨. કુતૂહલવૃત્તિ

૧૩. પૌદ્ગલિક પદાર્થો પર આસક્તિ.

આ તેર દૂષણો દૂર કરવા જેટલો પ્રયત્ન થાય તેટલી ધર્મની આરાધના સુલભ બને છે.

ભાવના રસાયણ

અનાદિકાળના મિથ્યાત્વાદિ રોગને મૂલમાંથી કાઢી નાખવા માટે અને આત્માના જ્ઞાનાદિગુણોને પોષવા માટે ચાર **ભાવનાઓનું રસાયણ** જ્ઞાની ભગવંતોએ નિર્દેશ્યું છે.

લગી ન તાલી આતમા, ધર્યો ન મમતા માન;
લગી ન વૃત્તિ લક્ષ્યમાં, તબ લગ જાણો અજ્ઞાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧. **મૈત્રી**-પ્રાણીમાત્રનું હિત ચિંતવવું.
૨. **પ્રમોદ**-ગુણો અને ગુણીજનો તરફ બહુમાનવૃત્તિ.
૩. **કરુણા**-દુઃખીઓના દુઃખો દૂર કરવાની ભાવના.
૪. **માધ્યસ્થ્ય**-ઉપદેશાદિથી ન સમજે તેવા દુર્બુદ્ધિજનો તરફ ઉપેક્ષાવૃત્તિ

સવેળાની ચેતવણી !

જગતમાં કહેવાય છે કે – પારકો માણસ ઘરનો ભેદ જાણી જાય તો છેવટે તે આપણો વિનાશ જ કરે છે. આ વાત કંઈ ખોટી નથી.

જુઓ તો ખરા ! વિશુદ્ધ જ્ઞાનાદિ – સ્વરૂપવાળા પણ આત્માને પરપુદ્ગલ–સ્વરૂપ કર્મોએ ભેગા મળીને દુઃખી કરવામાં શું બાકી રાખેલ છે !

તેથી **સવેળા ચેતી** કર્મની જાળમાંથી આત્માને છોડવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

ભયંકર અજ્ઞાન

જે શરીરની સોબતને પામીને પવિત્ર અને સુંદર મનાતા કસ્તુરી, ચંદન, ફૂલો, મીઠાઇ, નવાં કપડાં ઘરેણાં જેવા સારા પણ પદાર્થો અપવિત્ર અને દુર્ગંધમય બને છે.

સયોગે આવી મિલે, કાલે વિણસી જાય;
પણ અજ્ઞાની જીવને, કર્મબંધ બહુ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે અપવિત્રતાના ખજા નાસ્વરૂપ શરીરને ન્હાવાં-ધોવા આદિથી સ્વચ્છ કરવાની ઘેલછાભરી પ્રવૃત્તિમાં આત્મકલ્યાણ સાધવાની લાખેણી તક ગુમાવવી તે **ભયંકર અજ્ઞાન છે.**

માટે શરીરનો મોહ ઘટાડવો જરૂરી છે.

વૃત્તિઓનો સદુપયોગ

જ્ઞાની ભગવંતોએ સન્માર્ગ પર સ્થિરતા કેળવવા ચિત્ત-વૃત્તિઓને અશુભમાંથી પાછી ફેરવવાનું કહ્યું છે, માટે—

० જોવાની ઇચ્છા થાય તો પોતાના દોષ જોયા,

० વખાણ કરવાની ઇચ્છા થાય તો ગુણીયલ મહાપુરૂષોના વખાણ કરવાં,

० રોવાની ઇચ્છા થાય તો કરેલા કે થઈ ગયેલાં પાપો માટે ખરેખરું રોવું,

० મારવાની ઇચ્છા થાય તો વિકારોના પોષણ માટે ઊંચાનીચા થતાં મનને મારવું,

ટૂંકમાં અશુભ પ્રવૃત્તિમાંથી જેમ બને તેમ પાછા ફરી જ્ઞાનીઓએ નક્કી કરેલ **શુભ-માર્ગે વૃત્તિઓને વાળવી** હિતકર છે.

સંતોષી નર સદા સુખી, સદા આત્મભાવે લીન;
ઇંદ્રાદિક જસુ આગલે, દુઃખીયા દીસે દીન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીવાદાંડીના અજવાળાં-૧

૧. કેટલીક વાર ખોટી દલીલો કરતાં પ્રસંગોચિત મૌન દુશ્મનના હૃદયમાં પણ વધુ સારું પરિવર્ત્તન કરી શકે છે.

૨. ઉદારતાનો સંકોચ એ ખરેખર મનુષ્યની સ્વાર્થપટુતા છે અને તેમાંથી જ પરિણામે માનવ દાનવના સ્વરૂપે પલટાઈ જાય છે.

૩. અસત્યને દલીલોના બળે સત્ય બનાવવાની ભયંકર ભૂલ જીવનને અવનતિના પંથે ઘસડી જાય છે.

૪. આપણી મરજી સાચવનાર કરતાં હિત સાચવનાર પુણ્યાત્મા જ જીવનને પવિત્રતાના પંથે આગળ ધપાવી શકે છે.

દીવાદાંડીના અજવાળાં-૨

૫. સમૃદ્ધિ અને સત્તા મલ્યા પછી પણ નમ્રતાનો ટકાવ સજ્જનતાના વિકાસને જ આભારી છે.

૬. જેમ બને તેમ જરૂરીયાતો ઘટાડવી ઉચિત છે, નહીંતો કલ્પિત જરૂરીયાતોનો વધારો દ્રવ્યલાલસા અને લોભવૃત્તિને ઉશ્કેરે છે, અને પરિણામે અવનતિના ખાડામાં ગબડી જવાય છે.

કાચા તાણા તંતુતણા, તેમ સયલ સંસાર;
સાત તાંતણા સાંધતાં, બીજા તૂટે બાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭. સત્ય વસ્તુનો આગ્રહ જીવનને સમૃદ્ધ બનાવે છે, પણ વ્યક્તિગત વિચારોની મલિનતામાંથી ઉપજતું કદાગ્રહનું ઝેરી તત્ત્વ તેમાં ન ભળે પૂર્ણ તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

૮. પૌદ્‌ગલિક પદાર્થોની મમતાનો ત્યાગ દિવ્ય જીવનનું પ્રવેશ-દ્વાર છે.

દીવાદાંડીના અજવાળાં–૩

૯. સંસ્કાર વિનાની જુવાની અને વિવેક વિનાની શ્રીમંતાઈ અવનતિના પંથે લઈ જનાર છે.

૧૦. સંસારના પદાર્થો વિષે મોહની માત્રા વધી ન જવાની સાવચેતી રાખનાર ડાહ્યો અને મોહના સંસ્કારોને દૂર કરવા મથનાર ખરો વીર કહેવાય છે.

૧૧. લક્ષ્મી, અધિકાર કે સત્તાના ગુલામ બનવા કરતાં તેના સાચા માલિક બની સુપાત્રમાં યથાયોગ્ય સદુપયોગ કરવાની સત્તા ધરાવવી હિતકર છે.

૧૨. અશુભ – સંસ્કારો પર વિજય મેળવવો તે જ સાચો વિજય છે.

દીવાદાંડીના અજવાળાં–૪

૧૩. જાણતો હોય અને નમ્રતા બતાવે તે **સરલ સ્વભાવી.**

ધન દેકર તન રાખીએ, તન દઈ રાખો લાજ;
તન ધન દોનો દીજીએ, એક ધર્મ કે કાજ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણતો ન હોય અને જાણવાનો ઢોંગ કરે તે **મૂર્ખ–દાંભિક.**
જાણતો હોય અને અજાણપણું બતાવે તે **વિશ્વાસઘાતી.**
જાણતો હોય અને સત્યનું સૂચન કરે તે **શાણો–વીર.**

૦ આશા, ભય અને કામનાનો ત્યાગ કરી જે કામ કરવામાં આવે જરૂર પરિણામે હિતકર નિવડે છે.

૦ વાસનાને વશ કરવાને બદલે તેનેજ આધીન થઈ જનાર પ્રાણી ભયંકર અનિષ્ટો ભોગવે છે.

દીવાદાંડીના અજવાળાં–૫

૦ દફ્તરાબધારીઓ માટે પવિત્ર અને નિર્દોષ જીવન ગાળવું દુઃશક્ય છે.

૦ બીજાની પરાધીનતાની તકનો લાભ લઇ સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ પરિણામે અતિ અનિષ્ટજનક અને હિંસક નિવડે છે.

૦ સત્તા ઉપર આવેલાઓએ ખરેખર સાન કેળવવાની તકેદારી જો રાખી હોત તો ભૂતકાલનો કે વર્તમાનનો ઇતિહાસ અનેરો જ સર્જાયો હોત.

પાપદૃષ્ટિ જીવને, ધર્મ વચન ન સુહાય;
કે ઊંઘે કે લડી પડે, કે ઉઠકે ઘર જાય.

દીવાદાંડીના અજવાળાં–૬

૦ ભૂલ કરવી તે કદાચ માનવનો ક્ષંતવ્ય સ્વભાવ હશે, પણ થઈ જતી ભૂલોને સુધારવી તે માનવનો ફરજિયાત ધર્મ છે.

૦ સચ્ચારિત્ર્ય વિનાનું શિક્ષણ દારૂડીયાના હાથમાં રહેલ તલવારની જેમ પરિણામે ભયંકર નુકશાન ઉપજાવે છે.

૦ અજ્ઞાની મનુષ્ય ઘણીવાર એવી વાત પર વિશ્વાસ મૂકે છે કે જે વાત શાંત ચિત્તે વિચારતાં પોતાને જ અણગમતી હોય છે.

૦ ખરી મહત્તા મળેલ સામગ્રીનો યથોચિત રીત સ્વ–પરહિત સાધવા રૂપે લાભ લેવામાં છે.

દીવાદાંડીના અજવાળાં–૭

૦ માણસના ગુણો કે સ્વભાવની સાચી કિંમત કે પરીક્ષા વિષમ પ્રસંગોમાં થઈ શકે છે.

૦ વિવેકની જાગૃતિપૂર્વક દરેક કાર્યને શુભનિષ્ઠાપૂર્વક કરનાર ઉન્નતિના પંથે જઈ શકે છે.

૦ સુસંસ્કારોના ઘડતર સિવાયનું જીવન બાહ્ય દૃષ્ટિએ મહાન છતાં વાસ્તવિકરીતિએ હીન જ હોય છે.

અવગુણ ઢાંકી ગુણ લહે, ન વદે નિઠુર વાણ;
તે માણસ રૂપે દેવતા, નિર્મલ–ગુણકેરી ખાણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ યોગ્યતા સિવાય મળતી સત્તાને સ્વીકારવા જેવો અવનતિનો ટૂંકો અને સરલ બીજો કોઈ માર્ગ નથી.

દીવાદાંડીના અજવાળાં-૮

૦ દુનિયાના પદાર્થો પરની મમતાનો ઘટાડો ધાર્મિક જીવનનું અચૂક થર્મોમીટર છે.

૦ જેનું કંઈ ખાનગી નથી તે જ પવિત્ર જીવન ગાળી શકે છે.

૦ 'બોલવું ઓછું, કરવું વધારે' સૂત્રને જીવનમાં ઉતારનાર જીવનના રહસ્યને પામી શકે છે.

૦ પૌદ્ગલિક—સુખના ધ્યેયથી કરાતી ધર્મની આરાધના જગતના પદાર્થોની આકાંક્ષાના બલે છેવટે આત્માને સાતા-વેદનીયરૂપ સોનાની બેડીમાં જકડાવનારી થતી હોવાથી સાધ્યની સિદ્ધિમાં વિલંબ ઊભો કરી મૂકે છે.

દીવાદાંડીના અજવાળાં-૯

૦ પોતાની પ્રશંસા પગભર કેમ થાય ? એ દૃષ્ટિબિંદુ રાખનારા આત્માઓ જીવનવિકાસના પંથે વધી શકતા નથી.

૦ પોતાના આચાર અને વિચારોમાં દેખાતી અસંગતિઓને ખૂંચે છે તેઓ જ સાચો વિકાસ સાધે છે.

જ્ઞાની જ્ઞાતા બહુ મિલે, કવિ પંડિત અનેક;
આત્મરતા ઔર ઇંદ્રિય-જીતા કોટિમાંહે એક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

० વેરાઈ ગયેલા અણુમોલા માણેક વગેરેને મેળવવા-જેટલી જરૂર પ્રકાશની છે, તેના કરતાં પણ વધારે મહત્તા આત્માના અણુમોલા જ્ઞાનાદિ ગુણોને ઓળખવા માટે આગમોની સમજવી.

० લોક-પ્રશંસાના વાવાઝોડાથી બચી રહેનારા આત્માઓ જ ગુણોથી સાચા સમૃદ્ધ બની શકે છે.

દીવાદાંડીના અજવાળાં-૧૦

० લાખ રૂપિયાના લેણામાંથી નજીવી રકમની વસૂલાત થયે વેપારી જેમ ખુશી ન થાય, પણ બાકીની રકમ માટે પ્રયત્ન કરે, તેમ થોડા ગુણ પામી આનંદી ન થવું પણ બાકી રહેલ અનંતગુણોની પ્રાપ્તિ માટે ઉદ્યમી બનવું.

० જેનાથી રાગ-દ્વેષોના સંસ્કારો ઘટે અને આત્મસ્વરૂપની ઓળખાણ થાય તે જ્ઞાનને જૈન શાસને ઉત્કૃષ્ટ જ્ઞાન કહેલ છે.

० અર્થ-કામની વિચારણાના પોષણ સાથે ધર્મની આરાધના આટો ફાકવો અને હસવાની જેમ અસંગત છે.

० વૈરાગ્યવૃત્તિ-પોષણપૂર્વક જીવન શુદ્ધિના પંથે ચાલનારાઓ જગતની સામે સુંદર આદર્શ રજૂ કરે છે.

અધ્યાતમ ન ઓળખ્યો, લાધ્યું ન સમતાનૂર;
પંડિત ભયા તો કયા ભયા ? એળે ગુમાવ્યું નૂર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીવાદાંડીના અજવાળાં-૧૧

૦ જીવનની મહત્ત્વની ત્રુટીઓ તરફ -બેદરકાર રહી બાહ્ય જગતની નજરે ગુણી બનવા જેવી ભયંકર ભૂલ અજ્ઞાન-દશાને પ્રદર્શિત કરે છે.

૦ પોતાના ગુણોને છતા કે અછતા સ્વરૂપમાં ઓળખી સમજીને જેટલો સંતોષ અનુભવાય છે, તેના સોમા ભાગે પણ ઢગલાબંધ રહેલા પોતાના દોષોને ઓળખી તેની ચિંતા જો રખાય તો મોક્ષમાર્ગની સિદ્ધિ હથેલીમાં જ છે.

૦ પોતાના અછતા કે અલ્પ ગુણોની પ્રશંસા સાંભળી આનંદ અનુભવાય છે, પણ તેમાં નિર્ગુણી કે અલ્પગુણી પોતાને લોકપ્રશંસાના ધોરણે ગુણવાન માની લેવાની ભૂલથી મિથ્યાત્વનું જ પોષણ થાય છે.

દીવાદાંડીના અજવાળાં-૧૨

૦ આત્મકલ્યાણ સાધવા માટે પુરૂષાર્થને પ્રધાન બનાવવો જોઈએ, કેમકે પ્રયત્ન, સાધ્ય મોહનીયકર્મને ઘટાડવા પ્રસંગે કર્મવાદને પ્રધાનતા આપવાથી જીવનમાં નિરાશાનો સંચાર થાય છે.

ખરેખર ભૂતકાળનો પુરુષાર્થ તે વર્તમાનકાળનું કર્મ છે, અને વર્તમાનકાળનો પુરુષાર્થ તે ભવિષ્યનું કર્મ છે.

ક્રિયા—ગર્વ હૃદયે ધરે, પરનિંદાનો ભાવ;
રણના રોઝ સમાન તે, પામે નહિ સુખ દાવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે જ્ઞાનીઓના વચન મુજબ વ્યવસ્થિત પુરુષાર્થ કરી જીવન સફળ બનાવવું જોઈએ.

○ બનતા સુધી સન્માર્ગ અને ધાર્મિક-સિદ્ધાંતોને ચોક્કસ રીતે વળગી રહેવાની ટેવ પાડવી જરૂરી છે, જેથી આફત કે કસોટીના પ્રસંગે સામાન્યતઃ ધર્મની આરાધના કે સિદ્ધાંતોને પડતા મૂકવાના સ્વભાવ ઉપર કાબૂ આવે અને પરંપરાએ જીવન ધર્મમય બની જાય છે.

દીવાદાંડીના અજવાળાં-૧૩

○ ભોગના કીચડમાં ખુંચેલા, રમા અને રામાની માયામાં ફસેલા અને નામ અને નાકની પાછળ સર્વસ્વ હોમવા તૈયાર થતા માનવીઓ પ્રભુશાસનની મહત્તા સમજી શકતા નથી.

○ આત્માના સહજ સ્વભાવને ન ઓળખી શકવાના કારણે પૌદ્ગલિક પદાર્થોના સંબંધથી થનારા સુખ-દુઃખની ગૂંચ ઉકેલી શકાતા નથી. માટે ગુરુગમપૂર્વક જ્ઞાનીઓના વચનોને સમજી-વિચારી આત્માના સ્વરૂપને સમજવા પ્રયત્ન કરવો જરૂરી છે.

દીવાદાંડીના અજવાળાં-૧૪

○ ધર્મની આરાધના ન કરી શકવાની પોતાની ખામીને 'અમે

ઢોલ નગારા જે બજે, કહે તે પુકાર પુકાર;
ધર્મ વિસાર્યો પશુ થયા. પડે ચામ ઉપર માર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસારી છીએંના પડદાથી ઢાંકવાથી જીવનમાં અશુદ્ધિનો વધારો જ થાય છે. તેથી કોઈ પણ બહાનાનો આસરો ન લેતાં સાચી વિચારશુદ્ધિ કેળવવી જોઈએ.

૦ "અમે સંસારી છીએ"–શબ્દોથી પાપોનો કરાતો બચાવ કરવાની બુદ્ધિ અજ્ઞાન–દશામાંથી જન્મે છે.

૦ હજારોની સાથે જંગ ખેલી શકવાની તાકાતવાળો પણ રજપૂત અફીણના ઘેનમાં ખાટલે મુડદાલ જેવી સ્થિતિમાં પડ્યો હોય છે, તેમ અનંતશક્તિનો ધણી પણ આપણો આત્મા વીર્યોલ્લાસ વગર કર્મના ફંદામાં ફસી હાલ નેર્માલ્ય બની ગયેલ છે.

દીવાદાંડીના અજવાળાં–૧૫

૦ જીવનના બે ભેદ છે. **જડ જીવન** અને **જીવ જીવન.**

પાંચ ઇન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુ–આ દશ દ્રવ્યપ્રાણોની સારવાર અને ગડમથલમાં મસ્ત રહેવું તે **જડ જીવન.**

અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ ચાર ભાવ પ્રાણોની દરકાર રાખી યથોચિત પ્રવૃત્તિઓ કરવી તે **જીવ જીવન.**

ચક્રવર્તીકી સંપદા, દેવલોક કે ભોગ;
કાક–વીટ સમ ગિનત હૈ, સમ્યગ્દષ્ટિ લોગ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ જડ–જીવનમાં મચ્યો રહેનાર મિથ્યાત્વી અને જીવ–જીવ માટે તલસનાર સમ્યક્ત્વી જાણવો.

૦ અઘાતી–કર્મના ઉદયથી ભડકવું અને ઘાતીકર્મના ઘો પરિણામની બેદરકારી રાખવી, આ જાતની મૂર્ખ વિવેકીને છાજે નહિ.

૦ ધર્મની આરાધના જીવનને જડતામાંથી સચેતન બનાવ કરવાની છે. આ વાત સતત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

આત્મિક ઉન્નતિ કેમ સધાય ?

આવી પડતા દુઃખોને સહનશીલતા કેળવી, સમભાવપૂર્વક કર્મનિર્જરાના ધ્યેયથી હસતા મુખે સહવી.

વિષયોની તૃષ્ણાને વૈરાગ્ય અને સંતોષથી દબાવવી.

વ્યાવહારિક જીવનને પવિત્ર અને નમ્ર બનાવવી.

જ્ઞાનીઓના વચનોની સૂક્ષ્મ વિચારણા કરી. દઢ નિશ્ચયપૂર્વક તેવું જીવન જીવવા પ્રયત્ન કરવી.

પૌદ્‌ગલિક વાસનાના પદાર્થોની પ્રાપ્તિથી થતા અહંકારને ધાર્મિક–વૃત્તિથી દબાવવી,

---

કાહેકું ભટકત ફિરે, મુક્તિ પાવનકે કાજ;
રાગ—દ્વેષ દોઈ છોડ દે, એહી સુગમ ઈલાજ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

: ઉપયોગી જીવનસૂત્રો :

* બોલો ઓછું કરો વધારે !

* બોલો ઓછું સમજો વધારે !

* બોલો ઓછું બીજાને બોલવા દો !

* બોલો તોલી તોલીને ! કરો સમજી સમજીને

* સમજણને વર્તનમાં ઉતારો !

* બધા વિના ચાલે પણ ધર્મ વિના ન ચાલે ! !

* સંસારને કેદખાનું માનવાની સમજણ ઉપજાવે તે જ્ઞાન ! ! !

જૈન કોણ ?

- જે પોતાના જીવની જેમ પ્રાણીમાત્રની દયામાં માને તે !
- જે પાપને સાપથી પણ વધુ ભયંકર માને તે !
- બીજાના નાના પણ ગુણને મહાન કરી માને તે !
- જે બીજાના મોટા પણ દોષને "હશે કર્માધિન છે !" એમ કરી મનમાં તિરસ્કાર ન માને તે

પુદ્‌ગલભાવે રાચે નહિ, ફસે નહિ મમતા પાશ;
સોહી અંતર આતમા, પરમાતમ પ્રકાશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

○ જે સંસારના ઉત્કૃષ્ટ સુખને પણ ભયંકર ઝેર તુલ્ય માને તે

સમજુ કોણ ?

○ પોતાની જાતને નમ્ર બનાવે તે.

○ પોતાના દોષોને નિખાલસભાવે કબુલે તે.

○ બીજાના દુઃખને દૂર કરવા જાતે દુઃખી થઇને પણ મથે તે.

○ જ્ઞાનીઓના ચરણોમાં આત્મશુધ્ધિ માટે જાતે સમર્પિત કરે તે.

○ જગતના ઉત્તમ-પદાર્થોની મહત્તા વિવેકબુદ્ધિથી પારખી તેનો સદ્‌ઉપયોગ કરે તે.

સદા યાદ રાખો-૧

○ જીવનના પાયામાં સદાચાર, સંયમ, સહનશીલતા, અને સાદાઈની ઇંટો જેટલી વધુ તેટલી જીવનની ઇમારત મજબૂત થાય

○ વિવેકના ત્રાજવે તોલીને બોલનારો કદી પસ્તાતો નથી.

માનવભવ પામી કરી, શું મેળવીઓ સાર ?
નિર્મલ મનના ભાવથી, કરવો તેહ વિચાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- શત્રુને પણ વખાણવા પ્રેરણા મળે તેવી ગુણ સમૃદ્ધિ મેળવવા પ્રયત્ન કરો.

- પોતાની જાતને સૌથી નાની માનનાર નમ્રતાની મૂર્તિ હોઈ ખરેખર હકીક્તમાં મોટો છે.

સદા યાદ રાખો–૨

- પોતાના દોષને દોષ તરીકે ઓળખવા એ ખૂબજ અઘરું કામ છે, પણ તે કરતાં પોતાનો દોષોને દૂર કરવા મથવું એ સૌથી અઘરું કામ છે.

- જીવન શુદ્ધિ માટે બીજાના ગુણોનું બહુમાન અને પોતાના દોષોનું સાચું ભાન ખૂબ જરૂરી છે.

- જગતના પદાર્થોનો મોહ સમજણથી ટળે છે, માટે જ્ઞાની પુરૂષોના ચરણોમાં બેસી સાચી સમજણ કેળવવી જોઇએ.

સદા યાદ રાખો ૩

- બીજાના નાના પણ ગુણને મોટો કરી તેના પ્રતિ હાર્દિક બહુમાન જાગે તો આપણે ખરા અર્થમાં સમજદાર કહેવાઇએ.

- ગુણવાન તે કે જે ભયંકર પાપીનો પણ તિરસ્કાર ન કરે

બહિરાતમ તે જાણીએ, જે સમજે ન આતમસ્વરૂપ;
માન–મદ–માયા ભર્યો, વળી મિથ્યાત્વી અનૂપ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- બીજા માટે આપણે પરમાર્થવૃત્તિથી કેટલું કરી છૂટયા તેમાં જ ખરી જીવન સિદ્ધિ છે.

- આપણા વિચારો વર્તન સાથે મેળ ન ખાય તો સમજુ માણસે ધીરજથી વિચારવું ઘટે કે અશક્તિ છે કે આસકિત છે. !

સદા યાદ રાખો–૪

- સંસારની ચાલે ચાલવામાં શાણપણ નથી ! પણ સમજણ પૂર્વક વિચારોને અમલમાં મુકવામાં છે. !

- વિકારોના તોફાની ઘોડા જ્ઞાન અને વિવેકની લગામથી કાબૂમાં રાખવાથી અંતરની શકિતઓ ઝડપભેર વિકસે છે.

- સહુની ચાહના સુખ–શાંતિની છે, પણ તે અંગેના સાધનોની ઓળખાણમાં ભૂલ થાય છે, આનાથી અજાણતાં પણ દુઃખ અશાંતિમાં ફસામણી થાય છે.

જરા વિચારો–૧

- ધર્મની આરાધનાથી સંસારી સુખોની માંગણી કરવી એ ખરેખર દવા ખાઇને પણ રોગે વધારવા જેવું નથી ?

- સંસારના પદાર્થો વાસનાને પોષનારા હોઈ તેના સંયોગે અશાંતિ વધારનાર વાસના ભડકે તો ચિત્ત–શાંતિ તેમાં શી

જાવું જરૂર દુનિયા તજી, થિરતા નહિં આ ઠામ;
તે માટે ધર્મક્રિયા કરી, સાધો આતમકામ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે મળે ?

- દરેક કામ કરતાં પહેલા પરિણામનો વિચાર જરૂરી છે, તો દુનિયાની સઘળી પ્રવૃત્તિનું પરિણામ દુઃખ–અશાંતિ સિવાય શું છે ? એ વિચારણા વિવેકીએ જરૂર કરવી ઘટે.

- સંસારના ચીલે ચાલવામાં ડહાપણ છે જે સમજદારી પૂર્વક ચાલવામાં ?

જરા વિચારો–૨

- સંસારની રીતે મન–મરજી પ્રમાણે જીવન જીવવામાં આપણી શક્તિઓ કેટલી વેડફાઈ છે ? તે વિચારવા જેવું છે.

- શાંતિ પ્રયત્નથી મળતી નથી, પણ સમજણપૂર્વક વિચારોની દિશા બદલવાથી શાંતિ સહજ રીતે અનુભવાય છે.

- દરેક કામ કરતાં પહેલા પરિણામનો વિચાર જરૂરી છે. તો દુનિયાની સઘળી પ્રવૃત્તિનું છેવટનું પરિણામ દુઃખ અશાંતિ સિવાય શું છે ?

જરા વિચારો–૩

- જ્ઞાનીઓના શરણે વિનયથી બેસી દૃષ્ટિની કેળવણી કર્યા વિના વસ્તુનું સાચું સ્વરૂપ સમજાતું નથી.

જો ચાહો શુભભાવસે, નિજ આતમકલ્યાણ.
તીન સુધારો પ્રેમસે, ખાન પાન પરિધાન;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- ભોગની વાસના મનને બહેકાવી દે છે, તેથી સદ્વિચાર વિવેક કે સમજણને વ્યવહારુ બનવા માટેની ભૂમિકા ખલાસ થઇ જાય છે.

- ક્રોધ ભયંકર છે, એ વાત સહુ જાણે છે, પણ તેની ઉત્પત્તિના સંયોગે વાતાવરણનો સાચો અભ્યાસ કર્યા વિના શાબ્દિક રીતે ક્રોધ કરાય છે. – એટલું જાણવા માત્રથી ક્રોધ ટળી ન શકે.

- અહંભાવ પાપરૂપ ઝેરને વધારનાર છે.

ધર્મ ક્રિયા કયારે ફળે ?

મહાન પુણ્યના ઉદયથી શ્રી વીતરાગ પરમાત્માના શાસનની પ્રપ્તિ થઇ છે. પરિણામે રાગાદિ દૂષણોને દૂર કરવા ઉપયોગી વિવિધ ધર્મક્રિયાઓ આચરવાની સોનેરી તક મળી છે

પણ—

ધર્મ ક્રિયા ત્યારે ફળે કે જયારે આરાધક પુણ્યાત્મામાં નીચેના ગુણ હોય

- ગુણાનુરાગ
- સંસારનો ભય
- જ્ઞાનીની નિશ્રા
- આજ્ઞાની વફાદારી
- વિધિનો આદર
- સુદઢ વૈરાગ્ય
- વિવેક બુદ્ધિ

પુણ્યનું ફળ ઇચ્છે સહુ, પુણ્ય કરે નહિ કોય;
પાપનું ફળ ઇચ્છે નહિ, પાપ કરે સહુ તોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરના ગુણોનો વિકાસ વ્યવસ્થિત રીતે કરવા માટે દરેક આરાધકે પ્રયત્ન કરવો જરૂરી છે.

ધર્મક્રિયાનો પાયો

પાયા વગર ઇમારતનું ચણતર સ્થાયી બનતું નથી, તે રીતે કર્મના બંધનોને ઢીલા કરનાર ધર્મક્રિયા રૂપ ઇમારતને ટકાઉ બનાવવા માટે ગુણાનુરાગ દષ્ટિ અને પોતાની ભૂલનો એકરાર કરવાની વૃત્તિ બે ચીજો ખૂબ અગત્યની છે.

સંસારી રીતે આત્માની બીજાના દોષો જોવાની અને પોતાની ભૂલો છાવરવાની કુટેવથી ધર્મ. ક્રિયાઓની આરાધનામાંથી નિર્મળતાનું તત્ત્વ ઉપજી શકતું નથી.

માટે બીજાના ગુણો અને પોતાના દોષો તરફ વૃત્તિ રાખી ધર્મની આરાધના કરવી જરૂરી છે.

સુખ શામાં છે ?

આપણા જીવનમાં સુખૈષણા અનાદિકાળની છે, પણ વચ્ચે અવરોધ રૂપે રહેલ દુઃખના ડુંગરાઓ ઓળંગતા જ આખુ જીવન પુરુ થઈ જાય છે, પરિણામે સુખૈષણાની પ્રવૃત્તિ શૂન્ય બની રહે છે.

તૃષ્ણા સીંચી ના બુઝે, દિન દિન બઢતી જાય;
કાષ્ઠ ઘૃતાદિના હોમથી, જિમ અગ્નિ-બળ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખના ડુંગરાઓ આવ્યા કયાંથી ?....હકીકતમાં આપણે ઈન્દ્રિયો અને મનના રવાડે ચઢી અણસમજમાં આ દુઃખના ડુંગરાઓ આપણી જાતે જ અવળી પ્રવૃત્તિઓ દ્વારા ઉત્મા કર્યા છે.

એટલે વિવેક પૂર્વક ઇન્દ્રિયો અને મનની ગુલામીમાંથી મુકત બનીએ તો સુખનો સાગર આપણામાં જ લહેરાઈ રહ્યો છે. તે માટે કયાંય ભટકવાની જરૂર નથી.

આપણી સમજણ–શકિતની ગેરહાજરીમાં અવળી દિશાના પુરુષાર્થને અટકાવી ન શકવાથી અજાણતાં પણ દુ ખના ડુંગરા ઉભા થાય છે.

માટે વિવેકના પ્રકાશમાં સમજણ–શકિતની કેળવણીથી સુખ સહેલાઈથી અનુભવાય છે.

શું આ ઉચિત છે ?

- અર્થ–કામની વાસનાની ગુલામીમાં અનેક કર્મોના બંધનનોમાં આત્માને જકડી દેવો ઉચિત છે ?
- બીજાની નિંદા કરી પોતાની જાતને વધુ ડાહી માનવી ઉચિત છે ?
- આપણા અહંકારને પોષવા માટે બીજા પાસે દીનભાવે ભૌતિક–પદાર્થોની ભીખ માંગવી ઉચિત છે ?

માણુસ સો હી જાણીએ, જાંહી વિવેક વિચારી;
જાંહાં વિવેક વિચાર નહીં, સો નર મૂઢ ગમાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

○ જીવનને ઉજ્જ્વળ બનાવવા માટે બનાવટી-સાધનોના ચકાવે ચઢી ભળતી પ્રવૃત્તિ કરવી ઉચિત છે ?

સુખશાંતિનો રાજમાર્ગ

પ્રાણીમાત્ર સુખ-શાંતિને ઇચ્છે છે, પણ સંસ્કારોની પરવશતાથી અનિચ્છાએ પણ આપણે દુઃખમાં ફસાઇએ છીએ, તેમજ માર્ગદર્શક રાહબર કોઇ ન હોઇ સંસ્કારોની દોરવણી તળે આપણે ચાલીએ છીએ.

તેથી જગતના પ્રાણીમાત્રનું એકાંત-હિત કરવાની અપૂર્વ-શકિતવાળા શ્રી અરિહંત પરમાત્માનું સર્વાધિક મહત્વ જણાવ્યું છે.

કેમકે તેઓ જગતના અજ્ઞાન-મૂઢ પ્રાણીઓને જીવનશુધ્ધિ અને સુખશાંતિનો રાજમાર્ગ દર્શાવે છે.

શ્રી અરિહંત પરમાત્માની અનંત ઉપકારીતાને નજર સામે રાખી તેઓ પ્રતિ અંતરના ભકિત-બહુમાન સાથે આપણે કૃતજ્ઞ બનવું જરૂરી છે.

જ્ઞાન એટલે શું ?

જ્ઞાન એટલે "જાણકારી" નહીં, પણ "સમજણ" જ્ઞાનનું અસલી સ્વરૂપ છે.

રે જીવ ! સુણ તું બાપડા, હિયે વિમાસી જોય;
સુખ દુઃખ આપ કમાઇએ, દોષ ના દીજે કોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેનાથી સારી પ્રવૃત્તિ થાય અને ખોટી પ્રવૃત્તિ બંધ થાય તે જ્ઞાનનું ફલ છે.

અંતરથી સમજણ રૂપે વસ્તુથી થતા નફા-નુકશાનને સમજ્યા વિના સારી પ્રવૃતિ થઈ શકતી નથી.

એટલે વિવેક-બુદ્ધિના પ્રકાશમાં હિતકારી-વસ્તુની ઓળખાણ અને અહિતકારી વસ્તુના પરિચય તે સમજણ-જ્ઞાનનું અસલી સ્વરૂપ છે.

અંતરની શુદ્ધિ

શુદ્ધિનું તત્ત્વ અસલી છે, વિકારી-વાસનાઓ કર્મના ઉદયથી ઉપજે છે.

વિવેકપૂર્વક વાતાવરણ આહાર-વિહાર અને પહેરવેશની સાત્ત્વિકતા જાળવવાથી વિકારી તત્ત્વ કાબૂમાં રહે છે.

અંતરની શુદ્ધિ માટે મહત્ત્વના સાધનો

- શ્રી નવકારનો જાપ
- શ્રી વીતરાગ પ્રભુભક્તિ
- સત્સંગ
- સ્વાધ્યાય અને
- **ગુણાનુરાગદૃષ્ટિ.**

દોષ દીજે નિજ કર્મને, જિણે ન કીધો ધર્મ;
ધર્મ વિના સુખ નવિ મિલે, એ જિનશાસન મર્મ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એનું શું કારણ ?

પાપ કરીને તેને છુપાવવાનું મન કેમ થાય છે ?

પાપ કર્યા છતાં 'મેં નથી કર્યું" એવો દેખાવ આપણે કરવા માંગીએ છીએ, એ શું સુચવે છે કે પાપ એ કરવા લાયક નથી જ ! છતાં પાપ કરીએ છીએ ! એનું શું કારણ ?

ડાહ્યા લાગતા માણસો પણ વિકારી-ભાવોના ઉદયમાં વિવેકહીન બની જાય છે, ન કરવાના કામો હોંશિયારીથી ઉમંગથી કરે છે, એનું કારણ શું ?

વર્ષોથી ધર્મની ક્રિયા આચરવા છતાં અંદરના સંસ્કારો ઢીલા પડવાને બદલે કયારેક ભભકે છે, વધે છે. એમ કેમ થતું હશે ?

આપણું કર્તવ્ય

o આપણું જીવન સંસ્કારોની ગુલામીથી ભરેલું છે, પુણ્યાત્માઓ સંસ્કારોને ઓળખી સમજણપૂર્વક રોકી કર્તવ્યનિષ્ઠ બની રહે છે.

o સંસ્કારોની અસરને ઓછી કરવા જ્ઞાની-ભગવંતોના વચનોને વારંવાર સાંભળી હૃયામાં ઘૂંટવા જોઈએ.

ગુણ બોલે નિંદે નહીં, તે સોભાગી હોય;
અવગુણ બોલે પરતણાં, તે નર દુર્ભાગી સોય.

- શાસ્ત્ર એ દીપક સમાન છે, તેનાથી હૈયામાં વિવેકનું અજ-વાળું પથરાય છે, તેથી વિવેકપૂર્વક શાસ્ત્રશ્રવણ જરૂરી છે.

- જીવન-શુદ્ધિનો આધાર વિવેકની જાગૃતિ ઉપર છે, એટલે આપણા વ્યવહારમાં સમજણની માત્રા વધે તેમ કરવાની જરૂરી છે. જેથી આપણું જીવન નિર્મળ થવા પામે.

જીવન-શુદ્ધિનું રહસ્ય

આપણે મોટે ભાગે અશુભ સંસ્કારો-ભૂતકાલીન અવળા પુરુષાર્થની અસર તળે જીવીએ છીએ.

અશુભ સંસ્કારો આપણી જીવન-શક્તિનો કબજો જમાવી બેઠા છે.

જેથી સમજણ વિવેક કે કર્તવ્ય-નિષ્ઠાના પગથારે ટકી શકતા નથી.

તેથી આપણી પવિત્ર ફરજ થઈ પડે છે કે જ્ઞાની સદ્ગુરુના ચરણોમાં બેસી આત્મ-નિરીક્ષણ કેળવી આપણા જીવનની પ્રક્રિયામાં ઘુસી ગયેલ અશુભ-સંસ્કારોના તત્ત્વને નિષ્ક્રિય બનાવવા જેમ બને તેમ આપણે વીતરાગ પ્રભુની વાણીનું શ્રવણ વિધિપૂર્વક કરીએ.

અનુમોદનથી ફળ લહે, નિંદાથી ઘટ જાય;
માટે પુણ્ય અનુમોદના, પાપની નિંદા થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી માર્ગદર્શક શ્રી સદ્ગુરુની આજ્ઞાને પ્રધાનતા આપી પોતાની કક્ષાને અનુરૂપ કર્તવ્યની ભૂમિકાને વળગી રહી વિશિષ્ટ રીતે અશુભ સંસ્કારોને જીવાડનાર મોહ–અજ્ઞાન–અવિવેકને હટાવવા સક્રિય પ્રયત્ન કરીએ.

સમજવા જેવા સૂત્રો–૧

- આત્માને કર્મના બંધનમાં ફસાવનાર ઇચ્છાઓ છે.
- પોતાના દોષોનું ભાન થવું તે જ્ઞાનનું ફળ છે.
- પવિત્રતા સુંદરતા વિના શોભે છે ! પણ સુંદરતા પવિત્રતા વિના ન શોભે !
- જગતના પદાર્થો ન ગમે ત્યારે સમજવું કે શ્રી વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ ધર્મની આરાધનાનું મૂળસમું સમ્યકત્વ પ્રગટ્યું છે.

સમજવા જેવા સૂત્રો–૨

- જીવનને ઉન્નત બનાવવા માટે

  બે ચીજ જરૂરી–

  રસનેન્દ્રિયનો સંયમ

  અને

  આત્મચિંતન ! ! !

સકલ સામગ્રી તેં લહી, જિણે તરીએ સંસાર
પ્રમાદવશે ભવ કાં પડે, કર નિજહૈયે વિચાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

° જીવનને વિકાસના પંથે લઈ જનારા
બે મહામંત્રો !

–પોતાના ગુણોને પોતાની મહત્તાની આબિતી રૂપે કદી ન મૂકવા !

–પગ તળે જોવાનું ભૂલી જઈ પારકી વિચારણામાં સમય બરબાદ ન કરવો.

સમજવા જેવા સૂત્રો–૩

° ધર્મની આરાધનાની સફલતાની પારાશીશી રૂપ બે બાબતે

–સ્વદોષદર્શન
અને
વિષય–કષાયનો ઘટાડો ! ! !

° જીવનની સફલતા ચારમાં !
–વીતરાગ પ્રભુની ભક્તિ !
–ગુણવાન મહાપુરૂષોની સેવા !
–સાધર્મિક ભક્તિ !
–ધર્મની સંસ્કારમય આરાધના.

શ્રી નવકાર મહામંત્ર કેમ ?

મન્ = મનને ત્ર = બચાવે
તેનું નામ મંત્ર ! ! !

જે રસે પાપ કરે તુંહી, કે રસે કરે જો ધર્મ;
અનાદિભવ અનંતના, સવિ છૂટે તો કર્મ.

બીજા મંત્રોના જાપથી ઈષ્ટસિદ્ધિ થાય, અને મન ચંચલ થતું અટકે !

પણ શ્રી નવકારથી દરેક આફતના મૂળ કારણ સમાન અજ્ઞાન, મોહ અને અવિવેકની ભૂમિકા પલટાઈ જાય છે.

જેથી શ્રી નવકારના શક્તિ—સંપન્ન વર્ણોના જાપથી તાત્કાલિક દુઃખો તો જાય જ ? પણ ! ભવિષ્યમાં કદી દુઃખ આવે જ નહીં તેવી ભૂમિકા શ્રી નવકારથી જ સર્જાય છે, માટે શ્રી નવકારને મહામંત્ર કહ્યો છે.

શ્રી નવકાર શા માટે ગણવા ?

— કર્મને નહીં પણ

કર્મની પરંપરા તોડવા માટે !

— દુઃખને નહીં પણ

દુઃખના મૂળ કારણ ખસેડવા માટે !

— મરણને નહીં પણ

મરણની પરંપરા હઠાવવા માટે !

— પાપ નહીં પણ

પાપ કરવાની વૃત્તિ દૂર કરવા માટે !

મરનેસે સબ કોઈ ડરે, મરી ન જાણે કોય;
પંડિતભાવે જો મરે, તો ફિર જન્મ મરણ ન હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નવકારનો પ્રભાવ

શ્રી નવકારના જાપથી નીચે મુજબ દોષોનો નિગ્રહ અને વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ થાય છે.

પરમેષ્ઠી	વિષય-નિગ્રહ	દોષજય	વિશિષ્ટ-ગુણપ્રાપ્તિ
અરિહંત	શબ્દ	મિથ્યાત્વ	જ્ઞાનાચાર
સિદ્ધ	રૂપ	લોભ	દર્શનાચાર
આચાર્ય	ગંધ	માયા	ચારિત્રાચાર
ઉપાધ્યાય	રસ	માન	તપાચાર
સાધુ	સ્પર્શ	ક્રોધ	વીર્યાચાર

શ્રી નવકાર મહાન કેમ ?

બીજા મંત્રોથી પુણ્યના ઉદયને સાપેક્ષ અનુકૂળ સામગ્રી મળી રહે !

પણ આપણી-શક્તિઓના અવરોધોને ખસેડવાની શક્તિ શ્રી નવકારમાં જ છે !

શ્રી નવકારના જાપથી જીવનના વિકાસ માટે આવનારા પાપો અને પાપ કરવાની વૃત્તિ જ નિર્મૂળ થઈ જાય છે.

તેથી શ્રી નવકાર મહાન છે ! ! !

સુખદુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યો, ભોગવીએ તે સોય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજવા જેવી વાત ! ! !

દુનિયામાં કહેવત છે કે – **"ચમત્કાર ત્યાં નમસ્કાર"** એટલે કે કંઈક અવનવું લાગે તો દુનિયા ઝુકે !

પરંતુ વિચાર અને બુદ્ધિની સીમા ટૂંકી હોય અગર સમજણનો માનદંડ બહુ ચોક્કસપણે કેળવાયો ન હોય ત્યાં સુધી **"ચમત્કાર ત્યાં નમસ્કાર"**ની વાત મીઠી લાગે.

હકીકતમાં આપણામાં અહંકાર–મમતા–આસક્તિ ભરેલ, હોય તો બુદ્ધિ અને વિચારોનું ક્ષેત્ર સાંકડુ જ હોય ! સમજણ પણ પૂર્ણરૂપે ખીલે નહીં. કેમકે અહંકાર, મમતા, આસક્તિ વિકાસના અવરોધક તત્ત્વો છે.

તેથી વિનય–વિવેકપૂર્વક ઉચ્ચ કોટિના ગુણીયલ મહાપુરુષપ્રતિ નમસ્કારની ભાવના હોય ત્યાં આપણી બુદ્ધિમાં ન બેસે, વિચારોમાં ન હોય, તેવી અવનવી શક્તિઓનો વિસ્ફોટ અંતરમાંથી થતો આપણને અનુભવાય ત્યારે **"નમસ્કાર ત્યાં ચમત્કાર"**ની વાત ઉચિત અને સંગલ લાગે ! ! !

આથી શ્રી નવકાર મહામંત્રના સ્મરણ–જાપ–ધ્યાનમાં યથાશક્તિ વધુ સમજ મેળવવી જરૂરી છે.

પુદ્‌ગલરાગે વિવિધ વેદના, વર અનંતી વેદી;
પુણ્યસંયોગે નરભવ લીધો, નરક તિર્યંચગતિ ભેદી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈન કોણ ?

૦ 'હાલે ચાલે તે જીવ' એ વ્યાખ્યા સ્થૂળ છે, પણ ચૈતન્ય-શક્તિના ઓછા વિકાસવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિમાં પણ જીવનું લક્ષણ ધરાવી તેની જયણા કરવાનું પવિત્ર કર્તવ્ય અમલમાં મૂકે તે જૈન !

૦ જનસામાન્ય તે ! જનતા !

તેમાં જ્ઞાન અને ક્રિયાની એ માત્રા ઉમેરાતાં જૈન બનાય છે.

એટલે કે આત્મશક્તિના વિકાસને રૂંધનારા કર્મોની ઓળખાણ રૂપ **સમ્યગજ્ઞાન** અને તેને ખસેડવા જ્ઞાનીઓની આજ્ઞા મુજબ કર્મનિર્જરાના ધ્યેયથી કરાતો જે પુરુષાર્થ તે **સમ્યગ-ક્રિયા. આ બેમાં જેનો વિશ્વાસ તે જૈન**

વિવેક એટલે...!!!

જીવનમાં વિવેકબુદ્ધિ મહત્ત્વની છે. કેમકે તેનાથી માનુસ કર્તવ્યમાં પાંથે ધપી શકે છે-ટકી શકે છે.

પણ **વિવેક** એટલે માત્ર સારા-નરસા પદાર્થોની સમજણ નહીં. પણ જમતાં થાળીમાં કાંકરાને ઉપાડી દૂર ફેંકવાની તમન્નાભરી પ્રવૃત્તિ હોય છે. તેમ વિવેક-બળે ભૌતિક ઉચ્ચકોટિના પદાર્થોને પણ ખારા ઝેર સમાન સમજી મોહ-માયાના બંધનો ફગાવી દેવાની તત્પરતા થવી જરૂરી છે.

અતિ દુર્લભ દેવનકું નરભવ, શ્રી જિનદેવ વખાણે,
શ્રવણ સુણી તે વચન સુધારસ. ભવનો ત્રાસ કાં ન આણે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મક્રિયાનું રહસ્ય

જ્ઞાનીઓ જણાવે છે કે ધર્મની ક્રિયાથી કર્મ બાંધવાની ક્રિયા અટકે છે.

- ધર્મની ક્રિયા—સવળો પુરુષાર્થ
- કર્મની ક્રિયા—અવળો પુરુષાર્થ

શાસ્ત્રની આજ્ઞા, વિધિ તથા ગુરુની નિશ્રા સાથે કરાતી ધર્મની ક્રિયા બંધનોને તોડી શકે છે,

માટે વિવેકીઓએ યથાશકય-પ્રયત્ને વિધિનો આગ્રહ કેળવવા તથા જ્ઞાની મહાપુરુષોના ચરણોમાં બેસી ધર્મની ક્રિયા કરવાનો વિવેક મેળવવો જરૂરી છે.

આવી ધર્મક્રિયા એ ખરેખર જીવનનો લ્હાવો છે.

ઇંદ્રિયોનો જય શી રીતે ?

માનવી સમજણ-વિવેકબુદ્ધિના ધોરણે સહુ કરતાં ચઢીયાતો છતાં પાંચ ઇંદ્રિયોની ગુલામીના કારણે પોતાની શક્તિઓ વિકસાવી શકતો નથી.

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચ વિષયોના મોહમાં સપડાયેલ આત્મા ભાન ભૂલીને ઇંદ્રિયોનો ગુલામ થઇ જાય છે.

આદર જીવ ! ક્ષમાગુણ આદર, મ કરીશ રાગ ને દ્વેષ;
સમતાઃ શિવસુખ પામીજે. ક્રોધે કુગતિ વિશેષ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઇંદ્રિયોના સુખ ક્ષણિક છે, અને પરિણામે ભયંકર અનર્થ ઉપજાવે છે. આની સ્પષ્ટ વિચારણા કરવાથી ઇંદ્રિયોનો જય સરળ બને છે.

દુઃખનું કારણ અને વારણ

સઘળા દુઃખનું કારણ **કષાય** છે. **કષાય** જેમાં જીવો કસાય=દુઃખી થાય તેનું નામ **કષ**–સંસાર, તેનો **આય**=પ્રાપ્તિ જેનાથી–તેનું નામ **કષાય.**

કષાયના ૪ ભેદ છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ,

વ્યવહારમાં ગુસ્સાને કષાય તરીકે ઓળખાવાય છે, પણ ગુસ્સો જેનાથી ઉપજે છે તે જગતના પદાર્થોનો રાગ અને તેમાંથી ઉપજની વૃતિઓ ખરેખર **કષાય** છે.

કષાયથી તીવ્ર કર્મ બંધાય છે, એ વિચારી તેના નિગ્રહ માટે પ્રયત્ન કરવો જોઇએ.

કષાયોનો નિગ્રહ શી રીતે ?

જીવનમાં ખળભળાટ ઉપજાવનાર કષાયો ખરેખર યોગ્ય રીતે કાબૂમાં ન લેવાય તો જીવન–શકિતઓ ડોલાઈ જાય છે.

તેથી સમજણ પૂર્વક વિવેક કેળવી કષાયોને કાબૂમાં લેવા

સમતા સંજમસાર સુણીજે, કલ્પસૂત્રની સાખે;
ક્રોધ પૂર્વ કોડિ ચારિત્ર બાળે, ભગવંત એણી પરે ભાખે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નીચે મુજબ પ્રયત્નો કરવા જરૂરી છે.

૦ જડ પદાર્થની આસક્તિમાંથી તીવ્ર ઈચ્છા રૂપ **લોભ,** ઉપજે છે.

૦ ઈચ્છાની પૂર્તિ માટે **માયા** કરવી પડે છે.

૦ ઈચ્છાની પૂર્તિ થવાથી **માન** ઉપજે છે.

૦ ઈચ્છાની પૂર્તિમાં ડખલ કરનાર ઉપર **ગુસ્સો** આવે છે.

તેથી વિવેકપૂવર્ક જડ–પદાર્થોની આસક્તિ ઘટાડવા પ્રયત્ન કરાય તો **કષાયો** આપોઆપ નબળા પડી જાય ! ! !

સંસ્કારો સુધરે શી રીતે ?

આપણા જીવનમાં ઘણીવાર અનિચ્છાએ પણ અમુક પ્રવૃત્તિઓ થઈ જાય છે, જેનું કોઈ પરિણામ સારૂં નથી હોતું.

આવું કેમ બને છે ? તે સંબધી જ્ઞાનીઓ ફરમાવે છે કે–

આપણા જીવનમાં આચરાતી સારી–ખોટી પ્રવત્તિઓના સારા–ખોટા સંસ્કારો રહી જાય છે. તે સંસ્કારો બાહ્ય નિમિત્ત પામી સક્રિય બને છે.

પરિણામે જીવનમાં ઘણી પ્રવૃત્તિઓ અનિચ્છાએ પણ થવા પામે છે, આ સંસ્કારોની પકડમાંથી છુટવાનો ઉપાય એક જ છે કે–

દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઇએ તેહના દાસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાહ્ય સંયોગો–વાતાવરણ આદિથી સંસ્કારો સક્રિય બને છે, તો અશુભ વાતાવરણ કે સંયોગથી દૂર રહેવાય, અને શુભ વાતા–વરણમાં રહેવાનો પ્રયત્ન થાય તો સંસ્કારો આપમેળે ઘસાઇને ખલાસ થાય, માટે સારા વાતાવરણમાં રહેવું જરૂરી છે.

જીવનનું ઘડતર શી રીતે ?

જીવન ખળખળ વહેતા ઝરણાની માફક વહી રહે છે, પણ તે જીવનની શકિતઓ વિશિષ્ટ દેશ–કાળ વાતાવરણના સંયોગને પામી યોગ્ય રીતે રૂપાંતરિત થાય છે.

સારા–દેશ—કાળ–વાતાવરણના સંયોગે જીવનશક્તિઓ ઉર્ધ્વમુખી બને છે.

તેથી આપણા જીવન–પ્રવાહમાં બાહ્ય સંયોગો, વાતાવરણ આદિની થતી અસરને ધ્યાનમાં રાખી વિવેકપૂર્વક જીવનશક્તિ–ઓનું સારું ઘડતર થાય તે અંગે ખૂબ ધ્યાન આપવાની જરૂર છે.

આહાર, વિહાર, વેષભૂષા, રહેણી–કરણી આદિ બાબતો પણ આપણી જીવન–શકિતઓને સારી–નરમી સ્થિતિમાં લાવી મુકે છે. એટલે તે અંગે પણ પુરતું ધ્યાન આપવું જરૂરી છે.

ટૂંકમાં આપણી જાગૃતિ હોય તો જીવન–શકિતઓ ખોટે

સમતાસે લય લાઇએ, ધરી અધ્યાતમરંગ;
નિંદા તજીએ પરતણી, ભજીએ સંયમ ચંગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રસ્તે જતી અટકે છે, તેથી સમજણપૂર્વક જવાબદારીનું લક્ષ્ય કેળવવું જરૂરી છે.

જીવનની સફળતા શામાં ?

મહાપુણ્યે મળેલ વિવિધ ઉત્તમ સામગ્રીવાળા જીવનની સફળતા શામાં ?

આ એક મહત્વપૂર્ણ બાબત છે.

મહાપ્રયત્ને મેળવાતી ઉત્તમ ચીજ જો વ્યવસ્થિત રીતે સદુપયોગમાં ન આવે તો અક્ષમ્ય ભૂલ ગણાય !

તેથી દરેક જન્મમાં ભોગવાતી વિષયવાસનાના કીચડને ફેંદવામાં મહામૂલા જીવનનો ઉપયોગ ખરેખર વેડફામણી છે.

આ ઉપર ખૂબ ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે.

જ્ઞાનનું મહત્ત્વ

જ્ઞાન એટલે શું ! ! !

જ્ઞાનનો અર્થ જાણકારી થાય છે ખરો ! પણ જાણકારી રૂપે ઓળખાતું જ્ઞાન વિવેકના પ્રકાશને ઉપજાવતું નથી.

પણ સમજણ રૂપનું જ્ઞાન સારા-નરસાનો વિવેક ઉપજાવે છે, **તેથી જ્ઞાન એટલે સમજણ અર્થ બરાબર લાગે છે.**

દેખાય તે ચેતન નહીં, ચેતન નહીં દેખાય;
શોધ-તોપ કિણશું કરે, આપહી આપ બુઝાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ સમજણમાં પણ ભૌતિકવાદી ટૂંકી વિચારસરણિ રહે તો સમજણ રૂપનું જ્ઞાન પણ છેવટે જીવન–શુદ્ધિમાં ઉપયોગી ન રહે.

તેથી અંતરની શુદ્ધિ માટે મહાપુરુષોની નિશ્રામાં રહી આપણા કર્તવ્યોની મર્યાદા સમજાવનારું જ્ઞાન હકીકતમાં મહત્ત્વનું છે.

આ જ્ઞાન આવે એટલે સ્વ–દોષદર્શન અને ગુણાનુરાગ–દષ્ટિ આવ્યા વિના ન રહે.

આવા જ્ઞાનના સ્વરૂપને અમલમાં મુકી આપણી અશુદ્ધિઓ ટાળવા પ્રયત્ન શીલ બનીએ !

જીવનશુદ્ધિનો ઉપાય ?

૦ આપણા જીવનમાં ડગલે ને પગલે અંતરમાં કામ ક્રોધ, મદ, મોહ, માન આદિનું જોર કામ કરતું હોય છે.

આત્મા પોતાની શકિતઓને આગળ લાવવા મથે તો પણ આ બધા વિકારીભાવો આડે આવે છે.

તેથી જ્ઞાનીઓએ બતાવેલ પદ્ધતિ પ્રમાણે ધર્મની ક્રિયાઓ કરવાથી કામ–ક્રોધાદિ અંતરના વિકારોને કાબૂમાં લઇ આત્મશકિતઓને આગળ વધવા દેવા પ્રયત્ન કરવો જરૂરી છે.

આતમજ્ઞાને મન ધારે, વચન–કાય–રતિ છોડ;
તો પ્રકટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ.

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

કામ–ક્રોધાદિ વિકારો અંતરમાં કેટલા અને કેવા છે. ? તેની જાણકારી અંતર્નિરીક્ષણ વિના ખબર ન પડે તેથી શાંત-ચિત્તે ધર્મક્રિયાઓના આચરણથી આપણી અંદર ડોકીયું કરી અંતર્નિરીક્ષણના બળે કામ–ક્રોધાદિ વિકારોને પારખવા જરૂરી છે.

વિવેકીઓએ આ દૃષ્ટિકોણથી ધર્મની આરાધના કરી જીવન-શુદ્ધિના પંથે આગળ ધપવા પ્રયત્ન કરવો.

ઉપયોગી શિખામણ ! !

o જીવનને ઉન્નતિના પંથે ચઢાવનાર બે બાબતો

- o પોતાની ભૂલોનો સ્વીકાર
- o બીજાના ગુણોનું બહુમાન

ગમે તેવા વિદ્વાન, જ્ઞાની, કે તપસ્વી પણ ઉપરની બે બાબતોને ન અપનાવે તો જીવનશુદ્ધિના પંથે આગળ ધપી શકતો નથી.

કોનું દૂષણ ?

- o ધર્મનું દૂષણ – દંભ
- o ક્રિયાનું દૂષણ – પરપંચાત
- o જ્ઞાનનું દૂષણ – અભિમાન
- o ધ્યાનનું દૂષણ – ચંચળતા

પલપલ છીજે આઉખું, અંજલિ જલ જ્યું જેહ;
ચલતે સાથે સંબલો, લઈ શકે તો લેહ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- ૦ જીવનનું દૂષણ – પાપવૃત્તિ
- ૦ ભક્તિનું દૂષણ – ફળની માંગણી
- ૦ અભ્યાસનું દૂષણ – આળસ
- ૦ સાધનાનું દૂષણ – સ્વચ્છંદતા

જીવન ઉન્નત શી રીતે બને ?

હું અને મ્હારૂંની ટૂંકી ભાવનાથી જીવનના વિકાસમાં કામ-ક્રોધ, લોભ, અને મોહના અવરોધો આવે છે.

તેથી નિષ્ઠાપૂર્વક સમજણ કેળવી જગતના વિશિષ્ટ મહાપુરુષરૂપ પંચ-પરમેષ્ઠીઓના શરણે જીવન ને સમર્પિત કરી દેવાથી અંह-मम ની વિકૃતિ હઠી જાય છે.

વળી વિચારોમાં અહંભાવ અને મમતાના કારણે જડતા આવવાથી ઉત્પન્ન થતો કદાગ્રહ પણ ઘટવા પામે છે. નમ્રતા અને નિખાલસતા વિકસે છે. **પરિણામે જીવન ઉન્નત બને છે.**

સ્વતંત્રતાનું રહસ્ય

પરહિતકારી-જ્ઞાની મહાપુરુષોએ જોરશોરથી એક વાત ઢોલ પીટીને કહે છે કે—

જબ તેરા જગમેં જન્મ હુઆ, જગ હસે તુમ રોય;
અબ કરણી ઐસી કરો, તુમ હસે જગ રોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મા અનંત શકિતઓનો ધણી છે છતાં અણસમજમાં મન વચન અને કાયા દ્વારા શક્તિઓને અવળી દિશામાં વાપરવાથી પુદ્ગલ–જડ–ચેતનારહિત–કર્મસત્તાની બેડીમાં ફસાઈ ગયો છે.

વિશિષ્ટ પ્રકારના વિવેકને કેળવી જ્ઞાનીઓએ ચીંધેલા પંથે જાતના સમર્પણ સાથે ચાલવાના પુરુષાર્થથી કર્મના બંધનોને આત્મા તોડી શકે છે.

આ જાતની હકીકતમાં જડપદાર્થોની પકડમાંથી આત્મા છુટે તેનું નામ સ્વતંત્રતા છે.

લૌકિક પરિભાષામાં ૧૫મી ઓગષ્ટને આઝાદીનો દિવસ કહેવાય છે.

પણ સહુના અનુભવની વાત છે કે કહેવાતી આઝાદી પછીના વર્ષોમાં જીવનના સર્વક્ષેત્રોમાં સ્વતંત્રતાના પરદા પાછળ સ્વછંદતાના પોષણ રૂપે અનુશાસન વિહીનતા વધી રહી છે.

પરિણામે આજે નાનાથી માંડી સહુ ભયત્રસ્ત દશામાં જીવી રહ્યા છે.

સ્વતંત્રતાનો અર્થ આ પ્રમાણે છે.

સ્વ=આત્મા,

મોહ તજી સમતા તજી, જાણી નિજ સ્વરૂપ,
પુદ્ગલ રાગ કરશો નહિ, પડશો નહિ ભવકૂપ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું **તંત્ર**=સમજણ=વિવેક સાથે નિયમિત જીવન–પદ્ધતિ તેનું નામ **સ્વતંત્રતા** છે.

આજે પ્રજામાં નૈતિક, આધ્યાત્મિક શારીરિક, બૌદ્ધિક, આર્થિક સામાજિક આદિ દરેક રીતે વિકાસના બદલે વિનાશની વણસતી પરિસ્થિતિ ડોકીયાં કરી રહી છે.

માટે **આઝાદીનો** પરમાર્થ સમજવા જેવો છે. **અધ્યાત્મનું** પ્રાકૃતમાં રૂપાંતર **અજઝપ્પ** થાય,

તેનું ટૂંકું રૂપ અપભ્રંશમાં **આઝ** થાય. એટલે **આઝ=** આત્મલક્ષી વિચારણા તે છે **આદિ=**, મુખ્ય જેમાં, તેનું નામ **આઝાદી ! ! !**

આત્મલક્ષી દૃષ્ટિ વિના આઝાદી બરબાદી રૂપે પરિણમે છે.

તેથી આજે સહુએ ધીર–ગંભીર ભાવે સમજીને સંકલ્પ કરવાની છે કે.

કહેવાતી આઝાદી કે સ્વતંત્રતાના નામે જીવનના દરેક ક્ષેત્રોમાં અને પ્રજાના દરેક સ્તરમાં વિકૃત રીતે દેખાઈ રહેલી અનુશાસન–હીનતા વિલાસિતા, વાસનાની

અધિકાર પામી જગતમાં, કરે ન જો ઉપકાર;
અધિકારમાંથી 'અ' ગયો, પાછળ રહ્યો ધિક્કાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરવશતા આદિ પર નિયંત્રણ મેળવી વાસ્તવિક આત્મ-લક્ષ્મી સ્વતંત્રતા મેળવવા પ્રયત્ન કરવો.

વિચાર કે આચાર ? કોણ શ્રેષ્ઠ ?

આપણું જીવન વિચારો અને આચારોના તાણાવાણાથી બનેલું છે.

તેમાં વિચારો કરતાં આચારનું મહત્ત્વ વધુ છે. કેમકે તેના વિના જીવન શકિતઓ સાક્રિય બનતી નથી,

વિચારોની લગામ વિવેકના હાથમાં હોય તો આચાર દ્વારા જીવન—શકિતઓ વિકાસના માર્ગે ધપે છે, પણ સંસ્કારોના હાથમાં વિચારોની લગામ હોય તો જીવન અધઃપતનના પંથે ગબડે છે.

તેથી શ્રી નવકાર–મહામંત્રની આરાધના દ્વારા પંચ પરમેષ્ઠીઓને લક્ષ્યમાં રાખી કર્તવ્યનિષ્ઠાની જાગૃતિ વિવેકપૂર્વક કરવાથી આચારશકિત વિકાસના પંથે ધપી શકે તેમ કરવાની ખાસ જરૂર છે.

આદર્શ જીવન

જન્મે છે, તે બધા મરે નહીં ત્યાં સુધી જીવે છે એમ કહેવાય–

દેખત નર અંધા હુઆ, પડિયા વિષયજંજાલ,
ભણ્યાગણ્યા મૂરખ થયા, નરનારી બાલગોપાલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ જીવવું એટલે જીવન-શકિતઓનો સદુઉપયોગ કરવો.

જો વિવેકની ખામી એ પોતાની શકિતઓનો દુરુપયોગ આપણે કરતાં હોઇએ તો ખરી રીતે આપણે વિનાશના પંથે જતા હોઇ **"મરી રહ્યા છીએ"** એમ કહી શકાય !

તેથી સમજણ પૂર્વક જીવન—શકિતઓને પરમાર્થવૃત્તિ, કરૂણા ભાવ. પરદુઃખ નિવારણ, પરોપકાર, આત્મનિગ્રહ, સંતોષ, સંયમ આદિ રૂપે વાળવામાં આવે તો આપણે હકીકતમાં **જીવી રહ્યા છીએ** એમ કહી શકાય.

મહત્ત્વની વાત

જીવનમાં શકિતઓના ઉત્થાન માટે વિચાર શુદ્ધિની ખાસ જરૂર છે.

માણસની વિચારધારામાં જ્યાં સુધી વિવેકનો પ્રકાશ ન ભળે ત્યાં સુધી વર્તનમાં સુધારો થતો નથી.

આજે જીવનમાં ધર્મની, વ્યવહારની પ્રવૃત્તિઓ ઘણી જોવા મળે છે, પણ તેની પાછળ અંતરંગ વિવેક-બુદ્ધિના પ્રકાશવાળી વિચારશુદ્ધિ ખૂબ જ ખૂટતી રહે છે.

પરિણામે કદાગ્રહ પોતાની ભૂલને ઢાંકવાની કુટેવ, બીજાને ઉતારી પાડવાની વૃતિ આદિ દૂષણો જીવનમાં વધી રહ્યા છે.

વાસના કારણ જ્યું ધસમસે, ધર્મમાં થા ! ત્યું શૂર.
તો ભવભવના પાપ સવિ, ક્ષણમાં થાયે દૂર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખૂબ જ ગંભીરભાવે આના પર વિચાર કરી વિવેકપૂર્વક વિચાર શુદ્ધિ કેળવવી જરૂરી છે.

ધર્મની આરાધના શા માટે ?

રોગ કાઢવા માટે દવાનું મહત્વ છે, સાબુ–સોડાનું મહત્વ મેલ કાઢવા માટે છે, તેમ ધર્મ એ કર્મરૂપ રોગને કાઢવા માટે જરૂરી છે.

જેમ જેમ ધર્મની આરાધના જ્ઞાનીઓની નિશ્રાએ કરવામાં આવે તેમ તેમ નીચે મુજબ અનુભવ થાય.

- કર્મના બંધનો ઢીલા પડે !
- રાગદ્વેષ ઓછા થાય !
- કષાયો નરમ પડે !
- પોતાની ભૂલો આપણે સ્વયં ઓળખી શકીએ !
- દુઃખીઓના દુઃખને દૂર કરવા સતત પુરૂષાર્થ થાય !
- ભૌતિક પદાર્થોની પકડ ન રહે !
- ત્યાગ–તપ વિવેક અને સંયમ જીવનમાં પ્રધાન બની રહે !!!

ઉપરની બાબતો મેળવવા વિવેકીથી ધર્મની આરાધના જ્ઞાનીઓની નિશ્રામાં રહી કરવી જરૂરી છે.

યથાશક્તિ પરસુખ દીજીએ, દુઃખ ન દીજે કોય;
દુઃખ દેઇ દુઃખ પામીએ, સુખ દેઈ સુખ હોય.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજણનો પ્રકાશ

૦ દીવાનું મહત્વ પ્રકાશથી છે, સૂર્યનું મહત્વ તેના તેજ-થી છે, ચિતરેલા દીવા કે સૂર્યમાં પ્રકાશ કે તેજ ન હોવાથી તેની કિંમત ફુટી કોડીની છે..

આ રીતે જ્ઞાનની કિંમત સમજણના પ્રકાશ કે તેજ થી છે, જેથી કે આપણે સારા ખોટા નો નિર્ણય કરી શકીએ.

સમજણ વિનાનું જ્ઞાન બકરીના ગળે લટકતાં આંચળ જેવું છે. તેથી વિવેકીઓએ સમજણ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

૦ સમજણ =
હેય — ઉપાદેય નો નિર્ણય
↓ ↓
છોડવા લાયક લેવા લાયક

૦ જ્ઞાનની મલાઈ=
સમજણ! ! !

આ વાત ભૂલવા જેવી નથી.

ખાસ વિચારવા જેવું !!!

૦ આપણાં જીવનને ડોળી નાંખનાર રાગ–દ્વેષ અને મોહને

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ;
દોષ લવ પણ નિજ દેખતાં, નિરગુણ નિજાતમ જાણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધારનારા જગતના ભૌતિક પદાર્થોને સુપશાંતિ આપનારા માનવા, તે ખરેખર વિચારક બુદ્ધિની ખામી જણાય છે.

૦ અશુભ કર્મનો બોજો દુઃખ અને અશાંતિ ભોગવવા દ્વારા ઘટે છે, તો તેમાં ગભરાવાની શી જરૂર !

૦ વિચારો ને અમલમાં મૂકતાં પહેલાં વિવેકબુદ્ધિથી પરિણામનો વિચાર કરવો જરૂરી છતાં સંસ્કારોના-ધક્કાથી વિવેક-બુદ્ધિને અમલમાં મૂકી શકતા નથી.

ધર્મ જરૂરી કેમ ?

"ધર્મ કરવો કદાચ દરેક ને ન ગમે પણ ધર્મનું ફળ સહુ ઈચ્છે છે !

પાપનું ફળ કોઈ ઇચ્છતું નથી છતાં પાપની પ્રવૃત્તિ છોડવા તૈયારી નથી"

આ હકીકત છે.

છતાં વિવેકપૂર્વક જીવનશુદ્ધિના પંથે ધપવા ઇચ્છતા પુણ્યવાનોએ "જેવું બી વાવ્યું હોય તેવું ઉગે" એ વાત નજર સામે રાખી સુખની ઈચ્છા હોય તો સમજણપૂર્વક ધર્મની આરાધનામાં પ્રવર્તનું જરૂરી છે.

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર;
સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિતબીજ નિરધાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહીં તો અગ્નિમાં હાથ નાંખનાર બાળકની જેમ ઇચ્છા ન હોય તો પણ અશુભ ક્રિયાનું ફળ મળવાનું જ !

માટે સમજણ અને વિવેકપૂર્વક ધર્મક્રિયામાં પ્રવૃત્તિ રાખવી જરૂરી છે. અને દુનિયાના પદાર્થોની અશુભ પ્રવૃત્તિ અટકાવવી જરૂરી છે.

તો જીવનમાં સુખ–શાંતિ ચિરસ્થાયી પણ થઈ શકે.

ધર્મની વ્યાખ્યા

જીવનમાં અંતરંગ—શક્તિઓના પ્રવાહની આડે અશુભ સંસ્કારો અવરોધો ઊભા કરે છે.

તે અવરોધોને હઠાવવા માટેનો પ્રયત્ન તેનું નામ **ધર્મ** !

વિવેકપૂર્વક વિચાર–શકિતનો સદ્ઉપયોગ કરવામાં આવે તો આપણા જીવનમાં અવરોધક તત્ત્વોને હઠાવવા માટે ધર્મના પુરૂષાર્થની આચરણા જેવું બીજું શ્રેષ્ઠ કર્તવ્ય નથી. એમ લાગશે

તેથી જ જ્ઞાની–મહાપુરુષો સતતપણે **ધર્મ કરો ! ધર્મ કરો !** ની આલબેલ પોકારી માણસને અજ્ઞાનની ઉંઘમાંથી જગાડે છે.

શ્રુતજ્ઞાની સંસારને, તરી પામે ભવપાર,
શ્રુત વિણ ભૂલા પ્રાણીઆ, ઇત ઊત ફિરે સંસાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મમાં સોદાબાજી ન શોભે ?

પુણ્યવાન આત્માઓ ધર્મની સામગ્રીને મેળવ્યા પછી વિવેકબુધ્ધિની ખામીથી ફળની કામનાને છોડી શકતા નથી.

ધર્મની આરાધના કર્તવ્યનિષ્ઠા, ફરજ અને જવાબદારીના ભાન સાથે કરવાની હોય છે, તેમાં ફળની માંગણી કે ઇચ્છા વ્યાજબી નથી.

વ્યવહારૂ રીતે વ્યાપારી તરીકેના ઘડાયેલા માનસથી ધર્મની આરાધનાથી **શું ફળ મળશે ?** એની કલ્પના ઘણીવાર સતાવતી હોય છે.

પણ ધર્મ એટલે આપણા પોતાના જીવનમાં વિકાસ અર્થે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નમાં સોદાબાજીનું ધોરણ કે વ્યાપારી માનસ રાખવું ઉચિત નથી....!!!

પ્રભુભક્તિનું રહસ્ય

જિનશાસનમાં શ્રી વીતરાગ–પરમાત્માની ભક્તિ અંતરંગ ગુણાનુરાગ દૃષ્ટિ કેળવવી જરૂરી જણાવી છે.

લૌકિક વ્યવહારની જેમ ભક્તિથી રીઝી ગયેલ ભગવાન આપણને સુખી કરી દેશે એવી સ્થૂલ અસંગત વાત પ્રભુભક્તિમાં ઉચિત નથી.

શ્રુતથી શુભમતિ સંપજે, શ્રુતથી જાય વિકાર;
શ્રુત વાસેત જાણે ભલા, તત્ત્વાતત્ત્વ–વિચાર

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમાત્મા તો વીતરાગ–નિરંજન નિરાકાર છે, તેથી ભક્તિ કરનારની ભક્તિથી રીઝવાનું કે ભક્તિ ન કરે તો ખીજાવાનું સંભવિત નથી.

હકીકતમાં શ્રી વીતરાગ–પ્રભુની ભક્તિ વખતે શ્રી વીતરાગ–પરમાત્માના આદર્શને તેમની આજ્ઞાઓને નજર સામે રાખી તેમણે જીવન જીવવાની જે પદ્ધતિ દર્શાવી છે તે ખ્યાલમાં લઈ અંતરંગ બળ કેળવવા પ્રભુભક્તિથી અંતરના આવરણ કરનારા કર્મોને હઠાવવાનું લક્ષ્ય રાખવું જરૂરી છે.

વિચાર વધે કે આચાર ?

જીવન–રથના મહત્ત્વના બે પૈડા છે.

વિચાર અને આચાર!

આચારની ભૂમિકાનું બળ વિચારશુદ્ધિથી કેળવાય છે.

તેમ જ વિચારશુદ્ધિ આચાર–નિષ્ઠાથી જન્મે છે.

ભણતર કે વાકપટુતાથી વિચારોનું ઘડતર થતું નથી તેમજ વિચારોમાં શુદ્ધિનું તત્ત્વ આવતું નથી, તે માટે યથાશક્ય આચારનિષ્ઠા જરૂરી છે.

તેથી હકીકતમાં જીવન–રથની ગતિ–શીલતામાં પૈડા તરીકે

વિવેક વિનાનો માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પગ મુખ ને કાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર આચાર બંને સરખા ઉપયોગી છે, તે છતાં સાપેક્ષ રીતે આચાર નિષ્ઠાની વધુ ઉપયોગીતા છે.

કેમ કે વિચાર–શુદ્ધિની ગેરહાજરીમાં પણ આચાર નિષ્ઠા પરંપરાએ વિચારશુદ્ધિ જન્માવે છે, પણ આચાર–નિષ્ઠાની ગેરહાજરીમાં વિચારશુદ્ધિ ટકતી નથી, તેથી **જીવનમાં આચાર-નિષ્ઠા ખૂબ જરૂરી છે.**

જીવનનો વિકાસ શી રીતે ?

આપણી શક્તિઓને યોગ્ય રીતે કેળવવાથી જીવન–વિકાસના પંથે ધપે છે.

તે કેળવણી જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે વિકારી–ભાવોને કાબૂમાં લેવાથી ઝડપી થાય છે.

મોટે ભાગે અજ્ઞાનદશામાં આપણે શક્તિઓનો દુરુપયોગ કરતા હોઇએ છીએ.

જે પ્રવૃત્તિઓ આપણા જીવનને વિષયવાસના કે વિકારી ભાવો તરફ લઈ જાય, તે પ્રવૃત્તિઓનાં સદંતર ત્યાગ જરૂરી છે.

એ રીતે આપણું જીવન વિકાસના પંથે ધપે છે.

જે વચને પર દુઃખ હુએ, જેથી થાય પ્રાણીઘાત;
કલેશ પડે નિજ આતમા, તજ ઉત્તમ ! તે વાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજવા જેવી વાત

પ્રમાદથી ધર્મની આરાધના ન થઈ શકતી હોય તો તેનું હૈયામાં દુઃખ રહેવું જરૂરી છે. પરંતુ **"અમે તો સંસારી છીએ" "સમય સંજોગ એવા છે, ન કરીએ તેમાં શું?"** એવું જો બોલાય કે વિચારાય તો હૈયામાં ધર્મની કિંમત સમજાઈ નથી. એવું સ્પષ્ટ થાય ?

માટે ધર્મ ન થાય તો મનમાં તે ખૂંચવું જોઇએ તો ભવિષ્યમાં પણ આરાધનાની સામગ્રી સુલભ થાય.

"અમે સંસારી છીએ" શબ્દોની આડમાં પાપની વાસનાનું પોષણ હકીકતમાં જીવને ખૂબ જ નીચે લઇ જાય છે.

સંસ્કારની પકડ ઢીલી થાય અને વિચારો વિવેકવાળા બને તો જીવનશુદ્ધિના પગથારે આપણે છીએ તેમ કહેવાય.

સંસ્કારો પલટાય શી રીતે ?

પ્રાણીમાત્ર સુખની ઈચ્છા રાખવા છતાં પૂર્વ–જન્મના સંસ્કારોને પરવશ બની અશુભ પ્રવૃત્તિમાં ફસાઈ અનિચ્છાએ પણ દુઃખી બને છે.

તે સંસ્કારોને જ્ઞાની-મહાપુરુષોના ચરણો બેસી કર્તવ્ય માર્ગને સમજી યથાશકય જીવનમાં સદાચારને ઉતારવાના

ભવપ્રપંચ મન–જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર–પાંચ દિન ખુશ લગે અંત ધૂલકી ધૂલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રયત્નથી પલટાવી શકાય છે. **મહાપુરુષોનું સર્જન સંસ્કારોના પલટાના વિશિષ્ટ-પુરૂષાર્થથી થાય છે.**

આપણી અંતરની શક્તિઓ સંસ્કારમાં આવેગમાં ગૂંચવાઈ ન જાય તે અંગે કર્તવ્ય-નિષ્ઠા કેળવી અંતરને વિવેકબુદ્ધિથી જાગૃતિ રાખવાની જરૂર છે.

આદર્શ ગૃહસ્થ એટલે ?

○ જેનાથી રાગ-દ્વેષની ભાવના ઘટે તેમજ તેવા સાધનો ને અમલી બનાવવા સતત મથે તે !

○ પોતાની જાત પર એટલે ઇંદ્રિયો અને મનના વિચારો પર કાબૂ રાખવા સતત ઉપયોગ રાખે તે !

○ પોતાની ભૂલો તરફ જરા પણ આંખ-મીંચામણું ન કરે તે

પોતાની પ્રવૃત્તિમાં સમજણ અને વિવેકનો સમન્વય જાળવી રાખે તે ?

○ અશુભ સંસ્કારો સક્રિય બનાવનાર વાતાવરણ નિમિત્તોથી આઘો રહે તે !

રાગાદિક-પરિણામયુત, મનહી અનંત સંસાર;
તેહી જ રાગાદિક-રહિત, જાનો પરમપદ સાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાંચો ને વિચારો ! ! !

○ ખોટી દલીલો કે કુતર્કનો આસરો લઈ કોઈ વાતને સાચી કરવાનો પ્રયત્ન કદાગ્રહનો સૂચક છે.

○ ઉદારતાનો સંકોચ થવાથી માનવ સ્વાર્થી બની કયારેક દાનવ બની જાય છે.

○ આપણી ભૂલને દલીલોના બળે છાવરવાનો પ્રયત્ન જીવનને અધોગતિ તરફ ખેંચી જાય છે.

○ આપણી ઈચ્છા–મરજીને અનુકૂળ રહેનારા કરતાં આપણા હિતમાં જે દોરવણી આપે તે ખરેખર જીવન–શુદ્ધિમાં સહાયક બને છે.

○ શકિતનો વિકાસ થયાની સફળતા નમ્રતા અને સદુપયોગમાં છે.

સોનેરી શિખામણ

○ પાપ સાપ કરતા પણ ભયંકર છે એવું જાણવા છતાં રાચી માચીને પાપ કરવાની વૃત્તિ જીવનમાં અજ્ઞાનનું અંધારું ગાઢપણે ફેલાયેલ છે, એમ સૂચવે છે.

○ બીજાને ઉપદેશ આપતાં અંતરની આપણી જવાબદારીઓને ધ્યાનમાં રખાય તો ઉપદેશ અને આચરણ વચ્ચે રહેલી

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, તો પણ આપે સુવાસ;

ખાઈ પહોળી ન થવા પામે.

- વિચારોમાં પરિવર્તન કરવામાં માણસ આંચકો ખાય છે. જેથી કે આચારનું પરિવર્તન મૌલિક રીતે થતું નથી.
- સંસારને એકાંત રીતે ખરાબ માનનારો જ આત્મકલ્યાણના પંથે ધપી શકે.

હૈયામાં ઉતારવા જેવું !!!

- બીજાના નાના પણ ગુણને ખ્યાલ બહાર ન જવા દેવો ! તેમજ પોતાના નાના પણ દોષની ઉપેક્ષા ન કરવી !
- સમ્યક્ત્વ એટલે સંસાર અને વિષય-કષાયની પકડ ઢીલી થવી.
- કષાયોની ભયંકરતાને ધ્યાનમાં રાખી પૌદ્ગલિક પદાર્થોની ગુલામીને હઠાવવા મથે તે સમજૂ !!!
- જેવા વિચાર તેવું બોલવું હજી પ્રયત્નસાધ્ય છે, પણ જેવું બોલવું તેવું આચરવું ખૂબજ કઠણ છે.

માટે ઉચ્ચાર અને આચાર વચ્ચે સુમેળ સ્થાપવા પ્રયત્ન કરવો જરૂરી છે.

વિચારીને વાંચો ? ? ?

- પોતાની છતી ભૂલો છુપાવવાથી દબાવેલ ગુમડાની જેમ

રાગાદિક-પરિણામયુત, મનહી અનંત સંસાર;
તેહી જ રાગાદિક-રહિત, જાનો પરમપદ સાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભયંકર અનિષ્ટો ઉપજે છે.

પરિણામે દેખાવમાં નાની છતાં મોટા-સ્વરૂપમાં પ્રગટ થઈ જીવને અનર્થની ખાઈમાં ધકેલે છે.

o પોતાના દોષોનું યથાર્થ ભાન જેને પ્રાપ્ત થયું તે સાચો જ્ઞાની વિવેકી છે.

o બીજાના ગુણો તરફ આંખ-મીંચામણાં કરનાર કે વિકૃત દૃષ્ટિ કરનાર ખરેખર સદ્‌ગુણોના સાચા સ્વરૂપને સમજી શક્યો નથી.

o સારી ચીજ હોય તો છુપાવીને રખાય ! હીરા-મોતી આદિ ઝવેરાતને સાચવીને તિજોરીમાં રખાય, પણ કચરાને કોઈ સાચવી ન રાખે તેમ દોષ રૂપ કચરાને છુપાવવાને બદલે તેને બહાર કાઢવાના પ્રયત્નરૂપે જાહેર કરી દેવા જરૂરી છે.

ધ્યાન પૂર્વક વાંચો !!!

o જીવનમાંથી રાગાદિ-દોષોની મલિનતા દૂર કરવ વિશિષ્ટ તૈયારી કરવી જરૂરી છે.

o સંસ્કારો પરવશતા, અજ્ઞાનદશા, પરદોષ-દર્શન અં ઔર, વિરોધની વૃત્તિ પર કાબૂ મેળવવા સાથે યથોચિત ધર્મધ્યા વધારવા માટે સમજણ બુદ્ધિ કેળવવાની જરૂર છે.

ભવપ્રપંચ મન-જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર-પાંચ દિન ખુશ લગે, અંત ધૂલકી ધૂલ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ શાંતિ સહુને ગમે છે! પણ સાચી સમજણ વિના શાંતિ મળતી નથી. તેથી પરમાત્માની ઉપાસના ભક્તિ કરી સાચી સમજણ મેળવવા પ્રયત્ન કરવો.

૦ મનની ધારણાઓના રવાડે ચઢીને આપણી શક્તિઓને અવળી દિશામાં ખર્ચવાની આપણી ભૂલ જ્ઞાનીઓના ચરણોમાં બેસી સુધારવાની જરૂર છે.

૦ શરીરની ભૂખ કરતાં વાસનાની ભૂખ માનવને હેવાન અને દાનવ બનાવી મૂકવામાં મોટો ભાગ ભજવે છે.

૦ બીજાને શિખામણ આપતાં પહેલાં આપણી લાયકાતનો ખ્યાલ જરૂરી છે.

૦ **વિષ** = ઝેર તો ખાધાથી મારે છે! પણ **વિષયો** = પાંચ ઈન્દ્રિયોના ભોગોનું સ્મરણ પણ મહા ભયંકર છે.

૦ વૃત્તિઓમાં રહેલી ચંચળતા પૂર્વકૃત કર્મના વિપાકરૂપ છે, તેથી વીતરાગપ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવાથી કર્મનું બંધન ઢીલું કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

૦ જેના વિચાર, વાણી અને વર્ત્તનમાં એકરૂપતા હોય તે આત્મશુદ્ધિ જલ્દી મેળવી શકે.

જે વચને પર દુઃખ હુએ, જેથી થાય પ્રાણીઘાત;
કલેશ પડે નિજ આતમા, તજ ઉત્તમ ! તે વાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ જેના હૈયામાં વીતરાગની આજ્ઞા તેને સંસારના વિષમ વાતાવરણની અસર ન થાય.

સમજીને વાંચો !!!

૦ ધર્મના કામમાં ઢીલ કરે તે મૂર્ખ ગણાય કેમકે અચાનક આવી પડનારા મોતના સકંજામાંથી બચાવનાર ધર્મ જ છે. !

તેથી આરાધનામાં પ્રમાદ–ઢીલાશ જરા પણ ન કરવી. વ્યાજબી છે.

૦ સંસારના ઊંચામાં ઊંચા સુખના સાધનો કે વૈભવની સામગ્રી ન ગમે ત્યારે સમજવું કે હૈયામાં સમ્યક્ત્વ=સાચી વિવેક બુદ્ધિ પ્રગટી છે.

૦ અંતરની વિવેકદૃષ્ટિ વિના સમજદાર પણ ખરે ટાણે શું કરવું ? તેનો નિર્ણય કરી શકતો નથી, તેથી જ્ઞાની પુરૂષોના ચરણોમાં બેસી અંતરની વિવેકબુદ્ધિ કેળવવી જરૂરી છે.

૦ સંસારી–જીવનમાં વિષયની વાસના અને કષાયોનું જોર ઘટે ત્યારે સમજવું કે ધર્મની આરાધનાની અસર થવા પામી છે

૦ ભૂલને છાવરવા માટેનો પ્રયત્ન વિકાસના દરવાજા ભીડે દેવા બરાબર છે.

યથાશક્તિ પરસુખ દીજીએ, દુઃખ ન દીજે કોય;
દુઃખ દેઈ દુઃખ પામીએ, સુખ દેઈ સુખ હોય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

० આપણા દોષ બતાવનારને આપણા જીવનના પરમોપકારી તરીકેની ભાવના ઉપજે ત્યારે સમજવું કે ધર્મ આરાધનાની યોગ્યતા ખરેખરી વિકાસ પામી છે.

० બોલવામાં અને રસાસ્વાદમાં જીવનને ડોળી નાંખનાર જીભ પર જેનો કાબૂ તે પુણ્યશાળી ! ! !

० ભૂલ થઈ જાય એ ક્ષંતવ્ય ગણાય, પણ થયેલી ભૂલનો ઈકરાર નિખાલસભાવે ન કરાય તો જીવનનો વિકાસ અટકી જાય !

० જીવનની જરૂરિયાતો ઘટાડનાર સુખ-શાંતિ અનુભવી શકે છે,

० વાસનાને સમજણ પૂર્વક કાબૂમાં લેવાના બદલે તેને આધીન થઈ જાય તેનું જીવન દુઃખમય થતુ જાય છે.

० ધર્મની આરાધના સફળ કયારે ગણાય ? જયારે કે આપણી ભૂલો-ખામીઓ-ત્રુટિઓ આપણને ખુંચે ! !

० મહાપુરૂષોને નમસ્કાર કરવાની સાર્થકતા તેમના પ્રબલ પુરૂષાર્થને નજર સામે રાખી આત્મશકિતઓના વિકાસ માટે તત્પરતા કેળવવામાં છે.

વાસના કારણ જન્યું ધસમસે, ધર્મમાં થા ત્યું શૂર;
તો ભવભવના પાપ સવિ, ક્ષણમાં થાયે દૂર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ શરીરનું પોષણ આહારથી થાય છે, પણ સ્થૂલ–આહાર કરતાં આહારની સાત્વિકતા શરીરને ધર્મનું અંગ બનાવી દે છે.

૦ વસ્તુને સમજવાની સાચી દૃષ્ટિ જ્ઞાનીઓના ચરણોમાં બેસવાથી મળે છે.

શાંતિથી વાંચો !!!

૦ વિષયોની વાસના માનવને દાનવ બનાવી મુકે છે.

૦ વિચારોનું બ્રહ્મચર્ય આત્મશક્તિનું ઓજસ વધારે છે.

૦ આત્મશક્તિઓનું ઉત્થાન મહાપુરુષોના પ્રસંગોનું સતત ચિંતન કરવાથી ઝડપી થાય છે.

૦ વિકારોની ગુલામી ખુંચે ત્યારે સમજી શકાય કે ધર્મની આરાધનાનો માર્ગ હાથે ચડયો છે.

૦ આપણામાં શું છે. ? તેનો વિચાર આપણા અહંને પોષે છે. પણ આપણામાં શું નથી ? તેનો વિચાર નમ્રતા ઉપજાવે છે.

૦ સંસાર એટલે=વાસના અને ઉન્માદાનો રાજમાર્ગ !

૦ ધર્મ એટલે સ્વછંદ–વૃત્તિનો સંયમ.

દેખત નર અંધા હુઆ, પડિયા વિષયજાલ;
ભણ્યાગણ્યા મૂરખ થયા, નરનારી બાલગોપાલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરામતી કાગળ.
મૃત્યુ સમયે જીવે શરીરને લખેલ
અદ્દભુત પત્ર

૦ આ સંસારમાં ભાઈબંધીને નભાવવા માટે કેટલાક મહામના વ્યક્તિઓ સાચા દિલથી પોતાના સ્વાર્થને જતો કરીને પણ પરસ્પર સુખ–દુઃખના સંવેદનમાં સરખી લાગણીઓ અનુભવે છે, જ્યારે કેટલાક સ્વાર્થપ્રધાન વ્યક્તિઓ માનવતાના સંબંધની પણ દરકાર કર્યા વિના પશુવૃત્તિને આધીન બની પોતાના સ્વાર્થથી પૂર્તિના મલિન ધ્યેયથીજ મિત્રતા નભાવતા હોય છે, અને પ્રસંગ આવ્યે સ્વાર્થસિદ્ધિ ન દેખાય અગર સ્વાર્થપોષણના નામે આફતો આવતી લાગે ત્યારે જરાપણ શરમ રાખ્યા વિના સાત–પાંચ ગણી છૂ થઇ જવા તૈયાર થાય છે.

૦ સંસ્કારોની પકડ ઢીલી થાય તો જ આપણી પ્રવૃત્તિઓ સફળ થાય

૦ આપણામાં જે નથી હોતું તેને ઢાંકવા માટે આપણે દલીલોનો સહારો લઇએ છીએ તે ખરેખર વ્યાજબી નથી.

આ વાતનું આધ્યાત્મિક રહસ્ય જાણવા માટે નીચેનો

અધિકાર પામી જગતમાં, કરે ન જો ઉપકાર;
અધિકારમાંથી 'અ' ગયો, પાછળ રહ્યો ધિક્કાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"કરામતી કાગળ" ગંભીરતા અને સમજદારી સાથે વાંચવાની જરૂર છે.

જીવરાજભાઈ મૃત્યુનો સમય નજીક આવ્યે છતે પોતાના લંગોટીયા દોસ્ત; જન્મથી સહચારી અને અત્યંત પ્રેમાળ ગણાતા **શરીર** રૂપ જીગરજાન દોસ્તને માર્મિક કટાક્ષ ઓલંભો અને કદર પ્રગટ કરવા રૂપે કહે છે કે :–

વહાલા દોસ્ત !

આજ દિવસ સુધીના તારા પરિચયથી મને ઘણું જ નુકશાન થયું છે, એટલું જ નહિં, પણ **અત્યંત લાભદાયી અને મોક્ષના સાધન રૂપ સદ્‌ગુણો** ની હાનિ થઈ છે, અને નરકમાં લઈ જનાર દુર્ગુણો **ની પ્રાપ્તિ થઈ છે. તેં ખરેખર સાચી મિત્રતા રાખી** નથી, પણ ઉલ્ટું વિશ્વાસઘાતી દુશ્મનનું જ કાર્ય કર્યું **છે, આ સ્વાર્થમય વિચિત્ર સંસારમાં સદા સ્વાર્થ–** સાધક અને ગરજી મિત્ર ઘણા હશે, પણ સન્માર્ગ **ત્યાગી તારા જેવો કો' ક જ હશે, હું માનું છું કે તારી** દુષ્ટ વૃત્તિઓ અને કામનાઓની પૂર્તિ માટે જ તારી **મારા પર પ્રીતિ છે. એટલું જ નહિં, પણ સાચી**

મોહ તજી સમતા તજી, જાણી નિજ સ્વરૂપ;
પુદ્‌ગલ રાગ કરશો નહિ, પડશો નહિ ભવકૂપ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી, ફક્ત સ્વાર્થ સાધનાના મલિન આશયવાલી
છે, તારા જેવા મિત્રોની સાથે કાયમી મિત્રતાની
ઈચ્છા નથી, મારા આ છેલ્લા પત્રથી તારો ત્યાગ કરવાની
ઈચ્છા છે. તારા જેવા સંકટ વેળાએ પૂરી સહાયતા
ન આપનાર પણ ઉલ્ટું ધીરજ તોડી ઘણું દુઃખ
આપનારા મિત્રો આ દુનિયામાં કો' ક જ હશે ! તારા આ
દુર્ગુણોને લીધે તું હજાર વાર ધિક્કારને પાત્ર છે, તારા આ
કર્તવ્યોના ફળરૂપે કર્મરાજા તને સદાને માટે બંધન
માં નાંખશે, તું કદી એમ ન માનતો કે તને બંધનથી
મુક્ત કરી દેશે.

તથાસ્તુ"
લી૦
તારા યથાર્થ પ્રેમી
જીવરાજના યથાવત્

ખાસ વિચારપૂર્વક શાંતિથી વાંચો.

આ પત્ર દ્વારા ચેતને પોતાની કાયા પ્રતિ દુઃખના ઉદ્ગાર કાઢયા હોય એમ પહેલી તકે આપણને લાગે જ, પણ સમજદારી અને વિવેકબુદ્ધિથી કાયાદ્વારા કરેલ ધર્મકાર્યોની અનુમોદના રૂપે કાયાને ધન્યવાદ પણ આ પત્ર દ્વારા આપેલ છે.

જબ તેરા જગમેં જન્મ હુઆ, જગ હસે તુમ રોય;
અબ કરણી ઐસી કરો, તુમ હસે જગ રોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પત્રની ખૂબી જ એ છે કે-દેખાય ઠપકો ! અને અંદર હોય ધન્યવાદ ! એ કેવી રીતે ? એ જાણવા માટે કાગળમાં મોટા ટાઈપનું લખાણ છે, તે વાંચો.

બસ ! હવે તમને ખબર પડી ગઇ કે આ કાગળ કેવો કરામતી છે !

આ પત્રનું વધુ રહસ્ય ગુરૂગમથી જાણવા પ્રયત્ન કરવો.

ધર્મ વિહોણા માનવીનું મૂલ્ય.

આજના ભૌતિકવાદના ચિત્ર-વિચિત્ર સાધનોથી છકી જઈ મોહ મૂઢ માનવી ભલે ! પોતાની જીંદગીને લાખોથી મૂલવતો હોય ! પણ આ શરીર જેનાથી બનેલું છે તે તત્ત્વોનું પૃથક્કરણ કરતાં આજના પ્રખર વૈજ્ઞાનિકોએ એક જાહેર કર્યું છે કે—

૦ "આ શરીરના સારભૂત તત્ત્વોની કિંમત ચાલુ બજાર ભાવે ગણતાં ફકત ત્રણ રૂપીઆ ને બાર આના ૩ાા રૂપીઆ થાય છે."

માનવ-દેહના સાર તત્ત્વોનું પૃથકકરણ

૬૫ટકા ઓકસીજન	૨ટકા કેલ્શીયમ
૧૮ટકા કાર્બન	૧ટકા ફોસ્ફરસ
૧૦ટકા હાઇડ્રોજન	૧ટકા તાંબુ, જસત વગેરે
૩ટકા નાઇટ્રોજન	૧૦૦ટકા.=કિં. રૂા. ૩-૧૨-૦

વિવેક વિનાનો માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પગ મુખ ને કાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે કે અંદરથી ચેતનના ગયા પછી આ જડ શરીરની કિંમત બજાર ભાવે ગણતાં લગભગ પોણા, ચાર રૂપીઆની થાય છે, તે સિવાય બાકી બધું ઉકરડે ફેંકવા જેવું હોય છે.

આ રીતે પશુના દેહ કરતાં પણ બદતર આ દેહના મિથ્યા મોહમાં આત્મ કલ્યાણ સાધનાની લાખેણી પળો એળે ગુમાવવી તે કેટલું ભયંકર છે ? તે સુજ્ઞ પુરૂષોએ વિચારવું.

માનવ દેહનું મૂલ્ય.

સંસારના બધા પ્રાણીઓમાં મનુષ્ય સર્વશ્રેષ્ઠ છે, કેમકે માનવમાં બુદ્ધિ અને વિવેકની માત્રા સર્વાધિક છે.

પરંતુ કોઈપણ સારી ચીજના માલિક બની જવા માત્રથી તે ચીજનો સાચો લાભ મેળવી શકાતો નથી, પણ તે ચીજનો સદુપયોગ કરવાની આવડત કેળવવી જરૂરી છે. તો જ જીવનની સાચી ઉન્નતિ સાધી શકાય. અન્યથા પશુ કરતાં નીચી કક્ષાએ માનવ પહોંચી જાય.

માનવ જો બુદ્ધિ અને વિવેકની સંપત્તિનો સદુપયોગ કરી જાણે તો માનવ એવો દિવ્ય શકિતશાળી બની જાય કે તેના

પલપલ છીજે આઉખું, અંજલિ જલ જયું જેહ;
ચલતે સાથે સંબલો, લઈ શકે તો લેહ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમાગમમાં આવનાર સઘળા પ્રાણીઓનું તે કલ્યાણ સાધી શકે, અને તેઓનો આદર્શરૂપ પોતે બની રહે.

પણ જો માનવ પોતાના મૌલિક આ લક્ષ્યને ચુકી જઈ સ્વાર્થ અને વાસનાના ગૂંચાળામાં ફસાઈ જઈ શરીરની પળોજણ, કુટુંબની ગુલામી અને દુન્યવી વ્યવહારોની મથામણમાં જકડાઇ જાય તો અનેક પાપારંભ દ્વારા ભયંકર અવનતિની ઊંડી ખીણમાં ગબડી જાય.

જુઓ! આજનું વિજ્ઞાન પણ આ વાતને રૂપાંતરથી કેવો ટેકો આપે છે?

"આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી માનવ-દેહનું પૃથક્કરણ કરનાર **વૈજ્ઞાનિક ડૉ૦ થોમસ લોસને** પોતાના લાંબાગાળાના વિવિધ પ્રયોગો અને નિરીક્ષણોની બહોળી મથામણભર્યા અનુભવ પછી **કેકસ્ટન હોલ-લંડનમાં** રાસાયણિક ઢબે માનવ દેહના સ્વરૂપ વિશે બોલતાં જણાવ્યું હતું કે—

"ઉપરથી સુંદર અને દેખાવડા લાગતા આપણા આ શરીરમાં સાર તત્ત્વ આ મુજબ છે :-

---

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, તો પણ આપે સુવાસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- ૧૦ ગેલન **પાણી** (૮૦ રતલ)
- ૭ (સાબુ કપડા ધોવાના) બને તેટલી **ચરબી**
- ૯ જાર પેન્સિલ બને તેટલું **કાર્બન**
- ૨૦૦ દીવાસલી બને તેટલુ **ફોસ્ફરસ**
- નાની ખીલી બને તેટલું **લોઢું**
- ૧ કૂતરાના શરીરમાંના જંતુઓ મારી શકે તેટલું **ગંધક**
- મરઘીનું એક પાંજરૂં ધોળી શકાય તેટલો **ચૂનો**

આ તમામ ચીજો જો બજારમાં વેચાય તો તેની કિંમત પાંચ શિલિંગ=ત્રણ રૂપીઆ અને બાર આના થાય"

વિચારો ! ! ! અંતરથી જાગૃત થાઓ ! ! !

જ્ઞાનીઓની આજ્ઞાનુસાર આધ્યાત્મિક વિકાસ ન સાધી શકનાર ભૌતિકવાદી કે ભોગપ્રધાન વિલાસી જીવન જીવનારા માનવની શી કિંમત ! ! !

જ્ઞાનની આંખ સંસ્કારના તેજથી જ જોઈ શકે છે.

શ્રુતથી શુભમતિ સંપજે, શ્રુતથી જાય વિકાર;
શ્રુત વાસિત જાણે ભલા, તત્ત્વાતત્ત્વ-વિચાર;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અણુમાં વિરાટ્

શાસ્ત્રોમાં સુદીર્ઘ અનુભવ અને સંપૂર્ણ જ્ઞાનના બળે જડ અને ચેતન બન્ને દ્રવ્યોના વિવિધ સ્વરૂપોનું ઝીણામાં ઝીણું વર્ણન કર્યું છે. તેમાં પણ જડ પદાર્થો પ્રતિ રહેલ આપણા અનાદિકાલીન આકર્ષણને ઘટાડવા માટે જરૂરી આત્મશક્તિના સાચા ખ્યાલ માટે તેને દબાવી દેનાર જડ શક્તિમાં પણ પૌદ્‌ગલિક વિવિધ પરિણામો કેવા રહેલા છે ! એ બધું બહુ વિગતવાર શાસ્ત્રોમાં જ્ઞાનીઓએ જણાવ્યું છે.

પણ આન્તરિક જિજ્ઞાસા અગર ગુરૂનિશ્રાએ કેળવાતી સુયોગ્ય શ્રદ્ધાની ખામીએ કેટલાક શાસ્ત્રીય સૂક્ષ્મ તાત્ત્વિક વર્ણનો ઉપર તથાકથિત વિદ્વાનોના ભ્રામક પ્રતિપાદનોથી દોરવાઈ ગયેલા કેટલાક અજ્ઞાનમૂઢ પ્રાણીઓનો વિશ્વાસ બેસતો નથી.

આજે સ્વાર્થપોષણના મલિનતમ ઈરાદાથી થઈ રહેલા વૈજ્ઞાનિક સંશોધનોમાં પણ જ્યારે કેટલાક અદ્‌ભુત આવિષ્કારો જનતા સમક્ષ આવે છે ત્યારે તે ઉપરથી જ્ઞાનીઓના પ્રરૂપેલા સૂક્ષ્મ તાત્ત્વિક વર્ણનોમાં જરાપણ અશ્રદ્ધા કે અવિશ્વાસ કરવા જેવું લાગતું નથી.

શ્રુતજ્ઞાની સંસારને, તરી પામે ભવપાર;
શ્રુત વિણ ભૂલા પ્રાણીઆ, ઈત ઊત ફિરે સંસાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવા આજ સુધી ઘણા આવિષ્કારો થયા છે, જેનાથી કે શાસ્ત્રીય વાતોને પૂરતું સમર્થન મળી રહે છે.

હાલમાં એટમ-બાબત રહેલ સંશોધનોમાં થયેલ નીચેનું સંશોધન ખૂબજ બહુ મહત્વનું છે.

"અમેરિકાના પ્રખ્યાત વૈજ્ઞાનિક છાપામાં નીચે મુજબના સમાચાર (ચિત્ર સાથે) પ્રગટ થયેલા હતા.

એટમ-અણુનું સ્વરૂપદર્શન

ઈંચના દશલાખમા ભાગ જેટલા સૂક્ષ્મ અણુઓનો જથ્થો

એક ઈંચિના દશલાખમા ભાગ જેટલા સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ અણુઓ-જે કે નરી આંખે કદી દેખાય જ નહી-ને પ્રબળ શક્તિશાળી, સર્વોત્કૃષ્ટ માઇક્રોસ્કોપ દ્વારા ૨૭૫૦૦૦૦ ઘણા મોટા કરી તેનું સંશોધન નીચે કર્યું છે.

"**અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાં** પદાર્થ વિજ્ઞાનના પ્રાધ્યાપક **ડૉ૦ મૂલરે** લાગલાગટ ૧૯ વર્ષ સંશોધન અને પરિશ્રમ આદિ કરીને **ફીલ્ડ આયોન માઇક્રોસ્કોપ** નામના યંત્ર દ્વારા અણુનો ફોટા લઈ સંશોધન કર્યું છે.

અન્યમાં પણ દયાદિક ગુણ, જેહ જિનવચન અનુસાર
સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિતબીજ નિરધાર

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

અણુનો ફોટો પાડનારૂં આ યંત્ર કાચના એક થરમોસમાં બીજું થરમોસ મુકીએ તેના જેવું હોય છે.

અણુઓનો ફોટો પાડવા માટે સોયની ઝીણામાં ઝીણી અણી કરતાં પણ હજાર ગણી ઝીણી **ટંગસ્ટન** નામના ધાતુના તારની અણી ઉપર લાગેલા અણુઓ સામે **માઇક્રોસ્કોપ** મુકયું.

પછી તેનું ઉષ્ણતામાન પ્રવાહી નાઇટ્રોજનથી શૂન્ય કરતાં કરતાં ૩૦૦ અંશ નીચે ઉતાર્યું. **હેલિયમ** વાયુનો ઉપયોગ કરીને આવશ્યક **આયોન** બનાવવામાં આવ્યું. જેથી અણુ આચ્છાદિત **ટંગસ્ટન** તારની અણીએ **ફ્લુઓરેસન્ટ** પરદા ઉપર એક મોટી આકૃતિ ઉપજાવી.

તુર્તજ વિશિષ્ટ શકિતશાળી યાંત્રિક કેમેરાએ તેનો ફોટો પાડી લીધો.

આ રીતે સોયની અણી કરતાં હજારગણી ઝીણી ટંગસ્ટના તારની અણી ઉપર રહેલ સૂક્ષ્માતિસૂક્ષ્મ અણુઓને (જે કે ૧ ઇંચના ૧૦ લાખમા ભાગના હોય) ૨૦ા લાખ ગણા મોટા કરી વિશિષ્ટ કેમેરા દ્વારા સ્થૂળ દૃષ્ટિગોચર બનાવી શકાયા.

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ;
દોષ લવ પણ નિજ દેખતાં, નિરગુણ નિજાતમ જાણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત્રને ધારીને જોવાથી ખબર પડશે કે કેટલાય હજારોની સંખ્યામાં આણુઓનો સમૂહ એક એટમ-આણુમાં રહેલ છે.

એક લાઇનમાં ૧૦ હજાર ઓછામાં ઓછા-તેવી કેટલીય લાઇનો એક એટમ-આણુમાં છે. એમ વૈજ્ઞાનિક ગણિતથી પુરવાર થયું.

આ વૈજ્ઞાનિક સંશોધનના આધારે "એક સોયના અગ્રભાગે નિગોદના અનંત જીવ" અથવા "આંખની પાંપણના એક વાળ ઉપર અસંખ્યાત નિગોદો" આદિ જ્ઞાનીઓની સૂક્ષ્મ વાતો સહેલાઇથી શ્રદ્ધાગમ્ય થઈ શકે.

વન્ડરફુલ-પ્રિસ્ક્રિપ્શન

ચમત્કારિક દવાનો નુસખો (પ્રયોગ)

જગતમાં અનેક પ્રાણીઓ દુઃખ, દર્દ અને રોગથી પીડાતા પીડાતા હોય છે. તેમાં દ્રવ્ય-દુઃખ અને દ્રવ્ય-રોગો માટે સહુ બનતું કરી છુટે છે, પણ તેના મૂળ-કારણ સમાન ભાવરોગો તરફ ભાગ્યે જ કોઈની નજર પહોંચે છે.

માટે જ અનંત-ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ આપણું લક્ષ્ય તે બાજુ ખેંચવા નાના પ્રકારના ઉપદેશો દ્વારા ભરપૂર

પુદ્ગલીક સુખના આસ્વાદી, અંતર મરમ નવિ જાણે
જિમ જન્માંધ પુરૂષ દિનકરનું, તેજ નવી પીછાણે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે પ્રયત્નો કર્યા છે.

તેમાંથી બાલજીવોને ઉપયોગી થાય તે માટે વિનોદાત્મક કંઈક રજુ કરાય છે.

- ૦ સમ્યક્ત્વ પાવડર
- ૦ ધર્મદૃઢરાગનો અર્ક
- ૦ હેયપરિત્યાગ સોલ્ટ
- ૦ વાસનાનિગ્રહ રૂપ સોડા બાય કાર્બ.
- ૦ ઉદારતાનું ઓઈલ.
- ૦ વિશિષ્ટ વિવેકશકિતનો બેસ્ટ એકસ્ટ્રેકટ
- ૦ પરમાર્થવૃત્તિ મિક્ષ્ચર
- ૦ પરદોષોની ઉપેક્ષાનું સત્ત્વ.
- ૦ આરાધકભાવ વોટર.

ઉપરની બધી દવાઓ ગુણાનુરાગ દૃષ્ટિની બોટલમાં ભરી ધર્મક્રિયાના સેવન રૂપે ઊંચે–નીચે હલાવી, રોજ નિયમિત રીતે પ્રમાણસર ઉપયોગમાં લેવાથી નીચેના રોગો ઉપર જાદુઈ અસર થાય છે.

સ્વાર્થ–લોલુપતાનો સન્નિપાત, કદાગ્રહનો વિષમજ્વર, જ્ઞાનનું અજીર્ણ, સર્વજ્ઞોના સિદ્ધાંતોરૂપ અન્ન ઉપર અરુચિ, પક્ષમોહ અને આત્મગૌરવરૂપ ડબલ ન્યુમોનિયા, વિષયવાસના રૂપ T. B. પરનિંદારૂપ કેન્સરનાં ગુમડાં અને આત્મ પ્રશંસારૂપ વમન વગેરે ભયકંર રોગો.

જિમજિમ અધિક વિષય સુખ સેવે,તિમતિમ તૃષ્ણા દીપે;
જિમ ક્ષાર જલપાન પીયાથકી, તૃષ્ણા કહો કિમ છીપે?

ઉપરની દવા ઉપરાંત નીચેનો કોર્સ પણ સદ્‌ગુરુ રૂપ ડોકટરોની દેખરેખ નીચે લેવો જરૂરી છે.

૧ શ્રી જિનાજ્ઞા પિલ્સ (ગોળી)
૨ આરાધના ટેબ્લેટસ (ટીકડી)
૩ ધર્મોપદેશ જેલી (મુરબ્બો)
૪ પ્રાયશ્ચિત્ત લેનીમેંટ (મલમ)
૫ દુષ્કૃત ગર્હા ડેકોક્શન (ઉકાળો)
૬ પ્રતિક્રમણ લોશન (પ્રવાહીમલમ)
૭ સદ્‌ગુરૂ સેવા અવલેહ (પ્રવાહીમલમ)
૮ દોષશુદ્ધિ ટીંકચર.
૯ આત્મનિરીક્ષણનાં ઈંજેકશનો.
૧૦ નિરીહ તપસ્યારૂપ N A. B. (૬૦૬નંબર) ના
૧૧ વર્ત્તનશુદ્ધિના કેલ્શીયમ ઈંજેકશનો.
૧૨ સદ્‌ગુણપ્રશંસાના ગોલ્ડન ઈંજેકશનો.

આ પ્રિસ્ક્રિપ્શન લગભગ દરેક ભાવદર્દીઓ માટે એકસરખી રીતે ઉપયોગી થાય છે. છતાં રાગ-દ્વેષ અને મોહરૂપી વાત-પિત્ત અને કફની વિષમતાવાળા તે તે દર્દીઓએ નીચેના સ્થળે

પુદ્‌ગલિક સુખ સેવત અહર્નિશ, મન ઈંદ્રિય ન ધાપે;
જિમ ઘૃતમધુ આહુતિ દેતાં, અગ્નિ શાંત નવિ થાવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવિહડશ્રદ્ધાની ફી આપી મફત તપાસ, નિદાન, ચિકિત્સા, સારવારનો લાભ લઈ પોતાનો રોગ દૂર કરવાનો પ્રયત્ન કરવો.

રોગનિવારણ સ્થળનું નામ.

ધી યુનિવર્સલ સ્પિરિચ્યુઆલિઝમ હોસ્પીટલ
રેસિડેંટ મેડિકલ ઓફીસર્સ–સુપ્રિમ સર્જન એન્ડ ફિઝિશીયન

શ્રી તીર્થંકર પરમાત્મા વીતરાગદેવની મેડિકલ થિયેરીના

પ્રેક્ટિશનર કવોલીટીફાઇડ ડાક્ટરો
શ્રી જિનાજ્ઞાધારી નિર્ગ્રન્થ સાધુઓ
ઠે તત્ત્વચિંતન હાઉસ.
જ્ઞાન પરિણતિ સ્ટ્રીટ નં. ૩
(તત્ત્વ સંવેદન)

મુ : શાસનનગર, (વાયા ડિક્રીઝ ઓફ ધ મોહ)
સેન્ટ્રલ ઓર્ડર (જીનાજ્ઞા)

અંતરંગ ભોજન સામગ્રી

લાપસી

દેવ ગુરૂ અને ધર્મ રૂપ ત્રણધારી ઘઉંના ફાડામાં સમ્યકત્વ-રૂપ ઘી અને ગુણાનુરાગનો ગોળ નાખી વીતરાગ પરમાત્માના વચનોની સતત વિચારણા રૂપ ચૂલા ઉપર ચડાવીને તૈયાર કરેલી.

દેવતણા સુખ વાર અનંતી, જીવ જગતમેં પાયા;
નિજ સુખાવણ પુદ્ગલ સુખસેંતિ,મન સંતોષ ન આયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૂધપાક

આત્મિક–ગુણોના ક્ષાયોપશમિક વિકાસરૂપ દૂધમાં પ્રભુપૂજા, સદ્‌ગુરુસેવા, સાધર્મિક ભક્તિ વગેરે બદામ, પિસ્તા ચારોળી નાંખી જ્ઞાન–ધ્યાન રૂપ અગ્નિથી પકાવી વધુ નિર્મલ થયેલ આત્મિક ગુણોમાંથી તૈયાર થયેલ.

પુરી

જ્ઞાનીઓએ બતાવેલ જીવનમર્યાદારૂપ ઘઉંના આટાની જીવનમાં યથાશક્ય ઉતારવા રૂપ કણક બનાવી (તેનાથી થતી) જીવનશુદ્ધિરૂપે વણી મોહનીય કર્મના સંસ્કારોને ઉખેડી નાખનાર સંયમ–તપરૂપ ભટ્ઠી ઉપર શ્રીતીર્થંકરદેવોની આજ્ઞારૂપ કડાઈમાં શુભધ્યાનરૂપ ઘીમાં તળીને તૈયાર કરેલી.

ખીચડી

ક્ષમા, સરળતા, ઇન્દ્રિયજન્ય વગેરે સદ્‌ગુણોરૂપ ભાત (ચોખા) અને સર્વ જીવો સાથે મૈત્રીરૂપ મગની દાળની બનેલી, આરાધકભાવ રૂપ ઘીથી લચપચતી અને અનાદિકાળના મોહાદિના અશુભ–સંસ્કારરૂપ રોગોના જબ્બર હુમલાથી નબળી પડી ગયેલી આત્મશક્તિરૂપ જઠર (હોજરી)ની કર્મનિર્જરારૂપ પાચન ક્રિયાને વ્યવસ્થિત કરનારી.

દશ દૃષ્ટાંતે દોહિલો નરભવ, જિનવર આગમ ભાખ્યો;
પણ તિણકું ખબર પડે નહિ, જિણે મોહધતુરો ચાખ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાળ

ધર્મક્રિયારૂપ તુવેર વગેરેની દાળને નિરંતર આસેવન કરવારૂપ ચૂલે ચઢાવીને વિધિના ઉપયોગરૂપ પાણીમાં ૬૯ અભ્યાસ રૂપે સીઝવેલી અને વિવિધ સુંદર ગુણોના વિકાસરૂપ મસાલાથી સ્વાદિષ્ટ બનેલી.

પાનનું બીડું

સત્યવચનરૂપ નાગરવેલના પાનમાં ધર્માનુસારીપણાનો કાથો, વિવેકનો ચૂનો, સંતોષની જિનતાનની ગોળી, ધર્મરાગ-રૂપ સોપારી અને સ્વાધ્યાય રૂપ ઉંચી જાતના સ્વાદિષ્ટ–મસાલાઓ નાંખીને તૈયાર કરેલું.

મનનપૂર્વક વાંચો ! ! !

- અહંકાર આફતનું પ્રવેશદ્વાર છે.
- સહનશીલતાથી મૌન દીપે છે.
- સૌંદર્ય પવિત્રતાથી શોભે છે.
- આચરણ વગરનું ઉચ્ચારણ શા ખપનું ?
- સર્વમાં પોતાને જૂએ તે મહાત્મા.

વિષયાસક્ત રાગ પુદ્ગલકો ધરી નરજન્મ ગમાવે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાવે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બિંદુમાં વિરાટ્

પાણીના એક ટીપામાં વિરાટ્ વિશ્વ

એક પાણીના ટીંપામાં રહેલા ૩૬૪૫૦ સૂક્ષ્મ જીવોનું આ ચિત્ર જોઇને ચમકશો નહીં ! ! !

સ્યાદ્વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત;
સપ્તભંગી રચના વિના, બંધ ન બેસે વાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહહહહ................

પાણીના એક ટીંપામાં જીવ !

આને તમે નવલકથાની જેમ કલ્પિત પણ ન માનશો.

પરંતુ–આધુનિક વૈજ્ઞાનિક–સત્ય છે.

અલાહાબાદ ગવનમેન્ટ પ્રેસ પ્રકાશિત **સિંધ પદાર્થ વિજ્ઞાન** નામના પુસ્તકમાં આ ચિત્ર પ્રકાશિત થયેલ છે.

આ પુસ્તકમાં **પ્રખર વૈજ્ઞાનિક ડૉ. સ્કોર્સબીએ માઇક્રોસ્કોપ** (સૂક્ષ્મદર્શક યંત્ર) દ્વારા કરેલ **પ્રયોગનું** વર્ણન છે. ડૉકટરે સૂક્ષ્મદર્શક કાચ મારફત પોતાની સગી આંખી જોઈ ને ગણત્રી કરી જાહેર કરેલ કે—

"સામાન્યતઃ પાણીનું એક ટીપું એટલે-સૂક્ષ્મજીવોનું એક વિરાટ વિશ્વ" અર્થાત્ પાણીના એક ઝીણા ટીપામાં–છત્રીસ હજાર ચારશો પચાશ (૩૬૪૫૦) સૂક્ષ્મ જીવોનો સમૂહ (એક નાના શહેર જેવડો) હોય છે.

આ રીતે આધુનિક વિજ્ઞાને પાણીના એક ટીપામાં ૩૬૪૫૦ સૂક્ષ્મ જીવો હોવાનું યે સાબિત કર્યું છે, તે ઉપરથી વિશ્વ વત્સલ–દિવ્ય–જ્ઞાની મહાપુરૂષોએ જગતના પ્રાણી માત્રના હિતને

બહુ કોડયો વરસ ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદાત્ત દૃષ્ટિથી પ્રરૂપેલ–પાણીના બિંદુમાં અસંખ્ય જીવોની વાતને સુદૃઢ વિશ્વાસ અને પરમ આદર ભાવથી માન્ય કરવી વિવેકીઓનું પરમ કર્તવ્ય છે.

એ રીતે વિવેક બુદ્ધિના આધારે દરેક સમજુ માણસે નીચેની બાબતો ઉપર પુરતું ધ્યાન આપવાની જરૂર છે.

• જરૂર હોય તેટલું જ માપસરનું પાણી સ્વચ્છ–જાડા ગળણાથી ગાળીને ઉપયોગમાં લેવું.

- વગર કારણે પાણીનો વપરાશ ન કરવો.
- જરૂરિયાતથી વધારે પાણી ઢોળવું નહિ.
- ન્હાવા આદિ માટે નળની ચકલી ઉઘાડી રાખી પાણીનો બગાડ ન કરવો.
- નદી, તળાવ આદિમાં પશુની જેમ પડીને વ્યક્તિગત મોજ અને આનંદ લૂંટવાના નામે પાણી ડહોળવાનું ભયંકર પાપ કદી ન કરવું.

"वस्त्रपूतं पिबेज्जलं"

"पाणी पीजे छानकर
और गुरु कीजे जानकर"

આદિ લોક–કહેતીઓના પરમાર્થને ધ્યાનમાં રાખી પાણીનો વપરાશ બહુ જ ઉપયોગ રાખી વિચારીને કપડાથી ગાળીને જ કરવો.

"आत्मवत्सर्वभूतेषु"

ની શીખામણ ધ્યાનમાં રાખી પાણીનો બગાડ કરવા રૂપે અસંખ્ય સૂક્ષ્મ જીવોને ત્રાસ ન આપવો !!!

પંથી સહુ ભવ પંથમાં, ભેળા થયા ભાગ્યે કરી;
કોઇ આજે કોઈ કાલે, એમ જશે સહુ વિખરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

- આ વિશાળ જગતના નાના મોટા તમામ જીવો કરતાં માનવની પાસે વિશિષ્ટ બુદ્ધિ અને શક્તિઓ છે, તેનો સદુપયોગ પોતાનાથી નાના જીવો તરફ લાગણી ભર્યો વ્યવહાર રાખવામાં કરવો ! ! !

- વિવેકબુદ્ધિ, સમજદારી, માનવતા અને ઇન્સાનિયતનો સાર નિર્બળ ક્ષુદ્ર–જીવોને ત્રાસ ન આપવામાં રહેલ છે ! ! !

- વર્તમાન જગત દુઃખથી બહુ પીડિત છે, તેમાં આવી નાની મોટી કેટલીક જીવહિંસાઓ જવાબદાર છે.
  અસહાય–ગરીબોની હાય કદી પણ ખાલી જતી નથી !

- વર્તમાનકાળે સુખી થવાનો વ્યાવહારિક એવં સુગમતર ઉપાય એકજ છે કે–જેટલું બને તેટલું બીજા જીવો પ્રતિ અહિંસક વર્તન રાખવા પ્રયત્ન કરવો ! ! !
  ટૂંકમાં આ વાંચીને નીચેની ત્રણ પ્રતિજ્ઞાઓ કરો :–

- વગર કારણે પાણીનો વપરાશ નહિ કરવો.

- કપડાથી ગાળ્યા વગર પાણી વાપરવું નહિ.

- ત્રણ ઊકાળાથી અચિત્ત થયેલું પાણી સદાકાળ વાપરવું.

પાંચે ઇન્દ્રિય વશ કરે, પાળે પંચાચાર;
પ્રભુ આણાએ રાતા રહે, વંદું તે અણગાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મશુદ્ધિનું મહાન પર્વ પર્યુષણા

મહામંગલકારી પર્યુષણા પર્વ સકળ પર્વોમાં શિરોમણિ તુલ્ય છે. કેમકે–શરીરના પોષણ માટે આમોદ–પ્રમોદની જેટલી જરૂર છે તેટલી જ જરૂર મનની અપૂર્વ શાંતિ માટે સદ્‌વિચારોના ભવ્ય વાતાવરણની છે.

માણસના વિચારો સારા ખોટા વાતાવરણના દબાણથી ઘટ્ટ થઈ નક્કર સ્વરૂપ પકડે છે.

આજના યુગમાં માનવીએ રોકેટ અને સ્પુટનિક જેવા સાધનોનો આવિષ્કાર કરીને પોતાની ભૌતિક લાલસાઓ એને આશા–તૃષ્ણાના કલ્પના–તરંગોથી પોતાની આસપાસ એવું વાતાવરણ સર્જી દીધું છે કે જાણે અજાણ્યે પણ વિકૃત વિચારો અને મલિન ભાવનાઓનો પ્રવાહ જીવનને ઉન્માર્ગે ખેંચી જાય ! તે છતાં તેની ગંભીરતા કબૂલાતી નથી !

આ છે આજે તથાકથિત પ્રગતિવાદી યુગના માનવીની કરૂણ કહાણી !

તેથી **પર્યુષણા પર્વ** એમ સૂચવે છે કે—

"વિચારોની ભૂમિકાએ 'હું અને મ્હારૂં "ની

કરે કષ્ટમાં પાડવા, દુર્જન ક્રોડ ઉપાય;
પુણ્યવંતને તે સવિ, સુખના કારણ થાય.

ભાવનાનું જોર ઘટયું કે સુખ અને શાંતિ માનવીના પગ ચાટતી આવે, વગર-કહે જગતની સમૃદ્ધિ દાસી થઇને રહેવા તત્પર બને."

પર્વાધિરાજની મંગળ આરાધનાથી એવી ઉદાત્ત પરિસ્થિતિ સર્જાય છે કે **જેના બળે માનવી વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં જવા રૂપનો ઉર્ધ્વમુખ વિકાસ સફળ રીતે સાધી શકે !**

अहं-ममની ભાવનાઓ માનવીના વિચારોને દૂષિત કરે છે પરિણામે સ્વાર્થની મર્યાદાઓ ઉભી થાય છે. તેમાં રૂંધાઈ જતી માનવીની શક્તિઓ વિકૃત બની હિંસા, જુઠ, ચોરી આદિ દૂષિત વ્યવહારની ગંદકી ઉપજાવે છે.

તેથી પર્યુષણા પર્વ આન્તરિક-શુદ્ધિના મહત્ત્વને સમજાવે છે.

જેમકે **પર્યુષણા** એટલે=પરિ+ઉષણા=પર્યુષણા; અર્થાત પરિ = **ચારે બાજુથી** ઉષણા = **પોતાના શુદ્ધસ્વરૂપમાં રહેવું કે રહેવાનો પયત્ન કરવો.**

આવા મહાન પર્વના આરાધનથી જીવનને પવિત્ર બનાવવા માટે ઉદારતા, સ્વાર્થત્યાગ, ક્ષમા અને ત્યાગવૃત્તિના અદ્ભુત ઘડતરની જરૂર હોય છે, તેથી તે માટે સક્રિયતા લાવવા રૂપે પર્વાધિરાજનું ભાવભર્યું સ્વાગત કરવાની આપણી ફરજ છે.

બાહિર બહુરિ કહા ફિરે, આપહીમેં હિત દેખ;
મૃગતૃષ્ણા સમ વિષયકા, સુખ સબ જાનિ ઊવેખ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહારમાં કોઈ નાના-મોટા સત્તાધીશ કે અમલદારને પોતાના ઘરઆંગણે પધરાવવા માટે સ્વચ્છ વાતાવરણ અને સુંદર ફરનીચર વગેરેની ભવ્ય ગોઠવણી જેમ જરૂરી મનાય છે,

તેમ જીવનશુદ્ધિના મંગળ-ભાવને જન્માવનાર પર્યુષણા જેવા મહાન પર્વનું સ્વાગત કરવા માટે આપણા મનોમંદિરમાંથી ક્રોધ, દંભ, છળ કપટ વગેરે દોષોને સાચા એકરારપૂર્વક દૂર કરવાના શુભ સંકલ્પ સાથે સદ્‌વિચાર અને સદાચારનો શુભ સમન્વય કરવો જોઇએ.

આ કારણે જ પર્યુષણા પર્વ પર્વાધિરાજ ગણાય છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ
[પ્રથમ દિવસ]
પર્વાધિરાજનું રહસ્ય.

જૈનોનું મહાન પવિત્ર પર્વ આજથી શરૂ થાય છે.

આ દિવસોમાં ધર્મની વિવિધ ક્રિયાઓ દ્વારા આત્મનિરીક્ષણના પ્રયોગથી જીવનને સ્પષ્ટ અને હળવું બનાવી આત્મશુદ્ધિના લક્ષ્યની સફળતા કરવાની છે.

કર ભકિત વીતરાગની, કર પરમારથ કામ;
કર સુકૃત જગમેં સદા, રહે અવિચળ નામ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્યુષણા એટલે આપણા જીવનની પ્રક્રિયામાં ઘૂસી ગયેલ વિકારી તત્ત્વને અળગું પાડવા માટે સતત ઉદ્યોગશીલ બનવું.

ભાવોની નિર્મળતા અને ક્રિયાની વ્યવસ્થા વિના જીવન સુખ–શાંતિથી સમૃદ્ધ ન બને.

તેથી ધર્મની આરાધનાના પંથે ધપી રહેલ પુણ્યાત્માઓને આ પર્વ રેડ સીગ્નલ આપે છે કે–**હૈયાને ઢંઢોળો ! નિખાલસતા કે સરળતા કેટલી છે ! તે તપાસો ! !**

એકરાર અને પશ્ચાત્તાપ વિના માનવસ્વભાવ મુજબ થતી કે થઈ જતી ભૂલોનું મૌલિક પરિમાર્જન સંભવિત નથી–અને ભૂલોના પરિમાંર્જન વિના ભાવોમાં શુદ્ધિ અને ક્રિયાઓમાં વ્યવસ્થા આવે નહિ.

માટે આજથી શરૂ થતા પર્વાધિરાજની આરાધનામાં વિવેકી ભાવુક જનોએ અંતર્નિરીક્ષણ સરળતા અને વિવેકબુદ્ધિના પુનિત ત્રિવેણી સંગમ માટે પ્રયત્નશીલ બનાવની જરૂર છે.

તે માટે નીચેના પાંચ કર્તવ્યો જરૂરથી અમલમાં મૂકવાં જોઇએ.

જીવ દયાની ઉદ્ઘોષણા, સાધર્મિક ભક્તિ, અઠ્ઠમ તપ (ત્રણ ઉપવાસ) ચૈત્ય પરિપાટી (યાત્રા) અને સર્વ જીવો સાથે ક્ષમાપના.

ધર્મ કરત સંસારસુખ, ધર્મ કરત નિર્વાણ;
ધર્મપંથ સાધન બિના, નર તિર્યંચ સમાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ
[બીજો દિવસ]
પર્વાધિરાજની ખાસિયત

આજે શ્રી પર્યુષણ મહાપર્વનો બીજો દિવસ છે,

આખા વર્ષ દરમ્યાન જીવનશુદ્ધિને કેન્દ્રમાં રાખી વૃત્તિઓની થયેલી પ્રગતિનું સરવૈયું આજે કાઢવાનું છે.

આજના વ્યાખ્યાનમાં સાધર્મિક ભકિત, શ્રીસંઘની પૂજ્યતા અને દેવ-ગુરુ-ધર્મના ગુણાનુરાગ પૂર્વકની ભકિત તેમજ નિષ્કપટભાવે ધર્મની આરાધના આદિ તત્ત્વોનું વિશદ વિવેચન જાણવા મળે છે.

જેના પરિણામે કે સરલતા અને જિજ્ઞાસાવૃત્તિનો સુમેળ દ્વારા જીવનને ખુલ્લી ચોપડી જેવું બનાવવાની કલા પર્વાધિરાજની આરાધનાદ્વારા કેળવી શકાય

સંસ્કારો અને પ્રવૃત્તિ વચ્ચેનું સગપણ આપણી જીવન શક્તિઓને ડોળી નાંખે છે, માટે પ્રવૃત્તિનું જોડાણ મહાપુરુષોના જીવનલક્ષ્ય સાથે કરવા રૂપે પર્વાધિરાજની મહત્ત્વપૂર્ણ ખાસી-યતોનો લાભ ઉઠાવવો જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે માટે આજે ઊંડા આત્મનિરીક્ષણ અને વ્યવસ્થિતરૂપે ધર્મક્રિયાઓનું આસેવન જરૂરી માનવા રૂપે પૂર્વ તૈયારી કરી લેવી જોઈએ.

જેથી કે અત્યંત મહત્ત્વપૂર્ણ જીવનની વિશિષ્ટ-સિદ્ધિઓ સફળતા સૂચવનારી અનુભવી શકાય.

વિચારોની આવી જાગૃતિ-પ્રવૃત્તિમાં જ્યારે જાગે ત્યારે જીવનશુદ્ધિનું તત્ત્વ આપણી સઘળી પ્રવૃત્તિઓના કેન્દ્રમાં સ્થિર રહી શકે.

તેથી આજે પર્વાધિરાજના માર્મિક આરાધના-રહસ્યને સમજવા માટે કર્તવ્યનિષ્ઠા અને વિવેક બુદ્ધિના ઘડતર સાથે વાર્ષિક-કર્તવ્યોની સમીક્ષા કરવાનું ધ્યાન-રાખવું.

પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ

[ત્રીજો દિવસ]

આચારશુદ્ધિનું મહત્ત્વ

પર્વાધિરાજની આરાધનાનો આજે ત્રીજો દિવસ છે. ગયા બે દિવસની આરાધનાના પરિણામે વિચારશુદ્ધિ તેમજ લક્ષ્યની જાગૃતિ કેળવ્યા પછી, આજે સક્રિયપણે જીવનને

ઇન્દ્રિય જનિત વિષયરસ સેવત, વર્ત્તમાન સુખ-ઠાણે;
પણ કિંપાકતણા ફળની પરે, નવિ વિપાક તસ જાણે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુદ્ધિના પંથે ધપાવવા મહત્ત્વપૂર્ણ પગલું ભરવાનો સંકલ્પ કરવાનો છે.

આજે સિંધુ – સૌવીર – દેશાધિપતિ અંતિમ રાજર્ષિ **ઉદયન** મહારાજાએ ઉજ્જૈનના **મહારાજા ચંડપ્રદ્યોત** સાથે કર્તવ્યપાલનની રૂએ વ્યક્તિગત માનાપમાનના પ્રશ્નને અળગો કરી જે નિખાલસતાથી અને સરલતાથી ક્ષમાપના કરી તેનો અધિકાર વ્યાખ્યાનમાં સાંભળી આપણા જીવનરથની ગતિમાં વિક્ષેપ નાંખનારા અહંભાવ અને કલ્પનાસૃષ્ટિનું ઉપજાવી કાઢેલું વ્યક્તિત્વ અને કદાગ્રહ આદિ આચારશુદ્ધિના તત્ત્વને પારખવામાં અવરોધ ઊભો કરનારા તત્ત્વોને અળગા કરવાનું બળ કેળવવાનું છે.

વિચારોની દુનિયામાં સ્વૈર વિહાર કરવાની ટેવ આપણી વૃત્તિઓને આચાર–શુદ્ધિના કે કર્તવ્યપાલનના પંથે જતાં અટકાવે છે.

તેથી આજે પર્વાધિરાજની આરાધનામાં સાંસારિક પ્રવૃત્તિઓનો સંબંધ બને તેટલો ઓછો કરવાનો પ્રયત્ન ઉમેરી આચારશુદ્ધિનું લક્ષ્ય કેળવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

દાન અરુ પુણ્ય નિજ કરથી ન કર્યો કછુ;
હોય કે જમાઈ કોઈ દૂસરો હી ખાવેગો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ
[ચોથો દિવસ]
શ્રી કલ્પસૂત્રનું વાંચન

પરમ પાવન પર્વાધિરાજ શ્રી પર્યુષણાનો આજે ચોથો દિવસ છે.

આજે મહામાંગલિક પરમપવિત્ર શ્રી કલ્પસૂત્રનું વાંચન શરૂ થવાનું.

આજના દિવસની મંગલમયતાનો અનુભવ જીવનનો ખરેખરો લ્હાવો છે.

પણ તે મેળવવા માટે એક વાતનો સચોટ નિર્ણય કરવો જોઇએ કે **કલ્પ** એટલે મર્યાદા–તેનું **સૂત્ર** એટલે એકીકરણ. અર્થાત આપણી શકિતઓના અખૂટ ઝરાને મર્યાદાઓથી અંકિત કરી સાચી દિશામાં તેને વહેવડાવવાની જવાબદારીનો માનદંડ.

આજથી શરૂ થતા કલ્પસૂત્રના વાંચનનું આવું અદ્ભુત રહસ્ય યથાયોગ્ય રીતિએ સમજી–વિચારી જીવનશુદ્ધિના ધોરણે આપણી વૃત્તિઓના ઘડતરને આડે આવનારા આપણા ક્ષુદ્ર અતિ

રાગ ભુજંગમ વિષહરણ, ધારો મંત્ર વિવેક;
ભવવન મૂલ ઉચ્છેદકું, વિલસે યાકી ટેક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુચ્છ સ્વાર્થ–વિકારી ભાવો કે વાસનાઓના પોષણની ધારણાઓને રૂપાંતરિત કરવા માટે સક્રિય બનવું જોઇએ.

આજની વિચાર–વાણીની સ્વચ્છંદતારૂપે પરિણમી રહેલી કહેવાતી સ્વતંત્રતા–આઝાદીના યુગમાં મર્યાદાઓ કે ધારાધોરણ મુજબ ચાલવાની વાત વાહિયાત જેવી કદાચ ઉપલક બુદ્ધિવાલાઓ ગણી હસી કાઢે ! પણ ખરેખર મર્યાદાઓ જ શકિતના સાચા વિકાસની કુંચીઓ છે. ચાલુ વહી જતા પાણીમાંથી બંધ બાંધી રોકાણ કરવાથી જ અમાપ શકિતઓ અનુભવાય છે. સદુપયોગની દિશા હાથ ન લાગી હોય તો ભયંકર જલપ્રલય કે મોટા વિનાશનું પણ સર્જન મર્યાદાઓથી બંધાએલ જલ-રાશિથી થાય છે.

માટે આજે પર્વાધિરાજના મહત્વપૂર્ણ સંદેશરૂપે જીવનમાં આત્મસંયમ–આત્મનિરીક્ષણ અને આત્મસંવેદનાની ત્રિપુટીની પ્રતિષ્ઠા કલ્પસૂત્રના વાંચનના પ્રારંભદ્વારા કરવી જોઇએ.

પરિણામે ઘરના આંગણામાં આં.ા મારતી ભાવશુદ્ધિને આપણે સહેલાઇથી ઓળખી કાઢી આપણા મર્યાદાશીલ પવિત્ર માનસમાં વિવેકપૂર્વક પધરાવી શકીએ ! !

આ છે આજના કલ્પધર કે વડાકલ્પ તરીકે ઓળખાતા પવિત્ર દિવસની મંગલમયતા ! ! !

પરિણતિ વિષય વિરાગતા, ભવતરુ મૂલ કુઠાર;
તા આગે કર્યું કરી રહે, મમતા વેલ પ્રચાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વાધિરાજ શ્રી પર્યુષણા
(પાંચમો દિવસ)

પ્રભુ મહાવીરના જન્મવાચન-મહોત્સવનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો પાંચમો દિવસ છે.

ગઈકાલથી આપણી જીવનશુદ્ધિના લક્ષ્યને ચોક્કસ રૂપ આપવાનું કાર્ય મહામંગલકારી શ્રી કલ્પસૂત્રના શ્રવણના પ્રારંભથી શરૂ થયું છે. તેને આજે પરમોપકારી ચરમતીર્થંકર પ્રભુ મહાવીર પરમાત્માના જન્મવાચન પ્રસંગની ઉજવણીના ઉમંગભેર વિવિધ કાર્યક્રમોદ્વારા વેગવંતુ બનાવવાનું છે.

"સૂક્ષ્મબુદ્ધિથી ધર્મના ગહન તત્ત્વોનો પરિચય મળી શકે છે." આ વાતને યોગ્ય રીતે નહીં સમજી શકનારા કેટલાક જ્ઞાનની વિપુલ-રાશિના ધણી કહેવડાવવા છતાં પણ વિશ્વવત્સલ જગતહિતૈષી તીર્થંકર પરમાત્માના હૈયાની અસીમ કરૂણાના પરિચાયક સ્વપ્નો અને જન્મપ્રસંગના આંજી નાખનારા વિવિધ વર્ણનોને બાલકને ફોસલાવવાની રીત સાથે સરખાવી દેતા હોય છે.

પરંતુ ખરેખર તો સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રાણી સાથે પણ એક રૂપતાના અનુભવની ચરમસીમાએ પહોંચેલા એકેક પ્રસંગમાંથ

મેરો મેરો કરત ધરત ન વિવેક હીયે;
મોહ અતિરેક ધર પરત કિલેશ મેં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણી જીવન શક્તિઓને ડહોળી નાંખનાર મોહમલ્લ સામે પડકાર ફેંકવારૂપ ત્યાગ–ભાવની ઉદાત્ત ભાવના ઝીલવા માટેનું અખૂટ બળ મળતું હોય છે.

સૂક્ષ્મબુદ્ધિગમ્ય આ રહસ્ય આજે ચૌદ સ્વપ્ન ઉતારવાની પદ્ધતિ, જન્મવાંચન મહોત્સવ, અને તે નિમિત્તે થતી, હજારોની ઉછામણી આદિ દ્વારા ગુરૂગમથી યોગ્ય રીતે વિવેકનું ઘડતર કરી મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

આરાધનાના પંથે આગળ ધપવા માટે શાસ્ત્રીય તત્ત્વોના વ્યાવહારિક પ્રયોગોની સમજૂતી આજના પવિત્ર દિવસે ત્યાગ, વૈરાગ્ય અને કર્મશત્રુ સાથે ઝઝુમવા માટેનું અપૂર્વ બલ પ્રભુ મહાવીર ભગવંતના જન્મવાચન મહોત્સવની આદર્શ પદ્ધતિ કેળવવાનો પ્રયત્ન વિવેકીનું પરમકર્તવ્યરૂપ બની જાય છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણા

(છઠ્ઠો દિવસ)

જીવનદૃષ્ટિનું સંશોધન

(ગણધરવાદનું રહસ્ય)

આજે પર્વાધિરાજની આરાધનાનો છઠ્ઠો દિવસ છે. વિચારોની શુદ્ધિ જીવનશુદ્ધિ માટે વધુ અપેક્ષિત છે. પણ

મુખમાંહી પ્રભુ નામ મન તો સંસારમાં ફિરે;
ગિરે ભવ કૂપ માંહે કર દીપ ધાર કે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચારશુદ્ધિ વિના વિચારશુદ્ધિ થતી નથી કે ટકતી નથી. માટે પર્વાધિરાજની આરાધના પ્રસંગે જીવનશુદ્ધિના લક્ષ્યની સફળતા માટે આચારશુદ્ધિની કેળવણી કરનાર કલ્પસૂત્રનું શ્રવણ અને તેની પૂર્વભૂમિકા રૂપ અષ્ટાન્હિકા વ્યાખ્યાન આદિની ઉપયોગિતા છે.

પણ આ બધું ય જીવનશુદ્ધિના લક્ષ્યને પૂરક ત્યારે અને જ્યારે કે આંતરિક વિચારસરણીમાં મોહની મલિનતા કે વિકારી ભાવોની અશુદ્ધિ ઘટાડવા રૂપે તાત્ત્વિક દૃષ્ટિ જન્મે.

આ દૃષ્ટિના ઘડતર અને વિકાસ માટે આજનો પાવ
દિવસ છે.

આજે પરમાત્મા શ્રી મહાવીર ભગવંતની દીક્ષા, કેવ
જ્ઞાન અને નિર્વાણરૂપ ત્રણ કલ્યાણકારી પ્રસંગોનું શ્રવ
મનન કરવાનું છે.

તેમાં પણ કેવલજ્ઞાનના પ્રસંગે અગિયાર ગણધરો
કરેલ આત્મવિલોપન કે આત્મવિસર્જનની ઉદાત્ત તાત્
પ્રક્રિયાના મહત્વને સૂચવનાર ગણધરવાદના આદર્શ તાત્
સિદ્ધાંતોના મર્મ પારખવાની ખાસ જરૂર છે.

કૂડ અરૂ કપટ કરી પાપબંધ કીનો તાતે;
ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વાધિરાજની આરાધન આપણી જીવનદૃષ્ટિના સંશોધન ઉપર નિર્ભર છે.

જન્મજન્માંતરની ભૌતિક ને પૌદ્‌ગલિક વાસનાઓના ચિર-સહવાસના પરિણામે દૃઢ બની ગયેલી જડભાવપરિપૂર્ણ દૃષ્ટિના નબળા તેજવાળા આપણે ઝળહળતા સનાતન સત્ય જેવા આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, પરલોક, બંધ અને મોક્ષ જેવા સર્વ સાધારણ પણ તાત્ત્વિક પદાર્થોનો ઇકરાર પૂર્વક સ્વીકારી શકતા નથી.

તેથી આજે જ્ઞાનીઓએ શ્રી કલ્પસૂત્રમાં આવતા પ્રભુ મહાવીરદેવના કેવલજ્ઞાન પ્રસંગને ગણધરવાદના તત્ત્વ-ભરપૂર વિશદ વિવેચનથી અલંકૃત કરીને આપણી જીવન-દૃષ્ટિનું સાચું સંશોધન કરવાનો સત્ય પ્રયત્ન કર્યો છે.

આજના મંગલ દિવસે ગુરૂગમથી ગણધરવાદના આવા આવા માર્મિક રહસ્યને સમજવાનો પ્રયત્ન કરી જીવનદૃષ્ટિનું સંશોધન કરવું જરૂરી છે.

ધન અરૂ ધામ સહુ પડ્યો હી રહેગો નર;
ધાર કે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વાધિરાજ શ્રી પર્યુષણા

[સાતમો દિવસ]

ક્ષમાપનાનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો સાતમો દિવસ છે. **ધર્મસ્ય ત્વરિતા ગતિઃ** કહેતી મુજબ પર્યુષણ મહાપર્વની પધરામણી થયાનો આનંદ હજી શમે ત્યાં તો તેના પ્રયાણના નગારા સંભળાવવા લાગ્યા.

પણ અવિરતગતિએ ચાલતો કાળનો પ્રવાહ કોઈના માટે થોભતો નથી, એ તો "વહેતી નદીના પાણીમાં જેણે ડૂબકી મારી તે નિર્મલ થઈ જાય" તે રીતે શકય રીતે આપણી વૃત્તિઓ–પ્રવૃત્તિઓના બંધારણને વિચારકતા અને કર્મઠયતાના સુમેળરૂપે વ્યવસ્થિત કરવાની પ્રેરણા આરાધનાના આ પવિત્ર દિવસોમાં જેઓએ મેળવી તેઓ ધન્ય બની ગયા છે !

આજે આવી વિચારણાના માધ્યમથી "ભણતરની મહેનત પરીક્ષા ટાણે" અને "વાવણીની મહેનત લણવાના સમયે" સફળ થાય, તેમ આવતીકાલે સકલ જીવરાશિ સાથે અહં–મમના સંસ્કારોની માદક અસર તળે આવીને કરેલી વિસંવાદી પ્રવૃત્તિને

કાજ કરત પર ઘરનકે અપનો કાજ બિગાર;
શીત નિવારે જગતકી અપની ઝૂંપડી બાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્બળ કરવા સારુ ક્ષમાપનાનો અદ્ભુત સંજીવન મંત્ર પર્વાધિરાજની આરાધના દ્વારા સિદ્ધ કરવાનો સંકલ્પ મજબૂત બનાવવાનો છે.

તેથી આજે ભાવોની બંધારણીય ભૂમિકા પલટાવવાનું ઉદાત્ત લક્ષ્ય કેળવવા જાગૃતિ કેળવવી જરૂરી છે.

પરિણામે ભાવના અને આપણી વિચારધારાના મૂળમાં મજબૂતાઈથી અડ્ડો જમાવી બેઠેલી માનવ–સ્વભાવની વિકૃત ખાસીયતો જેવી કે "પોતાની જ વિચારધારા," કે "નિર્ણયોના માનદંડથી સઘળાને માપવાનો પ્રયત્ન" "પરદોષસમીક્ષા," "સારું કર્યું તો મેં કર્યું અને બગડ્યું તો બીજાએ બગાડ્યું" આદિના નિરાકરણરૂપે જિજ્ઞાસા, ગુણાનુરાગ, ધીર–ગંભીર, વિચાર–પદ્ધતિ આદિ ગુણોની કેળવણી માટે આવતી કાલે નમ્રતા, વિનય, વિવેકપૂર્વક સાચી ક્ષમાપના કરી શકાય તે માટે આજે વધુ સાવધાન થવાની જરૂર છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણા
[આઠમો દિવસ]
ક્ષમાપનાનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો આઠમો અને છેલ્લો દિવસ છે.

વિષય હળાહળ સુખ ગિને, કહું કહાં લગી ભૂલ ?
આંખ છતાં અંધા હુઆ, જાણપણામેં ધૂલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દહેરાસરમાં પ્રભુ-પ્રતિમાની કે શિખર પર સ્વર્ણ કલશની પ્રતિષ્ઠાની જેમ આજે પર્વાધિરાજની સાત દિવસની આરાધના બલે હળવું, સ્વચ્છ અને નિર્દોષ બનેલ યાના મહામૂલા ભાવશુદ્ધિરૂપ સિંહાસન ઉપર આપણા ચૈતન્યતત્ત્વની પ્રતિષ્ઠા કરવાની છે.

આજ સુધી વિષય-કષાયોની વાસના અને ભૌતિકપદાર્થોની મોહમાયાની ખોટી દોરવણી તલે ચૈતન્યતત્ત્વનું અપમાન અનેક રીતે આપણે કરતા આવ્યા છીએ.

આજે પર્વાધિરાજની મહામૂલી અંતરની સંપદાથી સમૃદ્ધ પણ ચૈતન્યતત્ત્વને જન્મ-જન્માંતરના વિવિધ અશુભ સંસ્કારોના બળે વિકારી સ્થૂળ-ભાવોની સપાટીએ જ આંટા મારતી આપણી સ્થૂળદૃષ્ટિ ઓળખી શકતી નથી.

માટે દર્પણથી જેમ આપણા મ્હોં પરના ડાઘાનો પરિચય મેળવી શકીયે, તેમ અન્ય જીવોમાં ગુણાનુરાગ દૃષ્ટિથી ચૈતન્યના અદ્ભુત દર્શન કરવાના સતત અભ્યાસથી આપણી દૃષ્ટિ ચૈતન્યતત્ત્વની સાચી ઓળખાણ માટે પાવરધી બની શકે છે.

પણ ક્ષમાપનાના હાર્દને પામી દોષદૃષ્ટિને વિદાય કર્યા વિના કે નમ્રતા સહિષ્ણુતા કે સાપેક્ષવૃત્તિના ઘડતર વિના અન્ય જીવોમાં વિલસી રહેલ ચૈતન્યનું દર્શન શકય નથી બનતું.

આશા દાસી વશ પડયા, જડયા કર્મ જંજીર;
પરિગ્રહભાર-ભરે નડયા, સહે નરકની પીર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે આજે આપણા પોતાનો ચૈતન્યતત્ત્વને પારખવા માટે જરૂરી અન્ય જીવોના આત્મદ્રવ્યની ઓળખ આડે આવતી દોષદૃષ્ટિ આદિને ખસેડવા માટે ક્ષમાપનાના આદર્શને જીવનમાં સુવ્યવસ્થિતપણે કેળવવાની જરૂર છે.

વિવેક મહામૂલી સંપત્તિ છે.

ૐ

પર્વાધિરાજની આરાધનાની આ મલાઈ છે.—

કે :—

ખમો અને ખમાવો !

કષાયોનું શમન કરો !

સામાના દોષો ગળી જાઓ !

ગુણો તરફ ધ્યાન કેન્દ્રિત કરો !

આ ચાર બાબતમાં પર્વાધિરાજની આરાધનાનો સાર સમાઈ જાય છે.

આવત કુછ લાયા નહિ, જાવત કુછ ન લે જાય;
બિચમેં મિલે બિચમેં નસે, મૂરખ કરે બલાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નવપદની ઓળીની મહત્તા

જૈન શાસનમાં વર્ણવાએલી છ અઠ્ઠાઈઓ પૈકી આસો–ચૈત્રની બે અઠ્ઠાઈઓ જૈન શાસનના પરમ રહસ્યરૂપ નવપદની આરાધનાને ઉદ્દેશીને મહત્ત્વવાળી ગણાય છે.

તેમજ અવિરતિના ભીષણ સંયોગોમાં ફસી રહેલ દેવ પણ આ દિવસોમાં સમ્યગદર્શનની નિર્મળતાના બળે શ્રી નંદીશ્વરદ્વીપમાં જઈ ભક્તિ–ભાવપૂર્વક આરાધક ભાવની સફળતા કરે છે. તેમજ દરેક તીર્થંકરના શાસનમાં કે દરેક ધર્મક્ષેત્રોમાં નવપદની આરાધના નિયમિત રીતે થતી હોવાથી તેનો શાશ્વત અઠ્ઠાઈ તરીકેનો મહીમા પણ જગ વિખ્યાત છે.

પણ આરાધના સફળ કયારે થાય ? જ્ઞાનીઓએ જણાવેલ આદર્શને નજર સામે રાખી વિધિપૂર્વક આરાધના માટે તૈયારી હોય ત્યારે.

માટે જ દર ઓળી વખતે મહારાજા શ્રીપાળ અને રાણી મયણાસુંદરીના જીવનના આદર્શ ભૂત રહસ્યો સમજાવાય છે.

ભવસાગરમેં બુડતે, કોઈ ન તારણહાર;
ધર્મ એક જહાજ હૈ, કેવલિભાષિત સાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે મુજબ અનાદિકાળની વાસનાના સંસ્કારો ઉપર વિજય મેળવવાના લક્ષ્યને કેળવી આરાધાતા તે તે પદની ગુણાનુરાગ પૂર્વક આરાધના કરી યથાયોગ્ય ફળની પ્રાપ્તિ માટે ઉપયોગની જાગૃતિ રાખવી જરૂરી છે.

નવપદની આરાધના એટલે ?

જૈનદર્શને સર્વ આરાધના કરતાં નવપદની આરાધનાને શ્રેષ્ઠ બતાવી છે, કારણ કે આત્માના, વિશિષ્ટ ગુણોને વિકસાવવા આ આરાધના બહુ સુંદર ઉપયોગી છે, તેની સમજુતી નીચે પ્રમાણે—

આત્મા એ સુંદર ખેતર છે, તેમાં યથાપ્રવૃત્તિ વિગેરે કરણોરૂપ હલથી ખેડાણ થાય છે. ત્યારે તેમાં દર્શનરૂપી ઉજ્જવલ નિર્મલ બીજ વવાય છે. જ્ઞાન નો પ્રકાશ તેમાં મદદગાર બને છે. ચારિત્રની વાડ ચારે બાજુ રક્ષણ માટે છે, દર્શનરૂપી બીજને મલિન કરનારા દુષ્ટ તત્ત્વો તપરૂપ અગ્નિથી બળી જાય પછી સાધુરૂપ કાળા વાદળો વરસે એટલે ઉપાધ્યાય-પદરૂપ લીલા અંકુરો પ્રગટે પછી આચાર્ય પદરૂપ પીલા ફલો આવે, પછી અરિહંતપદરૂપી પ્રથમ ઉજ્જવલ ફલ આવે અને પછી પાકેલ ફલ તરીકે લાલ સિદ્ધપદરૂપ ફલ પ્રાપ્ત થાય.

આપ અકેલા અવતરે, મરત અકેલા હોય;
જગમેં અપને જીવકા, સાથી સગા નહિ કોય.

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

આ રીતે અંતરંગ ગુણોના વિકાસ માટે નવપદની આરાધના બહુ સુંદર રીતે ઉપયોગી થાય છે. આવી અપૂર્વ આરાધના સફળ કયારે થાય ? કે જયારે જ્ઞાનીઓએ જણાવેલ તે તે પદોના રહસ્યો સમજી ધ્યાનમાં રાખી કરેક ક્રિયા કરવામાં આવે.

દરેક શ્રી નવપદજીની ઓળીની આરાધના દરમ્યાન આવા સંસ્કારોની સાચવણી માટે પ્રયત્ન કરવો તે વિવેકીનું કર્તવ્ય છે.

શ્રી નવપદની આરાધના

પ્રથમ દિવસ

શ્રી અરિહંતપદ મહિમા

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે.

આ દુહો આજની અરિહંત પદની આરાધનાના આદર્શને સમજાવનાર છે, દ્રવ્ય, ગુણ અને પર્યાયથી અરિહંતનું ધ્યાન ધરવાથી આત્મ ભેદ-છેદ કરી અરિહંત સ્વરૂપ થાય છે.

એટલે **અરિહંતો** દ્રવ્યથી શુદ્ધાત્મ સ્વરૂપ છે, ગુણથી શુદ્ધ અનંતજ્ઞાનાદિ ગુણોવાળા છે, અને પર્યાયથી પ્રાણી માત્રના

હું કરું આ મેં કર્યું, એમ માનવી મલકાય;
પાપના પોટલા સજી, છેવટ ખરે પસ્તાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હિતની સાધનાની તત્પરતાની યોગ્યતાવાળા તીર્થંકરપણાના પર્યાયને અનુભવે છે.

અને આરાધક આત્મા પોતે તો હાલ દ્રવ્યથી કર્મની અશુદ્ધિવાળો છે, ગુણથી મલિન કે ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ગુણવાળો છે, અને પર્યાયથી સંસારી દશા અનુભવે છે,

આમ પરમાત્મા અને પોતાના વચ્ચે ભેદ વિચારી ભેદને ઊભો કરનાર કર્મના આવરણને છેદવાનું ધ્યેય નક્કી કરી, કરાતી પ્રવૃત્તિઓના પરિણામે આરાધક **અરિહંત સ્વરૂપ** બની જાય છે.

શ્રી નવપદની આરાધના
બીજો દિવસ
શ્રી સિદ્ધપદ મહિમા

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે;
તે ધ્યાતાં નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે.

આજે **સિદ્ધ**પદની આરાધના ગઈ કાલની આરાધનાના બલે મેળવેલી ભેદ-છેદ કરવાની શકિતના ફલ સ્વરૂપે મુકિતપદની પ્રાપ્તિના ધ્યેયથી કરવાની છે.

મનમાં મરડાઈને મૂરખ, ફોગટ મલકાય;
પ્રબલ સત્તા કર્મની, ત્યાં ધાર્યું કોનું થાય?

આજના દુહાનો ભાવાર્થ એ છે કે–

જગતના દેખાતા બધા પદાર્થો રૂપ એટલે વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળા છે, એટલે સિદ્ધોના રૂપાતીત એટલે શુદ્ધ નિરંજન જ્ઞાનાદિ ગુણોથી ભરપૂર–સ્વરૂપનો વિચાર કરી જગતના રૂપી પદાર્થો તરફનું આકર્ષણ ઓછું કરવાનું ધ્યેય આરાધકોએ રાખવું જરૂરી છે,

આ રીતની શુભ વિચારણાના બલે આપણો આત્મા કર્મ-પડલને ભેદી સિદ્ધ સ્વરૂપ બની શકે છે.

શ્રી નવપદની આરાધના

ત્રીજો દિવસ

શ્રી આચાર્ય પદ મહિમા

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, હોય આચારજ પ્રાણી રે.

ગયા બે દિવસની આરાધનાના ફલસ્વરૂપે જિનેશ્વર ભગવંતોની હિતકર આજ્ઞાને જીવનમાં ઉતારવા માટે જેઓ જ્ઞાનીઓની આજ્ઞા મુજબ જીવન જીવી રહ્યા છે. તેઓની સાચી સેવારૂપે આજે **આચાર્યપદની** આરાધના કરવાની છે.

ફળ કિંપાકથકી એક જ ભવ, પ્રાણહરણ દુઃખ પાવે;
ઈન્દ્રિય જનિત વિષયરસ લે તો, ચિહું ગતિમેં ભરમાવે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચારનું શ્રેષ્ઠ પાલન કરે અને બીજાને કરાવે એ આચાર્ય પદનો ભાવાર્થ છે.

આજના દુહામાં સૂરિમંત્ર અને તેના પેટા વિભાગ રૂપે પાંચ પ્રસ્થાન (મંત્રસમૂહ)ના ધ્યાનના બલે સ્વ–પરનું કલ્યાણ કરવા રૂપે ખરા આચાર્ય પદના રહસ્યને પામવાનું જણાવ્યું છે.

શ્રી નવપદની આરાધના

[ચોથો દિવસ]

શ્રી ઉપાધ્યાયપદ મહિમા

તપ-સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તેહિજ આતમા, જગબંધવ જગભ્રાતા રે.

આજની આરાધના આરાધક આત્માઓએ રાગાદિ–દોષો ઉપર સંપૂર્ણ જય મેળવી જગતના કલ્યાણ માટે ઉપદેશ આપનાર તીર્થંકરોના ઉપદેશનું વાસ્તવિક રહસ્ય સમજવાના ધ્યેયથી પોતાના જીવનમાં અનાદિ કાલથી ઘર કરીને વાસનાઓને મૂલમાંથી હઠાવવા માટે કરવાની છે.

આજનું પદ ગુરુ–ગમથી સિદ્ધાંતો પ્રતિ આદર–ભક્તિ–ભાવપૂર્વક વફાદારી કેળવવાનું સૂચવે છે.

જે રસે પાપ કરાય છે, તે રસે કરીએ ધર્મ.
નિશ્ચે તો ભવભવ તણા, છુટી જાય સવિ કર્મ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજના દુહામાં પણ તપ-સ્વાધ્યાયમાં મગ્ન રહી જગતના જીવમાત્ર તરફ અપૂર્વ વાત્સલ્ય બતાવી પ્રભુના સિદ્ધાંતો સમજાવનાર **ઉપાધ્યાય** ભગવંતોનો મહિમા ગાયો છે.

શ્રી નવપદની આરાધના

[પાંચમો દિવસ]

શ્રી સાધુપદ મહિમા

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા. શું મુંડે શું લોચે રે ?

આજે **સાધુ**પદની આરાધના કરી જ્ઞાની પ્રભુએ જણાવેલા આત્મકલ્યાણની સાધનાના માર્ગે વધવાનું ધ્યેય નક્કી કરવાનું છે.

આજ દુહામાં સારા-નરસા સંયોગોમાં માનસિક સમતા ગુમાવ્યા વિના સંતોષની માત્રામાં વધારો કરતા રહેવાનો સાધુપણાનો આદર્શ પ્રરૂપાયેલ છે.

એ સાધુપણાના માર્ગે ન ચાલી શકનારા આરાધકો પણ આરાધકભાવની પ્રધાનતા જાળવી આદર્શને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો એ આજના **સાધુ**પદનું રહસ્ય છે.

જીહાં જીનકો નહિ પારખો, તિહાં તિનકો નહિ કામ;
ધોબી બિચારા કયા કરે, દિગંબરોં કે ગામ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નવપદની આરાધના

[છઠ્ઠો દિવસ]

શ્રી દર્શનપદ મહિમા

શમ–સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે.

આજની આરાધના ખાસ પાયાની છે,

જડ પદાર્થોની અનાદિકાળની વાસના ઉપર નિગ્રહ મેળવવો એ આજની આરાધનાનું રહસ્ય છે, વૈદ્યની દવાની સાચી અસર જેમ પથ્ય (ચરી) પાળવા ઉપર અવલંબે છે, તેમ આરાધનાની સફળતા કર્મોના આશ્રવને વધારનાર પૌદ્ગલિક પદાર્થોના મોહને ઘટાડવારૂપ **સમ્યગ્દર્શન** પર રહેલ છે.

આજના દુહામાં **સમ્યગદર્શનની** ઓળખાણ કરવા માટે શમ–સંવેગ આદિ ગુણોની મહત્તા વર્ણવી સાધુ કે શ્રાવક નામ ધરાવવા માત્રથી થતા સંતોષની અસારતા જણાવી છે, અલબત્ત દ્રવ્યથી સાધુપણું કે શ્રાવકપણું **સમ્યગદર્શનની** ભૂમિકારૂપ તો છે જ ! પણ તેમાં સંતોષ ન માનતાં તેવા વિશિષ્ટ ગુણો મેળવવા પ્રયત્ન કરવાનું આજનું પદ આપણને શીખવે છે.

નિંદા હમારી જેહ કરે, મિત્ર હમારા સોય;
બિન સાબુ બિન પાનીસે, મેલ હમારા ધોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નવપદની આરાધના

[સાતમો દિવસ]

શ્રી જ્ઞાનપદ મહિમા

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે.

આજે **જ્ઞાન**પદની આરાધના કરી જ્ઞાનનું સાચું મહત્ત્વ સમજવાનું છે. વસ્તુની જાણકારી મેળવવી તે જ્ઞાનનું પરિપૂર્ણ સ્વરૂપ નથી, જાણકારી મેળવ્યા પછી લાભ-હાનિના ટકા તારવી વસ્તુને હેય કે ઉપાદેય તરીકે નિશ્ચિત કરવી તે જ્ઞાનનું સંપૂર્ણ સ્વરૂપ છે.

શ્રી નવપદજીની આરાધના કરનારા ભાવિકોએ સમજવું જોઈએ કે-દુનિયાના પદાર્થોનું માત્ર વ્યવસ્થિત જ્ઞાન મેળવવામાં આજની આરાધના સમાતી નથી, પણ હેય, જ્ઞેય અને ઉપાદેયના વિવેકપૂર્વક જગતના પદાર્થોના સ્વરૂપને સમજી ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને કર્ત્તવ્યા-કર્ત્તવ્યના વિવેકની જાગૃતિ કરવી, તેમાં આજની આરાધનાની સફળતા છે.

ક્રોધ ચઢેલા મૂઢને, લાગે નહિ ઉપદેશ;
તેલ તપે જલ છાંટતા, સળગી ઉઠે વિશેષ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેથી જ આજના દુહામાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ બળે અનાદિકાળની અબોધતા–અજ્ઞાનતા દૂર થઈ આત્માના સાચા જ્ઞાનનો મહિમા વર્ણવ્યો છે.

શ્રી નવપદની આરાધના
[આઠમો દિવસ]
શ્રી ચારિત્રપદ મહિમા

જાણ ચારિત્ર તે આતમા, નિજસ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.

આજની આરાધના ગઈકાલે કરેલ આરાધનાની સફળતા સૂચવનારી છે, અર્થાત્ વસ્તુની હેયોપાદેયતાનું યથાર્થ જ્ઞાન જેટલું વ્યવસ્થિત રીતે મેળવ્યું હોય, તેટલું **'ज्ञानस्य फलं विरतिः'** ના સિદ્ધાંત મુજબ હેય વસ્તુના ત્યાગ માટે ઓછે–વધતે અંશે આત્મા તૈયાર થાય જ.

એ રીતે આજની **ચારિત્ર**પદની આરાધના જીવનશુદ્ધિ માટે જરૂરી હેયોપાદેયના વિવેકના પરિણામે આચારશુદ્ધિ કેળવવા કરવાની છે.

ગાળો સહન નરીએ સદા, ગાળે ગુમડાં ન થાય;
જે ગમાર જન ગાળ દે, મુખ તેનું ગંધાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી આજના દુહામાં શુદ્ધ વિચારોનું રટણ, મોહ વાસનાનો ઘટાડો અને સ્વભાવરમણતાને ચારિત્રના આદર્શ તરીકે બતાવેલ છે, જે ખાસ ધ્યાનમાં રાખી વિરતિના માર્ગે આવી જવા માત્રથી જીવનશુદ્ધિ થઇ અંતરંગ સંતોષની મિથ્યા ભ્રમણા ટાળવા માટે ઉપયોગી છે.

શ્રી નવપદની આરાધના
[નવમો દિવસ]
શ્રી તપપદ મહિમા

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિજ આતમા, વરતે નિજગુણ ભોગે રે.

આજે **શ્રી નવપદજી**ની આરાધનાનો છેલ્લો દિવસ છે, આજની આરાધના આરાધકભાવની સફળ કસોટી રૂપ છે.

એટલે કે જૈન શાસનની કોઈ પણ આરાધના દ્વારા અનાદિ કાલની વાસનાઓ ઉપર સાચો નિગ્રહ મેળવવાના ધ્યેયની ચોક્ક સાઇભરી યોગ્ય પ્રવૃતિનું બલ મેળવવાનું હોય છે, આ જાતન બલની કેળવણીના વિચારોને જ આરાધક ભાવ કહેવાય છે.

મનમાં મરડાઈને, મુરખ ફોકટ મલકાય;
પ્રબલ સત્તા કર્મની, ત્યાં ધાર્યું કોનું થાય ?

P. P. Ac. Gunratansuriji M.S.　　Jin Gun Aaradhak Trust

આ જાતના આરાધક ભાવની સફલ પ્રાપ્તિ માટે આજની આરાધના ઇચ્છાસંયમની પ્રધાનતા સૂચવે છે, જેના (ઇચ્છારોધના) આધારે આવતી કાલના પારણાના વિચારો કે પારણા વખતે થનારી માનસિક પરિસ્થિતિ પર સુયોગ્ય કાબૂ મેળવી આજની આરાધનાની સફળતાની ખાત્રી મેળવી શકાય છે.

આજના દુહામાં પણ માસિક વિચારોના ધોરણની જાળવણી આત્માના ગુણો મેળવવાની ઝંખના અને ઇચ્છા પરના કાબૂને પ્રધાન જણાવી **તપપદ**નો વાસ્તવિક પરમાર્થ સૂચવ્યો છે.

શ્રી નવપદની આરાધના

[પારણાનું મહત્ત્વ]

જૈનશાસનની એકેએક ક્રિયા આત્માને કર્મબંધનમાંથી મુક્ત કરાવનાર હોય છે, આ ત્રિકાલાબાધિત સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી આજે કરાતા પારણાનું મહત્ત્વ વિચારવું જરૂરી છે, જો પારણું કરવામાં કરાતા આહારાદિની જ માત્ર અપેક્ષા વિચારાય તો પારણું શરીર ઇંદ્રિયોને પોષક હોઈ આશ્રવની જ ક્રિયા પણ જ્ઞાનીઓના વચનની ખરી મહત્તા જ ત્યાં જ છે કે દરેક વચનોને યથાયોગ્ય વિવેકબુદ્ધિથી વિચારાય તો આશ્રવના સાધનોમાંથી

કીધાં કર્મ ન છુટીએ, જેહનો વિષમ ધંધ.
બ્રહ્મદત્ત જેવો રાજવી, સોળ વરસ રહ્યો અંધ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ અપૂર્વ નિર્જરાનો લાભ સ્હેલાઈથી મેળવી શકાય.

એટલે કે તપની આરાધના દ્વારા વાસના પર સાચો નિગ્રહ કેળવવાનું બળ આત્મામાં કેટલું પ્રગટયું છે ? તેની ખાત્રી પારણા વખતે આત્માને થાય છે. અને તે ઉપરથી ભવિષ્યમાં તપ કરતી વખતે રાખવી જોઈતી સાવચેતી વધુ મેળવી શકાય.

જગતમાં શૂરવીર પુરૂષોની કિંમત રણમેદાનમાં જ થતી હોવાથી રણમેદાનનું મહત્વ ક્ષાત્રિયોને માટે જેમ વધુ છે તેમ કર્મશત્રુ સામે અપૂર્વ વીર્યોલ્લાસપૂર્વક ઝઝુંબી કેવલજ્ઞાન મેળવવાની ઈરાદાથી સંપૂર્ણ કર્મોની નિર્જરા માટેનું બળ તપની આરાધના દ્વારા મેળવવામાં આપણે કેટલા સફળ થાયએ છીએ ? તેની પરીક્ષા મોહના સાધનોના ઉપયોગ કરવારૂપે આહાર લેવાના પ્રસંગે થઈ શકે.

આ દૃષ્ટિએ વિચારતાં તપ કરતાં પણ પારણાની મહત્તા અને દુષ્કરતા વધુ છે કે જેટલી અભ્યાસ કરનારાને પરીક્ષાની મુશ્કેલી અને મહત્તા છે.

ગુણાનુરાગ એ જીવન શુદ્ધિનો પાયો છે.

આશા અંબર[આકાશ] જેવડી, મરવું પગલા હેઠ;
અનંત ભવના પાપ સર્વિ, ખિણમાં જાયે દૂર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નવપદની આરાધના
પારણાનું રહસ્ય

જૈનશાસનની દરેક ક્રિયામાં અપૂર્વ રહસ્ય હોય છે, તપની આરાધના કરનાઓએ આ વાતને ધ્યાનમાં રાખી પારણાનું રહસ્ય સમજવું જરૂરી છે. તપની આરાધના એટલે કર્મશત્રુ સામે યુદ્ધ કરવા માટેની વ્યવસ્થિત તૈયારી કરવાની છે.

એટલે જેમ યુદ્ધમાં શત્રુને હંફાવવામાં કેટલી સફળતા મેળવાય છે? તે ઉપરથી તૈયારીનો ખ્યાલ આવી શકે છે, તેમ તપની આરાધના દ્વારા આત્માએ વિષય–કષાયના ભીષણ–સંસ્કારો સામે ઝઝુમવા માટે યોગ્ય તૈયારી કરવાની હોય છે, તેની અસર આરાધના પછીના વ્યવહાર રહેવી જરૂરી છે.

તેથી જ **'પારણા'** શબ્દનો પ્રયોગન જ્ઞાની ભગવંતોએ તપની સમાપ્તિના દિવસો માટે રાખેલ છે અથાત્ પારણું શબ્દ **'પાર્'** ધાતુ ઉપરથી બનેલ હોવાથી અને **'પાર્'** ધાતુનો અર્થ **'સમર્થ થવું'** હોવાથી "જેના વડે તપની આરાધના માટે સફળતાપૂર્વ પ્રવૃત્તિ કરવા માટે આત્મા સામર્થ્ય મેળવી શકે એવો ભાવ" પારણું શબ્દ સૂચવે છે.

જગતના પ્રાણી માત્રને, વહાલા છે નિજ પ્રાણ;
માટે મન, વચ, કાયાથી, સદા કરૂં તસ ત્રાણ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપરથી પારણું કરી થોડુંક શરીરને ટકાવ પૂરતું આહારાદિ આપી ફરી સારી તપસ્યા કરવા આત્મા તૈયારી બની શકે. એ મુજબ પારણાના રહસ્યને સમજી વિવેકીઓએ તપની આરાધના માટે સફળ પ્રવૃત્તિ કરી આત્મકલ્યાણ સાધવું.

દીવાળી પર્વની મહત્તા

ધનતેરશનું રહસ્ય

પર્વનો અર્થ થાય છે ગાંઠ, આ શબ્દનો વ્યવહાર શેલડી માટે થાય છે. તેના માટે એમ કહેવાય પણ છે કે 'ગાંઠે ગાંઠે રસ ન્યારો' તથા શેલડીની ઉત્પત્તિ પણ તે ગાંઠમાંથી થાય છે.

આ વાતને ધ્યાનમાં રાખી લોકવ્યવહારમાં આબાલ–ગોપાલ મનોરંજનનું ગણાતું દિવાલીનું પર્વ વિવેકી આત્માઓને શો બોધપાઠ આપે છે? તે સમજવું વિવેક–બુદ્ધિનું મધુરું ફળ છે.

દરેક વસ્તુના ચાર નિક્ષેપા નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ થાય જ છે. તેમાં મુખ્યથી દ્રવ્ય અને ભાવ વધુ ઉપયોગી હોય છે. એટલે દીવાલીપર્વની દ્રવ્ય આરાધનાના રહસ્યને ધ્યાનમાં રાખી ભાવ દિવાલીની કક્ષા સફળ રીતે મેળવવાનું ધ્યેય રાખવું ઉપયોગી છે.

આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ;
ત્રસ થવાર જીવો બધા, દુઃખિયા કો નવિ થાવ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્યથી દિવાલીના બે અર્થ થાય છે.

જેમાંનો એક તો લૌકિક દ્રષ્ટિએ ઇન્દ્રિયોના વિકારોને સંતોષવાની પ્રવૃત્તિ કરવી એવો થાય છે.

પણ આ અર્થ પર્વના મુખ્ય અર્થને વિકૃત કરનાર હોવાથી હેય છે. બીજો અર્થ છટ્ઠની તપસ્યા કરી પ્રભુ મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકની આરાધના ગણણું દેવવંદન વિગેરે કરવું એવો થાય છે.

ભાવદિવાલીનો અર્થ જ્ઞાનના દીવાને પ્રકટાવીને જીવન માં કરાતી સારી-નરસી પ્રવૃત્તિઓના સરવૈયા તપાસવા.

આ અર્થ ધ્યાનમાં રાખી પ્રભુ મહાવીરદેવે મેળવેળ નિર્વાણપદના લક્ષ્યની નજીકમાં આપણે કેટલા છીએ ? એ વિચારી ભાવદીવાલીના પરમાર્થની નજીકમાં જવા પ્રયત્ન કરવો તે દીવાલીની પ્રશસ્ત આરાધના છે.

આ દૃષ્ટિએ આજનો દિવસ લૌકિક વ્યવહારમાં ધનતેરશ તરીકે જે ગણાય છે. તેમાં જડ ધનની પૂજા કરી આત્માને વિકાસમાં ડગલે ને પગલે બાધક મોહવૃત્તિને પોષણ આપવાની પ્રવૃત્તિ કરવા કરતાં આત્માના સાચા અખૂટ જ્ઞાનાદિ-ધનની

જો શક્તિ મુજને મળે, આપું સહુને સુખ;
કર્મના બંધન ટાળીને, કાપું સહુનાં દુઃખ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંભાળ લઈ તેની પ્રાપ્તિ માટે ઉદ્યમી થવું તે સાચું ધન-તેરશનું રહસ્ય છે.

દીવાલીનું રહસ્ય
કાલી ચૌદશનો ભાવાર્થ

જૈન શાસનના પર્વો અને તેની આરાધનાના રહસ્યને યથાર્થ રીતે ન સમજી શકનારા પ્રાણીઓ અનાદિકાળની સંસ્કારોની પકડમાંથી છુટવા માટે કરાતી આરાધનાની સફળતા મેળવી શકતા નથી.

દીવાળી પર્વ માટે આવું જ કાંઈક બનવા પામ્યું છે.

આમોદ-પ્રમોદ, મોજ-આનંદ, અને વિલાસિતાને પોષક રીતે કાંતો દીવાલીની ઉજવણી થાય છે. અથવા તો આરાધનાના રહસ્યને સમજવાની-પામવાની તકેદારીની ખામીથી આરાધનામાં શિથિલતા કે અવ્યવસ્થાના વિસંવાદી તત્ત્વોનો પગપેસારો થઈ જાય છે.

માટે દીવાલીની વાસ્તવિક આરાધના માટે નીચેનું ધ્યાનમાં રાખવા જેવું છે.

મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ;
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીવાલીપર્વ ચરમતીર્થપતિ પ્રભુ મહાવીરદેવના નિર્વાણ કલ્યાણક સાથે સંકળાએલું છે. એટલે 'નિર્વાણ' શબ્દનો અર્થ આપણા માનસમાં ગુંજતો થવો જરૂરી છે.

'નિર્વાણ' શબ્દનો અર્થ શબ્દશાસ્ત્રની મર્યાદા પ્રમાણે "બુઝાઈ ગયેલ" થાય છે. એટલે પ્રભુ મહાવીર પરમાત્માનો કર્મરૂપ અગ્નિ અથવા જન્મ-મરણનો અગ્નિ જેમ સર્વથા બુઝાઈ ગયો, તેમ દીવાલીની આરાધનાથી આપણે પણ કર્મરૂપ અગ્નિને વધારનાર આશ્રવ-દ્વારોનો ઘટાડો કરવા પ્રયત્નશીલ થઇએ તો વાસ્તવિક દીવાલીની આરાધના કરી હેહવાય.

રૂપ ચૌદશ એટલે રૂપ કહેતાં આત્માના સ્વરૂપને સમજવા વિચારવા, જ્ઞાની પ્રભુઓના વચનોના આધારે કરાતી વિચારણાનો દિવસ, કેમકે વિચારણાના બળે આવતી કાલે દીવાલીની સાચી ઉજવણી-નિર્વાણ શબ્દના રહસ્યને સમજવા પૂર્વક કરી શકાય.

તથા **કાળીચૌદશ એટલે** આજે કરાયેલી વિચારણાના બળે એમ સમજાય કે ગમે તેટલો બુદ્ધિ વિચાર, ધન-દૌલત અને બાહ્ય સાધનોનો વિકાસરૂપ પ્રકાશ દેખાતો હોય પણ આત્મસ્વરૂપની વિચારણાની ખામીથી આ બધું ભવ-વનમાં

ગુણી જનોને વંદના, મૈત્રી ભાવ સમસ્ત.
દુઃખ દેખી કરૂણા કરો, અવગુણ દેખી મધ્યસ્થ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આથડવા માટે અંધકાર જેવું છે. એવું સમજાય માટે લૌકિક શિષ્ટ પુરૂષોએ આવા શબ્દો પ્રચલિત કર્યા છે.

આ પ્રમાણે આજના દિવસનું રહસ્ય સમજી આવતી કાલે સાચી દિવાલી ઉજવવા પ્રયત્ન કરવો વિવેકીની પવિત્ર ફરજ છે.

આ વાતને વિવેક–બુદ્ધિથી વિચારતાં લૌકિકમાં કાળી ચૌદશ કે રૂપચૌદશ તરીકે આજેનો દિવસ જે ઓળખાય છે તેનું રહસ્ય સહજ સમજાઈ જાય.

દીવાલી એટલે ?

આજનો દિવસ મહાન પવિત્ર છે.

આજથી ૨૫૦૩ વર્ષ પહેલાં ચરમ–તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર દેવે ધર્મની આરાધનાના અંતિમ ફલરૂપ નિર્વાણ (મોક્ષ) પદની પ્રાપ્તિ આજની રાત્રિના પાછલા પહોરે કરેલ, આપણે આજે તેની સ્મૃતિ તાજી કરી હર્ષ–શોકની મિશ્ર લાગણીઓનો અનુભવ કરી જીવનપંથ નકકી કરવાનો રહે છે.

શોક એ બાબતનો કે ગાઢ મોહના અંધકારને ભેદી અનેક ભવ્યાત્માઓને મુક્તિના પંથે રાહબર બનાવી સર્વશ્રેષ્ઠ કલ્યાણની

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ.
સુખડાને સળગાવીએ, આપે સરસ સુવાસ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધના કરાવનાર તીર્થંકર દેવ જેવાનો આપણુને વિરહ પડેલ તે વખતે આપણો આત્મા કોણુ જાણે કઈ ગતિમાં રઝળતો હશે? કે જેથી સાક્ષત્ તીર્થંકર દેવની હયાતીમાં પણુ આપણે ધોયેલ મૂલા જેવાં રહી ગયા ? વગેરે અનુકૂળ–પરિસ્થિતિનો લાભ ન મળી શકવાના કારણે હાર્દિક–દુઃખની લાગણી અનુભવાવી જોઈ એ! કેમકે આવી વિચારણાથી ધર્મની આરાધનામાં પ્રમાદ ખંખેરી કરવાની શકયતા પણ વધુ રહે.

અને હર્ષ એ બાબતનો કે જગત આખું વિષમ કલિકાલના પંજામાં ફસાઇ સાચી દષ્ટિના અભાવે આત્માના કલ્યાણુને સાધવાના સંજોગોને વેડફી રહ્યું છે. જયારે આપણુને પરમકરૂણાલુ તીર્થંકરદેવોનું શાસન વારસામાં મળેલ છે. જેના આધારે આત્મા અને ભવના ઉપાર્જેલા કર્મોના સમૂહને દૂર કરી સાચું આત્મકલ્યાણુ સહેલાઈથી સાધી શકે.

આ બન્ને વાતોનો વિચાર કરી મળેલ શાસનના સાચા વારસાને ઓળખી સમજીને અંતરાત્મામાં કલ્યાણુના પ્રકાશનું અજવાળું પાથરવું એ સાચી દીવાલી છે.

નરભવ ચિંતામણી સહી, એળે તું મત હાર.
ધર્મ વિના જેતા દિન ગયા, તે તો જાણો વેઠ;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીપોત્સવી એટલે ?

મનરૂપી કોડિયામાં શ્રદ્ધાનું તેલભરી ગુણાનુરાગ રૂપ બત્તી મુકી સમ્યક્‌જ્ઞાન રૂપ દીવાસળીને ગુરૂનિશ્રારૂપ પેટી સાથે ઘસી આચારશુદ્ધિના દીપકને પ્રકટાવી વિષમ કર્મોની કાજળ ઘેરી રાત્રિના અજ્ઞાનાદિના અંધકારને દૂર કરવો એ ખરેખર દીપોત્સવીનો ભાવાર્થ છે. આ જાતની દીપોત્સવીની ઉજવણી કરવી જરૂરી છે.

દીવાળીનો શુભ સંદેશ

૦ અંતસ્તલ મેં દીપ જલાના ! ! !
ઓ ! કુટિઆ કે અમર સનેહી !
દીપમાલિકા વહીં મનાના !!! અંત૦ !!!
વૈભવકે ઈન પ્રાસાદોંપર
નશ્વરતા કે અવસાદોંપર
વિદ્યુત્‌સી ઈસ ચકાચૌંધમેં
અપનેકો તૂં ભૂલ ન જાના
—અંતસ્તલ મેં૦ !!!

ધન કારણ તું હલફળે, તિમ ધર્મમાં જો થા તું શૂર.
અનંત ભવના પાપ સવિ, ખિણમાં જાયે દુર;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચપલાસી ચંચલ માયામેં
મૃગતૃષ્ણા કી ઈસ છાયામેં
કિતને દીપ બુઝે જાતે હૈં ?
કયા તૂંને ઉનકો પહિચાના ?
—અંતસ્તલમેં. !!!

કિસકે ઘરમેં દીપ જલાતા !
મુગ્ધ દૃષ્ટિ હો કયોં ઈઠલાતા ?
યહાં કુટીર નહીં તેરી હૈ '
યહ એક મુસાફરિખાના—અંતસ્તલમેં. !!!

ઉજડે નીડ છિંપેંગે સારે,
દીપક બુઝ જાયેંગે સારે !
વિસ્મૃત હોગા નવપ્રકાશ યહ
તબ હોગા તુઝકો પછતાના.
—અંતસ્તલમેં. !!!

ઈન દીપોં મેં શલભ ન હો તૂં !
સ્વયંપ્રકાશ હૈ અજર–અમર તૂં
સંવેદિત હો ઈસ પ્રકૃતિકા
અબતક તૂં ને ભેદ ન જાના !
—અંતસ્તલમેં. !!!

ફરી ફરી મળતો નથી, આ ઉત્તમ અવતાર;
કાળી ચૌદશને રવિ, આવે કોઈક વાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જગતી કે નિસ્તલ જલમેં,
પ્રલયંકર સી ઇસ હલચલમેં,
ઉરમેં શાશ્વત અમર દીપ હૈ
સ્વપ્ન-નિશાસે અબ જગ જાના
—અંતસ્તલમેં. !!!

નૂતન વર્ષની મંગળ કામના
જ્ઞાનીઓનો સંદેશ

આજનું મંગળ પ્રભાત આબાળ-ગોપાળ સહુને વ્યાવહારિક-દૃષ્ટિથી અનેક શુભ-કામનાઓથી ભરપૂર હોય છે.

જ્ઞાનીઓ પણ શુભ પ્રવૃત્તિઓમાં એકાગ્રતાપૂર્વક ટકવાનું બળ ન કેળવી શકેલ જગતને લૌકિક વ્યવહારો પણ વાસ્તવિક માંગલિક નિવડે તે સારુ કાળજી સેવતા હોય છે.

એટલે આજે શી કામના કે વિચારણા કરવાથી વાસ્તવિક મંગળમયતા મેળવી શકાય ? તે માટે નીચેના જ્ઞાનીઓના સંદેશને વાંચી-વિચારી જીવનયાત્રાને મંગળમય બનાવતાં શીખવું જરૂરી છે.

મ્હારૂં મ્હારૂં શું કરે, જગતમાં ત્હારૂં કોણ ?;
વિચાર કર પરલોકનો, ત્હારૂં થશે કોણ ?.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"નૂતનવર્ષના મંગળ પ્રભાતે સહુ નવા વસ્ત્રો પહેરી સ્વભાવની વિષમતા ઉપર કાબૂ રાખી અને 'આજનો દહાડો સારો તો આખું વર્ષ સારૂં !' એમ માની વિવિધ, કામનાઓ કે પ્રવૃત્તિઓ કરતા હોય છે, પણ તે બધી સફળ કયારે ? કે જ્યારે આજે કરાતી વિવિધ કામનાઓના કે પ્રવૃત્તિઓના અંતિમ ફળરૂપ સુખ શાન્તિને આવવા માટે જીવનમાં અનુકૂળ વાતાવરણ સરજાય.

એટલે કે જેમ એક સામાન્ય વ્યાવહારિક અમલદાર કે રાજા–મહારાજાને ઘરના આંગણે આમંત્ર્યા હોય ત્યારે તેઓને અનુકૂળ ઘર, રાચરચીલું અને પોતાના શરીર–વસ્ત્રની સ્વચ્છતા વગેરેની તૈયારી–રાખવી પડે છે, તેમ અનંત જીવો જેની કામના કરે છે અને અનંતભવે પણ જે મળવી દુર્લભ છે, તે સુખ-શાંતિને જીવનમાં સ્થાપિત કરવા મનોમંદિરમાંથી રાગ–દ્વેષ, વિષય–કષાય અને ઈર્ષ્યા, અસહિષ્ણુતા, વગેરે કચરાને સાફ કરવાની તથા ક્રોધ, માન, માયા, લોભ, અહંભાવ, પૌદ્ગલિક રાગ અને વિષયતૃષ્ણારૂપી જુના વસ્ત્રો ઉતારી ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, વિનય, નિસ્પૃહતા અને વૈરાગ્ય રૂપ નવાં પકડાં પહેરી, વીતરાગ પરમાત્માના વચનોને જીવનમાં ઉતારવાની પ્રવૃત્તિરૂપ ફરનીચર ગોઠવી, સાચી સુખ શાન્તિને નોતરી તેના

કાતર સમ દુર્જન કહ્યા, સજ્જન સોય સમાન;
કાતર કાપી જુદા કરે, સોય કરે સંધાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સત્કાર માટેનો શુભ સંકલ્પ આજના મંગલ પ્રભાતે સહુએ કરવો જોઈએ.”

આ સંદેશાને સમજી-વિચારી સહુએ નવું વર્ષ સાચી રીતે મંગલમય બનાવવું જોઈએ.

શિખામણ અને દવા આપવી સહેલી છે, પણ ગળવી મુશ્કેલ છે.

*

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો બેલ,
તુજ સાથે શું આવશે? તપાસ તારો મેળ!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાંચો! વિચારો ઉંડું મનન કરો ! ! !
આત્મનિરીક્ષણ કરો ! ગુરુગમથી જ્ઞાનનો પ્રકાશ મેળવો !!!

દીવાલી પર્વના રહસ્યને સમજાવનાર કુલીન પુત્રવધુ પોતાના ધર્મપિતાને લખેલ અદ્‌ભુત પત્ર.

ધ્યાનપૂર્વક શાંતિથી વાંચો !!!

પાત્ર પરિચય :

પતિ=શુદ્ધાત્મા
તેની સ્ત્રી=ચેતના
સાસુ=માયા
નણંદ=તૃષ્ણા
દીયર=મોહ
દેરાણી=મમતા
દીયરનો છોકરો=લોભ
જેઠ=કામ
જેઠાણી=ઈચ્છા
જેઠાણીનો દીકરો=અસદાચાર
હલકો નોકર=ક્રોધ
ધણીનો લંગોટીઓ ભાઈબંધ=મન

પાત્ર પરિચય:

ધર્મપિતા=પરોપકારી શ્રી તીર્થંકરદેવ ભગવંત
ધર્મમાતા=જિનાજ્ઞા
જોડીયા ભાઈ=પુણ્ય-સંતોષ
બહેન=શાંતિ
ચેતનાની સખી=ભક્તિ
મોટી ફઈબા=કરૂણા
માશીબા=જ્ઞાનીની નિશ્રા
બગીચો=જ્ઞાનાનંદની મસ્તી
ગાડી=વૈરાગ્યની
ગાડીનાં પૈડાં=જ્ઞાન-ક્રિયા.

પૂજા કરો જિનરાજની, ખામણા કરો શુભભાવ;
સાધર્મિવાત્સલ્ય ખંતે કરો, એહ છે મુક્તિનો દાવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્ય પિતાજી !

ભક્તિભાવ સાથે આપના પવિત્ર ચરણોમાં વારવાર નમન ! ! !

આપની સરસ હુંફાળી સોડમાં ઉછરેલ વ્હાલી ધર્મપુત્રી આપના અત્યંત ઉજ્જવલ ગુણોનું રટણ કરીને અનેરો આનંદ મેળવે છે ! ! ! પણ વર્ષની સમાપ્તિએ વ્યાપાર આદિન સરવૈયા–હિસાબની તપાસણી કરી જીવનની મૌલિક શક્તિ-ઓના સાચા વિકાસની માપણી કરવાના શુભ ઉદ્દેશ્યથે દીવાળીના પવિત્ર દિવસોમાં—

આપની સમક્ષ મારાં દુઃખડાં–રોદણાં રડવાની દૃષ્ટિએ નહીં, પણ આપના પુનિત–સ્મરણના પ્રતાપે જીવી રહેલ આપની ધર્મપુત્રી કેવા સંજોગોમાં હાલ વર્તે છે ? તે જરા જણાવ શકય હોય તો આપના........ને જરા કૃપાપૂર્ણદૃષ્ટિથી પાવન કરો, તો મારા જીવનનો બાગ ખીલી ઉઠે તે હેતુથી—

આપની સેવામાં આ નમ્ર અરજી કરૂં છું. ! ! !

આશા નહિં–પૂર્ણશ્રદ્ધા છે કે–આપ જરૂર કૃપાદ્રી કરશોજ ! ! !

આરાધન ફલ એહના, ઇણિ ભવે આણુ અખંડ રે;
રોગ દોહગ દુઃખ ઉપશમે, જેમ ઘન પવન પ્રચંડ રે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્હાલા ધર્મપિતા !

આપથી વિખૂટા પડયાને અહો....હો....કેટલાય જન્મ જન્માન્તર વીતી ગયા ! ! !

શું આપ મને સાવ વિસરી ગયા છો કે !

સાસરે વળાવ્યા પછી આપશ્રીએ તો આજ દી' સુધી કદી ભાળ–ખબર પણ કઢાવી નથી ?

શું હું આપની પુત્રી નથી !

આપના ખોળા ખુંદીને મોટી થએલી હું વ્હાલ ભરેલા આપના હૈયાની કોમલ–મધુર પ્રેમાળ લાગણીઓ–જે કે મારા હૈયાનો ખૂણે હજી અણવિસરાયેલી પડી છે ! ને વારંવાર યાદ કરી રહી છું !

આપ મોટા માણસ ઘણી સાહ્યબીમાં મુજ રંક બાલાને ભૂલી જાઓ ? એ બનવા જોગ છે, પણ નો'ધારા ના એક આધાર સમ આપનું પવિત્ર નામ મુજ જીવનના દુઃખના દહાડા વીતાવવામાં પરમ ઉપયોગી થઈ પડે છે, તેથી આપની વિસ્મૃતિ જીવનમાં કદી થવા પામી નથી ! ! !

મહારી અહીં શી દશા છે ! એ આપ જેવા અંતરજામીની જાણ બહાર નહીં હોય ! તે છતાં આપે મારી આજ સુધી ખબર પણ કાઢાવી નથી.

અરિહંત દેવ સુસાધુ ગુરૂ, ધર્મ જ દયા વિશાલ;
જપો મંત્ર નવકાર તમે, અવર મ ઝંખો આલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે આપ મને વિસરી ગયા હો ! એમ ધારીને આ પત્ર દ્વારા હૈયાની વરાળ આપ આગળ ઠાલવું છું. !

અને વ્હાલા પિતાની આગળ દિકરી પોતાની ધા' ફરિયાદ ન કરે તો કયાં કરે ?

માટે હે દયાસિંધો ? કરુણાના સાગર ?

મુજ અબલાની વીતક કરૂણ કહાણી સાવધાની સાથે સાંભળવા મહેરબાની કરશો ! ! !

અહીંનું દુઃખ હવે તો મારાથી સહન થતું નથી ! એટલે જ આપની આગળ શરણાગતભાવે ખોળો પાથરી અંતરથી વાતો કહું છું. ! ! !

૦ "મારી સાસુ=**માયા** અને નણંદ=**તૃષ્ણા** મને બહુ જ સતાવે છે.

૦ મારો દીયર=**મોહ** અને દેરાણી=**મમતા** બંને ઘણા જ ચંચલ પ્રકૃતિના અને ઉદ્ધત સ્વભાવના છે ! છતાં કોણ જાણે કેમ મારા મનને તેઓ બહુ ગમે છે ! તેઓના તરફથી મને અને મારા શિરછત્ર........ને અણધારી ઘણી આફતો વેઠવી પડે છે, તે છતાં તેઓના તરફ મારાં વળણને હું રોકી શકતી નથી.

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, તે વંદુ ત્રણ કાલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ મારા દીયરનો છોકરો=લોભ મને અનેક રીતે સતાવે છે, ખોટી પજવણીઓ કરી હેરાન પરેશાન કરી મુકે છે.

૦ મારો જેઠ=काम અને તેનો દીકરો=असदाचार, બન્ને હલકટ સ્વભાવના છે, વાતે-વાતે મેલી વાતો અને ખરાબ વર્તનો દ્વારા મારી છેડતી કરવામાં બાકી નથી રાખતા ! ! ! અને તેમાં વળી અધુરામાં પુરૂં મારી જેઠાણી=इच्छा પોતાના મિજાજી સ્વભાવના આધારે ઉપજતા મનતરંગો અને બદદાન-તોને બર લાવવા પોતાના ધણીને અને દીકરાને મારી સામે થવાની ઉશ્કેરણી કરતી રહે છે. !! !

એટલે પછી "ગરજે ગધેડાને બાપ કહેવો પડે" કહેવત મુજબ ન છુટકે હવામાં બાચકાં ભરવાની જેમ અમારા ઘરના સૌથી વધુ નીચ સ્વભાવના અને હલકા વર્તનવાળા નોકર=क्रोधનો આશરો લેવાની દુર્બુદ્ધિ સૂઝે છે. અને સરવાળે મારા જીવનને વધુ ડોળી નાખવામાં પેટ ચોળીને શૂળ ઉભું કરવાની જેમ તે હલકા નોકરની મેલી રમતોને હાથે કરીને ઉત્તેજના આપનારી મૂર્ખતા હું કરી બેસું છું.

૦ એ નોકર મારી સાથે મારી વાતોમાં હા પાડે અને ઘરના માણસો સાથે મારી વિરુદ્ધ કાર્યવાહીમાં પણ ભાગ લે છે ! આવો મદારીના ડુગડુગીયાની જેમ બે તરફ ઢોલકી

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગાડી છેવટે મને જ વધુ દુઃખી બનાવી મુકે છે ! કયારેક તો મને સખત માર પણ મારે ? ? ?

કયાં પોકાર કરૂં મારી નિરધાર દશાનો ? ? ?

૦ અને મારા શિરછત્ર સમા આર્યપુત્ર (ધણી)ની તો વાત કહેતાં જીભ થંભે છે !

આર્ય સ્રીના મોંઢે પોતાના સ્વામીની ગમે તેવી સાચી પણ ફરિયાદ શરમના શેરડા પાડી દે !

છતાં બાપની આગળ દિકરી પોતાનું દર્દ રજુ ન કરે તો હૈયાને ટાઢક વળવાનો બીજો આશરો કયો ?

એટલે પિતાજી ! શરમાતાં—સંકોચાતાં તુટયા—ફુટયા અધુરા શબ્દોમાં મારા અંતરની એ ગુપ્તવાતને પણ આપની આગળ રજુ કરી હૈયાના બોજાને હળવો કરી લઉં ?

૦ મારા ધણી=**જીવાત્મા** પોતાના લંગોટીયા ભાઇબંધ= **મનજીભાઇ**ના ચાળે એવા ચઢી ગયા છે કે–શી ખબર ! તેઓ કેવા ભયંકર સંયોગોમાં ફસાઈ પડશે ? ? ? તેની કલ્પના પણ મને ઘણીવાર કમકમાટી ઉપજાવી દે છે ! ! !

શું લઈ આવ્યા સાથમાં, શું લઈ નિકલનાર;
બાંધી મુઠી આવીઆ, ખાલી હાથ જનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ મારા સ્વામીનાથ પોતાના ગરજી—સ્વાર્થી છતાં જીગર-જાન મનાઈ ગયેલા ભાઇબંધ=मनर्जीના બહેકાયેલા બની મારી તરફ ઉંચી નજરે જોતા પણ નથી ? ? ?

૦ પોતાના જીવન–નિર્વાહ કે ભવિષ્યના પ્રશ્નને સુખદ રીતે ઉકેલી શકનાર ધીકતા ધંધાઓ કે ઉદ્યોગોમાં જરા પણ ધ્યાન આપતા નથી ! ! !

૦ બેકારની જેમ જ્યાં–ત્યાં ભટકયા કરે છે, એક સામાન્ય નોકરી=ज्ञाप કરવાની જેનાથી કે અટૂટ નફો જ મળે તેમ હોય છે, છતાં તેમાં પુરતું ધ્યાન નથી આપતા ? ? ?

૦ જયાં ત્યાં ભાઈબંધ मनजीमार्दના સાગરીતોની સ્વાર્થ ઘેલી મહેફીલમાં પાગલની જેમ ભટકયા કરે છે !

હવે તો તેઓ પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવશે ? એ વિકટ પ્રશ્ન મારા હૈયાને કોરી ખાય છે ?

૦ મારી સાસુ=मायाના નચાવ્યા નાચે છે, પણ મુજ ગરીબડીની વાત કાને નથી ધરતા ?

૦ **પરમકૃપાલુ !** આપે તો મારી ખબર કાઢવા મારા જોડીયા ભાઈ=सुख અને संतोषને પણ કદી મોકલ્યા નહી !

હાથ ઘસે ભોંયે આહડે, જીભે તાળું દીધ;
મરણ વેળાએ સાંભરે, હા–મેં ધર્મ ન કીધ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ મારી બહેન=શાંતિને પણ કદી મારી સંભાળ લેવા મોકલી નહીં !

૦ ફકત એક મારી વ્હાલી સહીયર=ભક્તિ મને વિવિધ રીતે આશ્વાસન સાન્ત્વન આપે છે !

૦ મારો દીકરો=**ભાવ** મને બહુ વહાલો છે ! પણ તે હાલ અબોધ છે ! સાવ નાની ઉંમર છે ! છતાં તેની આશાએ-ભરોસે જીવી રહી છું ! ! !

● મારા ઘરમાં એક જુની-પુરાણી પણ અતિશય કલા-સમૃદ્ધ ગાડી છે. જેનું નામ **વૈરાગ્યવાહિની** છે. પણ તેના બે પૈડાં=**જ્ઞાન** અને **ક્રિયા** અણવપરાયેલી હાલતમાં કાટ ખાઇને કયાં પડયા હશે ? તેની મને ભાળ નથી ! ! !

૦ તેમાં બેસીને **જ્ઞાનાનંદની મસ્તીના** બગીચામાં ફરવા જવાની મારી ઘણી ઉમેદ રહે છે ?

મારા આર્યપુત્રને ઘણીવાર વિનવું છું ? પણ મારી વાત ગરજી ભાઈબંધોની ખુશામદી વાતોમાં અદ્ધર કયાંક ઉડી જાય છે?

૦ વધારામાં મારા વિરોધી નણંદ-સાસુ-જેઠાણી (માયા તૃષ્ણા-ઈચ્છા) આદિની ઈર્ષ્યાભરી વાતોથી મારા સ્વામી મર્મ

રે જીવ સુણ બાપડાં, હૈને વિમાસી જોય;
આપ સ્વાર્થી સહુ મિલ્યા, ત્હારૂં જગ નહિ કોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજ્યા વિના આડા દોરવાઈ જાય છે.

હશે ! આપ જેવાની પનોતી પુત્રી રૂપે અવતાર પામેલી હું છેવટે મારા કર્મોના દોષ સમજી મારા જ્ઞાનાનંદની મસ્તીના બગીચામાં કયારેક ઉગી નીકળતા એક સુગંધ ભરપૂર મોહક પુષ્પ=જેનું નામ **પશ્ચાત્તાપ** છે, તે આજે મારા અંતરના ઉમળકા સાથે આપના ચરણોમાં માથું નમાવી ભાવપૂર્વક ચઢાવું છું ? ? ?

ધર્મપિતા !

મારી આ કર્મકથની વાંચી હવે તો મારી ખબર કાઢો !

માત્ર આપ ત્યાંથી મારા સ્વામીનાથ ઉપર રહેમનજર કે **વાત્સલ્ય પૂર્ણ** દૃષ્ટિ ફેંકશો ! એટલે એમ તો મારા સ્વામી ખાનદાન છે ?

જરૂર આપની વ્હાલી દીકરીનો સંસાર સુધરી જશે ?

૦ શું મારી મોટી ફઈબા=**करुणा** અને માસીબા=**ज्ञानी निन्ना** આપની પાસે મારી દાદ લઈને નથી આવતા ? ? ?

આપના ચરણોમાં માથું નમાવી અંતરની ભાવ શુદ્ધિ કરવા સાથે માથે મારા સ્વામીનાથના વતી માફી માંગી મારા જીવનના

જીવંતા જગ જશ નહિં, જશ વિણુ કોઈ જીવંત;
જે જશ લેઈ આથમ્યા, રવિ પહેલાં ઉગંત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[illegible] માટે ગાળો પાથરવાની તક મળવું છું ? ? ?

[illegible] હૈયાની પીડ પિતા વિના બીજું કોણ પારખી શકે ? ? ?

[illegible] નમ્ર વિનંતિ છે, કે-આ મારી અરજી હવામાં ઉડી ન [illegible] કે ફાઈલ ઉપર ચઢીને પડી રહે તે કરતાં તેના ઉપર [illegible] મારી તુરત નીચેના સરનામે જવાબ પાઠવવા [illegible] ? ? ?

એજ લી૦
હરઘડી આપનું રટણ કરતી
આપની વ્હાલી દીકરી **ચેતના**ના પાય લાગણ

[illegible]
[illegible]
[illegible] પટેલ
[illegible]
[illegible] નં. ૩
[illegible] પુર
[illegible]
[illegible]

To, સરનામું
વિશુદ્ધાનંદી પરમપિતા પરમાત્મા
ઠે. શુદ્ધ સ્વરૂપ નિવાસ
સ્વરૂપ વિલાસ ચોક, આત્માનંદગલી
Po. શિવપુરી [દેશ-નિર્ગુણ]
[વાયા-અલખ]

[illegible] નવપદ, નિજ મન ધરે જે કોઈ;
[illegible] નર [illegible], મન-વાંછિત ફળ હોઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખૂબ શાંતિથી વાંચો !!! ગંભીરતાથી વિચારો !!!

❋❋❋❋❋❋❋❋❋=❋❋❋❋❋❋❋❋❋

બાવાની લંગોટી

શાસ્ત્રો કહે છે કે સુખ સંતોષમાં ! સુખ છે સાદાઈમાં !
પણ અર્થશાસ્ત્રીઓ કહે છે સુખ છે પરિગ્રહમાં !

આજે શાસ્ત્રો કે શાસ્ત્રીઓ કરતાં, અર્થશાસ્ત્રીઓને આપણે વધુ માનવા લાગ્યા છીએ.

પરિણામે બાવાની લંગોટી જેવી સ્થિતિ આપણે સરજી રહ્યા છીએ.

એ બાવો બની ગયો. એણે સંસાર ત્યાગી દીધો, સર્વસ્વ ત્યાગ્યું ફક્ત લંગોટી જ શરીર પર રહી, પરંતુ એ એક નાની લંગોટીએ તો એની સામે એક સંસાર ઊભો કરી દીધો. લંગોટી ઉંદર કાપી જવા લાગ્યા. આથી એના માટે એક બિલાડી પાળી, બિલાડીને દૂધ જોઇએ માટે ગાય આવી. ગાયને ઘાસ જોઇએ માટે ખેતર આવ્યું.

ટુંકમાં એક લંગોટીએ પાછો નવો સંસાર ઊભો કરી દીધો. ને બાવાને ફરી ઉપાધિમાં નાખી દીધો.

ઈહભવ પરભવ એહથી, સુખ સંપત્તિ સુવિશાળ;
રોગ શોક સઘળા ટળે, જીમ નૃપતિ શ્રીપાળ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ દૃષ્ટાન્ત આપણે અવારનવાર સાંભળીએ છીએ. ક્ષણવાર માથાં ડોલાવીએ. પરંતુ પાછા હતા ત્યાં તે ત્યાં જ આવીને ઊભા રહીએ છીએ.

આપણે રોજ ઉઠીને બૂમો મારીએ છીએ છે કે મોંઘવારી અનહદ છે! કેમ કરતાં પૂરું થતું નથી! તાણીને તૂટી મરો તોયે બે છેડા ભેગા થતા નથી! છોકરાને ફળ–ફૂલ તો શું! સારાં ઘી–દૂધ પણ દઈ શકાતાં નથી! ભીંસાઈ રહ્યા છીએ!

છતાં યે આપણી માંગ ઘટતી નથી, આપણો અર્થ-હીન પરિગ્રહ ઘટતો નથી. ભપકો ઘટતો નથી,

અર્થશાસ્ત્રીઓ કહે છે કે—

"જેમ જરૂરીયાતો વધારો તેમ માલનું ઉત્પાદન વધશે; માંગ ઊભી કરો તો પુરવઠો મળી રહેશે."

આ સિદ્ધાન્ત કદાચ અર્થશાસ્ત્રીઓ માટે, કે ઉદ્યોગો માટે બરાબર હશે. પરન્તુ વ્યકિતના સુખ માટે, શાંતિ માટે તો એ નકામો જ છે.

વ્યકિતના માટે તો "માંગ ઘટાડે તો જ સંતોષ ને સુખ છે."

જન્મ ધરી આ જગતમાં, મેળવીઓ શો સાર;
હૃદય વિચારી જોય તું, કર તું આતમ સાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ જરૂરિયાત ઓછી તેમ સુખ અને શાંતિ વધુ.

આપણી જરૂરિયાતો આપણે કેટલી વધારી દીધી છે! તેનો જ ખ્યાલ કરીએ.

એક કાળે આપણે જમીન પર સૂતા! આજે પણ લગભગ ઘણા મદ્રાસીઓના ઘરોમાં એક ચટાઈ અને તકીયાથી કામ ચાલે છે.

પરંતુ આપણે તો બન્યા ફેશનવાળા શોખીન અને પોચા !

આપણે ગાદલાં તો જોઈએ જ. તે પણ સખત નહિ ડન-લો-પીલોનાં.

ને આ ગાદલાં કંઈ નીચે પથરાય ! એના માટે આવ્યા પલંગ ને પલંગની જાતજાતની ડીઝાઈન.

ને પલંગમાં જ પડ્યાં પડ્યાં ચ્હા પી શકીએ, એ માટે એની સામે જ ટેબલ ગોઠવાયાં.

ત્યાં જ સીગરેટના ટીન રહી શકે એવી વ્યવસ્થા થઈ.

ને ત્યાં જ થોડાં પુસ્તકો પણ રહેવાં લાગ્યાં.

વડા વડાઈ ના કરે, વડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટુંકમાં પલંગમાં પડયાં પડયાં જ વાંચન, ચા નાસ્તે વગેરે મળતાં આળસમાં વધારો થયો.

" આળસ એ માણસનો મોટામાં મોટો દુશ્મ· છે. " એમ રોજ કહેનારા આપણે આળસને પૂરી રીતે આવકારં છે. એમાં જરાયે શંકા લાગે છે ખરી ?

સુવાનો વંશવેલો વધ્યો તેમ ખાવાપીવામાં પણ ચાલ્યું જેમ આ યુગમાં ફેમીલી પ્લાનીંગ કરવાની જરૂર છે, તેમ ખાવામ પણ અમુક વાનગીઓથી વધારે ન જ જોઈએ. એ નિયમ· કરવાની પણ જરૂર છે.

જીવવા માટે ખાવું છે કે ખાવા માટે જીવવું છે ?

આજે તો જોઇએ છીએ કે લોકો જાણે ખાવા માટે જીવે છે

દાડામાં દસ વાર ખાય છે. ને વાનગીઓના ઠડારાનો તો પા રહેતો નથી.

શરીરને આ બધાની શી જરૂર છે ?

છતાંએ 'ખાવાની લંગોટી' જેમ આમાંયે વધારો થ- જાય છે. દેખાદેખી વધતી જાય છે. તે સાથે દુર્વ્યય પણ વધ- જાય છે.

અશક્ત પણ સિદ્ધિ મેળવે, કરે જો સંપ સંબંધ;
જાય આંધળો કાશીએ, ધરી લૂલાને કાંધ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરીર છે ધર્મ કરવા માટે, આત્માના કલ્યાણ માટે એને પોષણ આપવાનું છે, માલમલીદા ખાઈને એને હૃષ્ટપુષ્ટ કરવાનું નથી.

સુખીયો આપણો જીવ પણ તેને હાથે કરીને આપણે દુઃખમાં નાખીયે છીએ.

આસપાસ એટલી બધી પલોજણ ને વિટંબણાઓ વગર કારણે ઊભી કરીએ છીએ કે એમાંથી બે ઘડી આત્માનો વિચાર કરવાનીયે આપણને ફુરસદ મળતી નથી.

ફેશન પાછળ આપણે ઘેલા બનીએ છીએ. ગાડરીયા પ્રવાહમાં ધસી રહ્યા છીએ.

જ્યાં પાટલા પર કે ચટાઈ પર બેસીને નિરાંતે જમી શકતા ત્યાં આજે સાંકડી જગ્યામાં પણ દેખાદેખીને કારણે ટેબલ ખુરશીના શણગાર આવ્યા એટલે એની પાછળ પ્લેટોની વણઝાર આવે છે.

વાસણમાં પિત્તળના વાસણ વાપનાર આજે લોભી છે. સ્ટેઈનલેસ સ્ટીલ જ જોઈએ. પછી ભલે એમાં રસોઈ દાઝી જાય દૂધ દુણાઈ જાય, કે દાઝી જવાય, કેન્સર થાય! પણ

બહુ જન મળીને જે કરે, તે એકથી નવિ થાય;
સાવરણી ઘર સ્વચ્છ કરે, એક સળીથી શું થાય ?

શોભે તો એ જ. "જીવ જાય તો જાય ! પણ રંગડો તો રહે ને ! ! !"

જેમ સાદાઈથી જમી લેતાં, તેમ ચ્હા પણ સાદાઈથી પી લેતાં. કપમાં ચા આવે એવી જ ગટગટાવી જતા. પરંતુ આજે તો જાપાનીની જેમ એ પણ મોટો કાર્યક્રમ થઈ ગયો છે.

ચા અંદરથી તૈયાર લાવે નો ફેશન ગણાય માટે ટી–પોટ, સ્યુગર–પોટ, મીલ્ક–પોટ, કપ–રકાબીઓ ચમચીઓની વણઝાર આવે.

ટુંકમાં પીનાર એક હોય છતાં વાસણનો ઢગલો ઊભો થાય

પેટ ચોળીને પીડા ઊભી કરી છે ને ! હાથે કરીને કામ વધારીને, હાયવ્હોય વ્હોરી લીધી છે ને ! અને આ હાય–વ્હોયમાં આત્માનું તો સુઝે જ કોને !

હાથે કરીને કામ વધાર્યું. વગર કારણે આપણી આસ-પાસ કરોળીયાની જાળ ગુંથીને એ કામ કરવા માણસો વધાર્યા.

ને આજ કાલના માણસોના મનને મનાવતાં, ઠીક રાખતાં એની અસર શરીર પર ઉતરી.

માન અપમાન ચિત્ત સમગણે, સમગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમગણે, ઇશ્યો હોય તું જાણ રે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિણામે ઊંઘ ઘટતાં ભૂખ ઘટી, ઊંઘવા માટે ગોળીઓ ખાધી. છતાંય પેલાંય સુંદર ડન–લો–પીલોનાં ગાદલામાં ન આવી.

જાતજાતની વાનગીઓ છતાંયે ભૂખ ન ઉઘડી. ને ખાધું તે પાચન ન થયું. પાછા તેના ઉપાયો કર્યા.

છે'ને બાવાની લંગોટી જેવો જ આ બધો ઘાટ ?

આ ફેશન !!! આ દેખાદેખી !!!

એ બધું અભિમન્યુના ચક્રાવા જેવું જ છે.

એમાં ઘૂસવું સહેલું છે, પણ એમાંથી સાજાં સારાં ને જીવતાં–જાગતાં નીકળવું અઘરું છે તે ભૂલીએ નહીં તો સારું.

કરોળિયાની જાળમાં કરોળિયો જ ફસાઈ જાય છે. એમ આપણે આડંબરની જાળમાં આપણી જાતે જ ફસાઈએ છીએ ને હાથે કરીને 'ઊઠ પાણા પગ પર' એવું કરીને આપણા સુખીઆ જીવને દુઃખમાં નાખીએ છીએ.

ને એ દુઃખમાં જ હાય–વ્હોય ને ઉપાધિમાં મળેલા મનુષ્ય અવતારને શળે ગુમાવી દઈએ છીએ.

મેળવવાનું મેળવી શકતા નથી ને ન મેળવવા જેવામાં વગર કારણે વલખાં મારીને અશાંતિ, અસંતોષ ને દુઃખ વહોરી લઈએ છીએ.

સર્વજગ જંતુને સમગણે, સમગણે તૃણ મણિભાવ રે;
મુગતિ સંસાર બિહુ સમગણે, મુણે ભવજલ નિધિ નાવ રે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાવા–પીવા, રહેવા–સહેવા સાથે ઓઢવા પહેરવાનો પણ વંશવેલો વધતો જાય છે.

આપણા બાપદાદાઓને બેચાર જોડીથી ચાલતું, પણ આપણે તો કબાટ ખડકેલાં જોઈએ. છે.

નિત્ય નવું ને એમાંય મેર્ચીંગની મથામણનો પાર નહિ.

સાડી તેવો જ ચણિયો–બ્લાઉઝ–બંગડી, બુટ્ટી, ચંપલ ને પર્સ. આવી વેષભૂષા ને જાતજાતની કેશભૂષામાંથી કોને ઘરકાર્ય કે ધર્મકાર્યની નવરાશ છે !

ધર્મ તો વારે–તહેવારે કરવાનો દેખાવ માટે ભગવાનને પ્રણામ કરી આવવાનો, ને બે ઘડી કથા–કીર્તનમાં હાજરી આપવાનો.

બાકી જીવનમાં ધર્મ ઉતરતો નથી....ઉતરી શકે એવી શકયતા આપણે રહેવા દીધી નથી.

જે કરવા જેવું છે તે ચૂકયા છીએ ને નથી કરવા જેવું એની પાછળ દોટ મૂકી છે.

માટે જ આપણે સુખી નથી ! ! !

પુણિયા શ્રાવકને નમું, વીર પ્રશંસા કીધ;
દોકડા સાડા બારમાં, સાહમી ભગતી કીધ.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

સુખની શોધમાં ફરીએ છીએ. પરન્તુ સુખ કયાં છે ? તેનો વિચાર કર્યો નથી.

સુખ જ્યાં છે ત્યાંથી ઊંધી જ દિશામાં આપણે દોટ મૂકી છે. પરિણામે સુખથી દૂર ને દૂર થતા જઈએ છીએ !

જો આપણે સારી રીતે જીવવું હશે, મળેલા માનવદેહને સદુપયોગ કરવો હશે તો–

આ દરેક બાબતમાં નવેસરથી વિચાર કરવો જ પડશે. ને વિચારીશું તો આપણને લાગશે કે–

આપણા જીવનમાં જેની જરાય અગત્ય નથી, જરૂર નથી, એવી ઘણી વસ્તુઓના ગંજ આપણે આપણી આસપાસ ખડકી નાખ્યો છે.

કોશેટાના કીડાની જેમ આપણે આપણી આસપાસ એવી તો જાળ ગૂંથી નાંખી છે કે જો વખતસર ચેતીને એમાંથી બહાર નીકળી ન જઇએ તો અંદર જ ગુંગળાઈ મરીશું, ને મહામૂલો મનખાદેહ એળે ગુમાવી દઇશું.

જો સારી રીતે જીવવું હોય, માણસાઈથી જીવવું હોય ને **ખરેખર સુખી જ થવું હોય તો આ દિશાશુન્ય બનીને ખુબ જ ગતિમાં દોડી રહેલી આપણી ગાડીને બ્રેક**

દલ ફરે વાદલ ફરે, ફરે નદીના પૂર.
ઉત્તમ બોલ ના ફરે, પશ્ચિમ ઉગે સૂર;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારવી પડશે જ ને આપણે વિચારવું પડશે જ કે, આ બધું 'બાવાની લંગોટી' જેવું તો થતું નથી ને !

આપણે એટલું ન ભૂલીએ કે જ્યાં બહુ છે ત્યાં ઉપાધિ છે, **જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે. ને સુખ છે ત્યાં જ શાંતિ છે.** અને આપણે સુખ જ જોઇએ છે ને ? તો પછી એ જ્યાં છે તે દિશા તરફ જ વળવું પડશે !!!

("જનકલ્યાણ" સમાજ કલ્યાણ અંક ફેબ્રુ. ૧૯૬૪માંથી)

શાંતિથી વિચારો ! ! !

૦ સંસારમાં તમારે રહેવું પડે તો ભલે રહો ! પણ સંસાર તમારામાં ન રહે ! ! ! તેનું પૂરતું ધ્યાન રાખો ! ! !

૦ સંસ્કારોના ગુલામ થવાના બદલે તેના સાચા ધણી બનવા માટે સારું વાતાવરણ અને માર્ગદર્શન મેળવો ! ! !

મોતી ભાંગ્યુ સારતાં, મન ભાગ્યું કુ–વેણ;
ઘોડો ભાગ્યો ઠેકતાં, રહી જાએ છે કહેણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપધાન તપમાં ખાસ યાદ રાખો

- ક્રિયામાં મૌન રાખવું
- કોઈની નિંદા સાંભળવી નહિ.
- પોતાની ફરજનું સતત ધ્યાન રાખવું.
- ગુરૂ આજ્ઞાનું બહુમાન કરવું.
- ઊપવાસ = ઘરનું ઘર.
- આયંબિલ = ભાઈ બંધનું ઘર
- એકાસણું = દુશ્મનનું ઘર.

ઉપધાન તપ એટલે ?

- ત્યાગ–તપ-સંયમની ત્રિવેણીમાં જીવન નિર્મલ કરવું.
- શ્રાવક જીવનની મંગલ દીક્ષા.
- સંસારની મોહમાયાથી છૂટવા માટેની પૂર્વ તૈયારી.
- વીતરાગ પ્રભુના શાસનની વફાદારીનો અભ્યાસ.

શિખામણ અને દવા આપવી સહેલી છે ગમવી કઠણ છે.
મનને હાથમાં રાખે તે મહાપુરૂષ.

દુર્જનની પ્રીતિ બુરી, ભલો સજ્જનનો ત્રાસ;
જબ સૂરજ ગરમી કરે, તબ બરસનની આશા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાંતિથી વાચો...... **યાદ રાખો......**

○ ક્રિયામાં પ્રમાદ ન કરો.

○ દરેક ક્રિયા વિધિપૂર્વક કરો.

○ પૌષધ–સયંમી–જીવનની વાનગી.

○ ઉપધાન વાળાની રહેણી—કરણી બોલવું વિગેરેમાં જયણા હોવી જોઇએ.

○ જીભ એક કાન બે કેમ ?
બોલો ઓછું સાંભળો વધારે ! ! !

卐

ઉપધાન તપ એટલે ?

● ત્યાગ—તપ—સંયમની ત્રિવેણીમાં જીવન નિર્મળ કરવું.

○ જીવનમાં વિવેકની પ્રતિષ્ઠા.

○ બેફામ દોડી રહેલ મન–ઘોડાને માટે લગામ.

○ વિધિનો ખપ અને અવિધિના ત્યાગ માટે તત્પરતા ક્રિયાઓને સફલ બનાવે છે.

卐

દુર્જન મુખમાં દુર્વચન, સજ્જન મુખ મીઠાશ;
હોય સુગંધી બાગમાં, ગંધાતો સંડાશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપધાન તપ એટલે ?

૦ જીવનશુદ્ધિ માટે જરૂરી જ્ઞાન—સંયમ—તપનો સુંદર સમન્વય.

૦ કર્મબંધનના ત્રણ મુખ્ય કારણો.

અજ્ઞાન	અવિરતિ	વાસનાની ગુલામી
↓	↓	↓
જ્ઞાન	સંયમ	તપ
	↓	

આ ત્રણ સાધનોથી કર્મ તોડવાના બળની કેળવણી.

ઉપધાન તપ એટલે ?

૦ સંયમ એટલે—

પાંચ સમિતિ—

ત્રણ ગુપ્તિનું પાલન.

૦ ઉપધાન તપમાં સંસારી રીતભાત પંકચર પડે છે.

૦ ઉપધાન વાળાએ સ્વછંદ–ભાવને જરૂર દુર કરવા જોઇએ

ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઔષધ સેવે શું થશે ? પળાય નહિ જો પથ્ય.

P. P. Ac. Gunratansuriji M.S.　　Jin Gun Aaradhak Trust

ઉપધાન તપ એટલે ?

- વાસનાઓની ગુલામીમાંથી છૂટવાનો રાજમાર્ગ.
- શ્રાવક જીવનને સંસ્કારી બનાવવાની કુંચી.
- વિવેકની ભૂમિકાપર ત્યાગ—સંયમની ઈમારતનું ચણતર.
- જિનશાસનની વફાદારીની કેળવણી.
- આહારની લાલસા સઘળા રોગોનું કારણ છે.
- દવા લઈને તપ કરવાથી ભાડુતી–ઘરેણાથી શોભા વધારવા જેવું છે.
- વિધિપૂર્વક ક્રિયા કરવી.

ધર્મની ક્રિયા કયારે ફલે ?

નીચેના ચાર દોષો છોડવાથી ધર્મની ક્રિયા જરૂર ફલે છે.

દગ્ધદોષ = ક્રિયામાં વિધિ–શાસ્ત્રમર્યાદાનું બહુમાન રાખવું.

શૂન્યદોષ = ક્રિયામાં ઊપયોગ–શૂન્ય બનવું.

અવિધિદોષ = ક્રિયામાં સ્વચ્છંદ રીતે મરજી મુજબ વર્તવું.

અતિપ્રવૃત્તિ દોષ = ક્રિયામાં ગુરૂ આજ્ઞા કરતાં પોતાની બુદ્ધિનું ડોલાણ કરવું.

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ;
આવ્યા પછી જો જાય તો, જાય સમૂળું સુખ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

• જ્ઞાનીઓના વચનો મુજબ જીવન સંયમી બને ત્યારે ધર્મ ક્રિયા સફલ થઈ કહેવાય.

શ્રી ઉપધાન તપની આરાધના એટલે ?

○ વર્તન અને વાણીમાં રહેલ અંતરને ઘટાડવાનો પ્રયત્ન.

○ નાના-મોટા જીવમાત્રની જયણા પાળવા માટેનો આદર્શ પ્રયત્ન.

• તીર્થંકર પ્રભુની આજ્ઞા પ્રમાણે જીવન-શુદ્ધિની કેળવણી.

* ધર્મ ક્રિયામાં બેદરકારી એટલે હૈયામાં ધર્મપ્રતિ આદર-ભાવની ખામી.

* ધર્મની ક્રિયામાં અવિધિ ચલાવવી એટલે અંતરથી ધર્મની ઓળખાણની ખામી.

શ્રી ઉપધાન તપની માળ એટલે ?

○ જીવનમાં પરમાત્મા વીતરાગ પ્રભુની આજ્ઞાને ઊતારવાનો દૃઢ પ્રતિજ્ઞા.

○ ત્યાગ—સયંમને પ્રવિત્ર જીવન પદ્ધતિને અપનાવવા માટેની દઢ સંકલ્પ.

○ સ્વેચ્છા પૂર્વક વાસના પર વિજય મેળવવા સંપૂર્ણ તૈયારી.

ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નવનિધ;
ધર્મ પંથ સાધ્યા થકી, સફલ સિદ્ધિ સાંમધ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

* વીતરાગ પ્રભુના ચરણે ચઢેલી પુષ્પમાળા આજ્ઞાના પ્રતિક રૂપે-શિરોધાર્ય કરવાની શાસ્ત્રીય-પદ્ધતિના સ્મારક રૂપે. શ્રી ઉપધાનની માળ છે.

પાપોની આલોચનાનું રહસ્ય

o વીતરાગ પ્રભુના શાસનની ક્રિયાઓની વિધિપૂર્વક આચરણા જ્ઞાનીઓની નિશ્રાએ કરવાથી આંતરિક ભાવ-શુદ્ધિની કેળવણી થાય છે.

શ્રી ઉપધાન તપ બીજું અઢારીયું
શ્રી-પ્ર-તિ-ક્ર-મ-ણુ-શ્રુ-ત-સ્કં-ધ

પ્રતિ = પાછા, ક્રમણ = ફરવું [પાપો માંથી]

એટલે - હૈયાની નિખાલસતા સાથે જ્ઞાની-ગુરૂના ચરણોમાં પાપોની આલોચના કરી આત્મશુદ્ધિનો પ્રયત્ન.

પાપ = શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞાથી વિરુદ્ધ પ્રવૃત્તિ.

卐

ધર્મ વિના સુણ જીવડા, તું ભમીઓ ભવ અનંત;
મૂઢ પણે ભવ તેં કીયા, ઈમ બોલે ભગવંત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપોની આલોચનાનું રહસ્ય

૦ વીતરાગ પ્રભુના શાસનની ક્રિયાઓની વિધિપૂર્વક આચરણા જ્ઞાનીઓની નિશ્રાએ કરવાથી આંતરિક ભાવ શુદ્ધિની કેળવણી થાય છે.

......ઉપધાનની માળનું મહત્વ......

૦ દોઢ મહિના સુધી જ્ઞાની ગુરૂની નિશ્રાએ ત્યાગ-તપ-સંયમના સમન્વય જીવનને પાપવૃત્તિઓ અને અશુભ વૃત્તિઓથી અળગા રહેવાની આજ્ઞામાં સ્થિર કરવાના પ્રયત્નની સફલતાને વધુ દૃઢ કરવા માટે પ્રભુ-ચરણે ચઢેલી પુષ્પની માળા પ્રભુ આજ્ઞાને શિરોધાર્ય કરવાના ભાવ સાથે પહેરવાના પ્રાચીન રિવાજના પ્રતિક રૂપે ગુરૂમહારાજના વરદ હસ્તે મંત્રેલી માળા પહેરવાની છે.

તેથી તે માળા દેવદ્રવ્ય કહેવાય, પહેરવાની ભલે, આપણે પણ પ્રભુની આજ્ઞાના સ્વીકાર રૂપે પ્રભુ ચરણે ચઢેલ ફૂલની માળાના પ્રતિક તરીકે પહેરવાની માટે તે દેવદ્રવ્ય,

---

ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ;
જ્યોં જ્યો પંચ ઘટાઇએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૦ તેથી માળા સાથે અષ્ટ-પ્રકારી પૂજાનો સામાન પણ બીજા થાળમાં લાવવો જરૂરી છે.

૦ દેવદ્રવ્ય રૂપે તે માળ પહેરી ફોટો પડાવાય નહીં.

૦ **માળા લાંબો સમય પહેરાય નહીં,** ક્રિયા પુરી થાય કે તુર્ત વાજતે-ગાજતે દેરાસરે લાવી પ્રભુના દરબારમાં ગભારાના કાયદેસર ચઢાવી દેવાની **માળા ઘરમાં ન રખાય.**

૦ માળા પહેર્યા પછી શ્રાવકના જીવન ને લજવનાર હોટલ, નાટક, સીનેમાં, ધ્રુમપાન, અભક્ષ્ય પદાર્થો સાત વ્યસન આદિ મોટા પાપો બંધ કરવા જરૂર વિવેક રાખવો.

૦ રાત્રિ ભોજન, લૌકિકતહેવારો (હોળી, બળેવ, દિવાલી) આદિ પર પણ પ્રતિબંધ જરૂરી છે.

પઢના લીખના ચાતુરી, એ સાવે વાતો સ્હેલ;
કામ દહન મનવશીકરણ, આતમ ધ્યાન મુશ્કેલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતરાત્મદષ્ટિબલે વિવેકી બનેલ ભવ્યાત્માની પ્રાર્થના

" अरिहंते सरणं पवज्जामि "

પ્રભો !

હું તમારા શરણે આવ્યો છું !
મારું જીવન વિવેકશૂન્ય બની રહ્યું છે
માયા અને લોકપ્રવાહની
મારા પર જાદુઇ અસર થઇ રહી છે,
જીવનના વાસ્તવિક માર્ગને ભૂલી–
મન
આજે વિવેકભ્રષ્ટ બનતું જાય છે,
હું નિકળ્યો હતો–
–જીવનની સાધના કરવા–
–જીવનને ઉચ્ચ બનાવવા–
–જીવનના મર્મને પામવા,
પણ–આજે........
આજ તો હું અવનતિની ગર્તા ભણી ખેંચાઈ રહ્યો છું.
સમજ પડતી નથી કે !

સજ્જન દુર્જન જાણીયે, જબ મુખ બોલે વાણ;
સજ્જન મુખ અમૃત ઝરે, દુર્જન વિષની ખાણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ વિપરીત આકર્ષણ કેમ ?
એક ધ્યેયનિષ્ઠ જીવનને આ દ્વિધા કેમ ?

પ્રભો !

તારી કૃપાથી જાગતો આત્મા
ઊંઘતા મનને ચુંટલી ભરે છે ને–
ઊંઘતા મનને જાગૃત કરે છે.

પણ–

–મનની નિદ્રા ગાઢ છે, એ જાગતું નથી,
ઊંઘમાં જ પોતાનું ગાડું હાંકે રાખે છે !

અરે ! આજ તો આ ગાડું ખીણની કોર પર આવીને ઊભું છે.

ભગવાન્ !

ભલા ઓ ભગવાન્ !

–મને રક્ષ ! મને સહાય કર !

–મારા આત્મા પર છવાયેલી મોહની જાળ કાપી નાંખ !

નહિંતર–

મારી જે સ્થિતિ થશે–
–તે જગતના માનવીથી જોઇ પણ નહિં જોવાય !
મારી સ્થિતિ જોઈ જગત્ હસશે નહિં–પણ રડશે!
એવી ભયંકર કરુણ સ્થિતિમાં ન મુકાઉં–
તે પૂર્વે ઉગારી લે પ્રભો !–

સ્ત્રી પીયર, નર સાસરે, સંજમીઆ સુવિલાસ;
પળ પળ થાયે અળખામણા, જો માંડે થિર વાસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

—મારા પર પ્રેમ—કરુણા કર !

તારી કરુણાભરી દૃષ્ટિના બળે જ મારું મન જાગી ઉઠશે ?

અને—ખીણમાં ગબડતું અટકી જશે !

હવે વાર શા માટે ?

અનાથ છું. ! અશરણ છુ ! એકલો છું !

પ્રભો !

કોઇ નથી મુજ રક્ષક ! કોઈ નથી મુજ સહાયક !

કોઈ નથી મને આશ્વાસન આપનાર !

અને—કો'ક વાચાલતાથી આશ્વાસન આપવા તૈયાર થાય

તો—મને એના વચન પર શ્રદ્ધા નથી !

અપૂર્ણના વચન પર પૂર્ણ શ્રદ્ધા કેમ રખાય ?

તારે આધારે ! માત્ર તારે જ આધારે !

—હું આ એકલવાયો પંથ ખેડું છુ !

બસ ! હવે તારી કૃપાદૃષ્ટિનો સહકાર નહિં મળે—

—તો માનીશ કે—હવે મારૂં આવી જ બન્યું છે !

—શક્તિ ખૂટી છે !

—અશક્તિ વધી છે !

—વધારે બોલાતું નથી !

—વિનંતીઓ થતી નથી !

મોહ વિકલ એ જીવડું, પદ્ગલ મોહ અપાર;
પણ ઈતનો સમજે નહિ, ઈણિમેં કછુ ન સાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

-જીભ તાળવે ચોંટે છે !
-ભય ભયંકર છે !
-હાડ ધ્રૂજી રહ્યું છે !
-ગાત્રો ગળી રહ્યા છે !
-ડોળા તરવાઈ રહ્યા છે !
-પસીનાથી શરીર ભીંજાઈ ગયું છે !
-અર્ધ-ચેતનાવાળો પડ્યો છું !

છતાં

-તારા પર મને પૂર્ણ-અસીમ શ્રદ્ધા છે !
-તારા પુનિત શરણે આવી પહોંચ્યો છું !
-સમર્પણભાવની વિશિષ્ટ માત્રા લઈને આવ્યો છુ !

હવે !

-તારી મરજી પડે તેમ કર !
-મારે હવે મારા સંબંધી કશું કહેવું નથી !
-ઉગારવો હોય તો ઉગારજે !
-મારવો હોય તો મારજે !

પણ-
અરમાનોની મારી દુનિયા સળગી ન ઉઠે-
-તેનું ધ્યાન રાખજે !
-હાલ તો મારો જીવનમંત્ર એ જ છે કે-

ઘર ઘર બાજા ન બજે, કહત પુકાર પુકાર;
પ્રભુ વિસારે પશુ મળે, પડત ચામ પર માર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" अरिहंते सरणं पवज्जामि "

"संबुज्झह किं न बुज्झह"

મોહજન્ય બુદ્ધિ-વિપર્યાસના બળે માની લીધેલ પૌદ્ગલિક-ઉન્નતિના શિખરે રહેલ ભવ્યાત્માને માર્મિક ઉદ્બોધન

મિત્ર ! મિત્ર ! ! ન ફુલા ! ! !
જરા વિચાર કર !

આજનું સુખ જોઇ તું મનમાં મલકાય છે,
તારા વૈભવો જોઈ-
-તું પ્રસન્ન બને છે
-હર્ષથી નાચે છે
-આનંદમાં નાચે છે.

પણ, ભાઈ ! જરા ગંભીર બની વિચાર કર !

-આ સુખ સદા રહેવાનું છે ?
-આ વૈભવ નિત્ય ટકવાનો છે ?
-આ સાધનો તને શાશ્વત-શાંતિ આપવાના છે ?

અરે ! કેમ ભૂલી જાય છે તું !
ઘણીવાર તો સુખના એક જ ડગલા પછી-
ભયંકર દુઃખ તારી વાટ જોઇને ઊભું હોય જ છે !

માત્ર ! એક જ પળ પછી એ તને-

કુણ આપણો કુણ પારકો, કુણ વરી કુણ મિત્ત;
રાગ દ્વેષ ટાળી કરી, ધર સમતા, એક ચિત્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અણધારી રીતે ભેટવા ઉત્સુક બનીને ઊભું હોય છે ।

અને-

એનો ભેટો થતાં જ—

–તારાં આ સાધનો કયાં ચાલ્યા જશે?
–એની તને ખબર પણ નહિં પડે !
–તારાં સુખનાં સ્વપ્ન સળગી જશે !
–અરમાનોની સૃષ્ટિ નષ્ટ થશે !
–આનંદની દુનિયા ઊડી જશે ।
–આશાના મીનારા ઓગળી જશે ।

અને

–દુઃખના પર્વતો તારા ઉપર તૂટી પડશે ।
–વિપત્તિની રાત્રિ તારી ચારે બાજુ છવાઈ જશે ।
–તારી નજર કયાંય નાંખી નહીં પહોંચે !
–તું ઊભો પણ નહીં થઈ શકે !
–તારી સાથે ગેલ કરનારા મિત્રો અદૃશ્ય થશે ।
–વાતો કરનારા ખસી જશે,

માત્ર–

–દુઃખ તારો સાથીદાર બની રહેશે;

માટે

મિત્ર !

જરા મારા નમ્ર નિવેદન પર વિચાર કર !

દેખત સબ જગ જાત હે, થિર ન રહે કોય;
એવું જાણી ભલું કીજીયે, હૈયે વિમાસી જોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને–

આ પછી–

તું જે રીતે પાગલ બન્યો છે,
–એ ઘેન ઉતાર ! ને સ્વસ્થ થઈ વિચાર કર !
તું જે દોરી પર નાચી રહ્યો છે–
–તે કાચા સૂતરની છે,
–એને તૂટતાં વાર નહિં લાગે,

અને

–એ દોરી તૂટશે એટલે–
–તને જોઈ ખુશ થનારા–
–તાલીઓ વગાડનાર–
–એક મંદ–સ્મિત કરી ચાલતા થશે !

કહેશે કે– "કેવો મૂર્ખો ?
ખૂબ નાચતો હતો ?
પાગલ બનીને કૂદતો હતો ?
પણ–એટલું ય ભાન ન રાખ્યું કે–
–એ દોરી કાચા સૂતરની હતી ! ! !"
એ જોનાર આટલા શબ્દો બોલી ખસી જશે !

પણ–

તારું શું થશે ?–
તેની તને કલ્પના છે ?

જે વચને પર દુઃખ હુવે, જેહથી થાય પ્રાણીઘાત;
કલેશ પડે નિજ આત્મા, તજ ઉત્તમ તે વાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

–તારાં તો હાડકાં ભાંગી જશે !
–અપંગ બની જઈશ !
–ટળવળીને મરવું પડશે !
માટે–
' જરા ચેત ' ! ચેત ! ચેત ! જરા ચેત '
ઓ ! અનંતના પ્રવાસી !
જરા ચેત !!!

ચેતવામાં જ સાર છે !

શું ! તેં સાંભળ્યું નથી ? સદ્‌ગુરુના મુખેથી
કે–"सबुज्झह ! किं न बुज्झह !
संबोही खलु पेच्च दुल्लहा"

–કે જે–અવસર્પિણીના ત્રીજા આરાને છેડે આદ્ય–તીર્થંકર **શ્રી ઋષભદેવ** પરમાત્માએ સાંસારિક અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ આપ્યો હતો—

અને

જેનું પુનરુચ્ચારણ આજથી અઢી હજાર વર્ષ પૂર્વે પ્રભુ **મહાવીર** ભગવંતે **શ્રી સૂયગડાંગ** સૂત્રના બીજા અધ્યયનની પ્રથમ ગાથામાં કરેલ

આ મહાવાક્યનો ગહન વિચાર કર !
અને
સવેળા ચેતી જા ! ચેતી જા !

ઇચ્છાથી નવી સંપજે, શોચે વિપદ ન જાય;
પણ અજ્ઞાની જીવને, કર્મ બંધ બહુ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust